2008-04-08 -Naam Smaran (940)




realpatidar.com
ૐ
નામ સ્મરણ
realpatidar.com


ૐ શ્રી નિષ્કલંકી નારાયણ
મહાપ્રભુજી

અખંડાનંદની કૂચી

નામસ્મરણ

અખંડાનંદની કૂચી

નામસ્મરણ

Akhandanandni Kuchi
NAMSMARAN

પ્રકાશક :

મુખી શીવદાસભાઈ કાનજીભાઈ પટેલ
મુ. દહેગામ, જિ. ગાંધીનગર, (ગુજરાત)
મો. ૯૪૨૭૦ ૫૨૪૧૩

સાથ સહકાર :

કરશનભાઈ મેઘજીભાઈ ઘોઘારી
પુના (મહારાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ :
૭ એપ્રિલ, ૨૦૦૮

કિંમત : રૂા. ૧૧.૦૦

: Design :
Atul S. Rana

પ્રસ્તાવના

પ્રભુનું નામ એ બહુ મોટું નામ છે. અને બહુ ઉત્તમ નામ છે. સૌ લોકો કુદરતી રીતે જ એમ ઈચ્છે છે કે, અમોને પ્રભુનું નામ મળી જાય તો સારું. માટે હવે આપણે એ જાણવું જોઈએ કે, પ્રભુનું નામ એટલે શું ? અમોને તો આપણા પવિત્ર શાસ્ત્રોની મારફત એક મહાન સંત શ્રી રામદાસ બાપુએ એમ શીખવેલું છે કે,

ભગવદ્ ઈચ્છાને આધીન થઈ બ્રહ્માર્પણ વિધિથી રૂડી રીતે દુનિયાદારીની પોતાની ફરજો બજાવવી, પોતાના ધર્મના ઉત્તમ નિયમો સમજવા, સમજાવવા, તથા પાળવા, સર્વ શક્તિમાન અનંત બ્રહ્માંડના નાથનાં મહા મંગળકારી પવિત્ર નામનું જેમ બને તેમ વધારે સ્મરણ કરવું. દરરોજ ઈશ્વર પ્રાર્થના કરી આપણા અપરાધોની ખુલ્લા દીલે નમ્રતા પૂર્વક પ્રભુની માફી માગવી, આપણા ભાઈબંધોને આપણા આત્મા તુલ્યગણી તેમની ભૂલો માફ કરવાની તથા સુધારવાની કાળજી રાખવી, મન વચન કે કર્મથી કોઈ પણ જાતનું પાપ નહીં થઈ જાય તેની સંભાળ રાખવી, સત્સંગમાં પ્રેમ રાખવોને હરિજન ઉપર હેત રાખવું, મોત તથા ધર્મ રાજાના ઈનસાફને યાદ કરી મોજમજાની વૃત્તિને કાબુમાં રાખી દુનિયાંદારીની આસક્તિ ઓછી રાખવી, પૂર્ણ શ્રદ્ધાથી ભક્તિ માર્ગ કે જ્ઞાન માર્ગમાં લાગી જઈ ઈશ્વરી રસ્તામાં આવી જવું, જેમ બને તેમ અંતરમાંથી ચોખા થઈ દુનિયાંમાં સત્ય ધર્મ વધે એવાં કામો કરવાં, આપણું હૃદય ભગવદ્ આવેશથી ભરેલું રાખવું, અને તનથી મનથીને ધનથી તથા મન વચનને કર્મથી જ્યારે બને ત્યારે અને જેટલો બને એટલો પરમાર્થ કરવો, તથા સદા સર્વદા સર્વ ઠેકાણે મહાન પ્રભુનાં પવિત્ર નામનો જયજયકાર થઈ રહે એમ વર્તવું તેનું નામ પ્રભુનું નામ. એ સિવાય એ કરતાં વધારે સારી બીજી કોઈ વસ્તુ નથી.

ૐ

વેદ દર્શન

ૐ

। શ્રી યુગાત્મને નમઃ ।

नमोऽस्तवनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशीरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः ।

હે ધર્મપ્રેમી સજ્જનો જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે સંસારની નિવૃત્તિ થાય છે. પ્રકૃતિની સર્વ રચનાઓનો નાશ થાય છે. ત્યારે સૃષ્ટિ પરના ઉત્તમ વિચારશીલ, સત્વગુણી, બુદ્ધિવાળા મનુષ્યો, નિષ્કામ ભક્તિ દ્વારા ઈશ્વરના સ્વરૂપને પામે છે. અને રજોગુણી પ્રકૃત્તિવાળા મનુષ્યો, બ્રહ્માજીની એક રાત્રીની સમયાવધી સુધી વાસના શરીરમાં રહે છે. જ્યારે તમોગુણી પ્રકૃત્તિ ધરાવતાં મનુષ્યો નર્કની સજા ભોગવે છે. જ્યારે બ્રહ્માજીનાં દિવસનો ઉદય થાય છે. ત્યારે સૃષ્ટીની ફરીથી રચના કરવામાં આવે છે. ત્યારે દરેક જીવોને, તેમનાં કર્મો પ્રમાણેની યોનિ ચારે ખાણમાં પ્રાપ્ત થાય છે.

સર્વ જીવયોનિમાં મનુષ્યયોનિ સર્વોત્તમ અને દુર્લભ છે. જીવાત્માને મોક્ષગામી બનાવવા માટે, મોક્ષના અધિકારી બનાવવા માટે, સદ્‌ગુરૂ બ્રહ્માજીએ મનુષ્યયોનિનું નિર્માણ કર્યું છે. આ મહાન કાર્યની સાધનાને માટે સદ્‌ગુરૂ બ્રહ્માજીએ વેદ ધર્મનો ઉપદેશ મનુષ્ય માટે સુલભ બનાવ્યો છે. વેદનો મૂળ ઉપદેશ પુરૂષાર્થનો છે, વેદોક્ત પુરૂષાર્થ ચાર છે : ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

(૧) ધર્મમય જીવન જીવવું.
(૨) ધર્મજ્ઞાઓને અનુસરીને અર્થોપાર્જન કરવું.
(૩) ધર્મજ્ઞાઓ અને તેના ઉદ્દેશ અનુસાર કામ એટલે કે ઈચ્છાઓની નિવૃત્તિ કરવી.
(૪) ધર્મને માર્ગે જીવન જીવવા માટેના અધિકારી બનવું.

આમ વેદોક્ત ચારે પુરૂષાર્થને ધ્યાનમાં રાખીને, ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે પ્રબોધેલા સ્વધર્મ અનુસાર કર્મો કરવા રૂપ જે અખંડ યજ્ઞ કરે છે, તેને તે કર્મ બંધનરૂપ થતું નથી, આવા જીવાત્માઓ દેહોત્સર્ગના સમયે સાહજિક રીતે મોક્ષને પામે છે. આ પ્રમાણે વેદોક્ત ધર્મનો મર્મ સમજીને, જે કોઈ તેનું આચરણ કરશે તો તેના મનોરથો સહજમાં પૂર્ણ થશે. વેદોક્ત ધર્મમાં દેવગણની પૂજા અગ્રિમ કર્મકાંડ છે. પૂજા-યજ્ઞથી દેવો પ્રસન્ન થાય છે. તેથી ચતુર્થ વેદ એવા અથર્વવેદમાં પ્રબોધેલી પૂજા-વિધિ, જે વાસ્તવમાં મહાયજ્ઞ છે, અને વારિયજ્ઞને નામે ઓળખાય છે, તે પૂજા વિધિ અનુસાર યજ્ઞ કરવાથી દેવો પ્રસન્ન થાય છે. અને તેમની કૃપાની વર્ષા ભક્તો

પર કરે છે પરિણામે વરસાદ વરસે છે અને જગતમાં ધન-ધાન્ય વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોમાં અરસ-પરસ પ્રેમભાવ અને ભક્તિ તથા ત્યાગ ભાવના વધે છે. મનુષ્યોની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. હે પ્રેમી સજ્જનો, આ સતપંથ ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે.

अन्य कृतयुगे धर्मास्त्रेतायां द्वापरे युगे ।
अन्ये कलियुगेनणां युगरुपानुसारत ः ॥

पा.स्मृ. अ १ म २२

ભાવાર્થ -સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં ધર્મ નોખા નોખા હતા અને કળિયુગમાં પણ પુરુષોના ધર્મ અન્ય જ છે. યુગના સ્વરૂપાનુસાર પુરૂષોના ધર્મ થાય છે.

પ્રથમ સતયુગમાં શ્રીબાઈ પ્રજાપતિ મહાન નિજારી સંત હતાં તેઓશ્રી આ સતપંથ મહાધર્મનું પાલન કરતાં હતાં. સળગતા નીભાડામાં ફસાયેલાં બિલાડીના બચ્ચાંને બચાવવાને માટે, તેઓશ્રીએ, પોતાના ધર્મને અનુરૂપ દેવોને પ્રાર્થના કરી, સ્વયં નારાયણે પ્રસન્ન થઈ નીભાડામાંથી બચ્ચાંને ઉગાર્યા અને મહાધર્મ પાલનની શક્તિ તેમ જ તે દ્વારા થતી ઈશ્વર-કૃપાનું પ્રહલાદજીને સાક્ષાત દર્શન કરાવ્યું. આમ હિરણ્યાકશિપુ-સુત પ્રહલાદજીને મહાધર્મી બનાવ્યા. ભક્ત પ્રહલાદજીએ મહાધર્મનું પાલન કરતાં કરતાં પોતાના પિતા તરફથી અનેક દુઃખો સહન કર્યા પણ મહાધર્મ ન છોડ્યો અંતે તેમને ધગધગતા લોહ સ્તંભ સાથે ભેટવાની સજા થઈ. તેઓ ભેટ્યા અને ભેટતાંની સાથે જ સ્તંભ ફાટ્યો. તેમાંથી સ્વયં નારાયણ દેવ નરસિંહરૂપે પ્રગટ થયા. હિરણ્યાકશિપુનો સંહાર કર્યો અને પોતાના મહાન ભક્ત પ્રહલાદજી દ્વારા પાંચ કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો. જગતમાં ધર્મની ધજા ફરકતી રાખી.

સતયુગમાં શ્રીજીના ચાર સ્વરૂપ થયાં (૧) શ્રી મત્સ્ય (૨) શ્રી કૂર્મ (૩) શ્રી વરાહ (૪) શ્રી નૃસિંહ. ચાર ભક્તો (૧) રૂષમાગત (૨) અમરિષ (૩) ધ્રુવ (૪) પ્રહલાદનો ઉદ્ધાર કરી પાંચ કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો.

नारसिंह वपु कृत्वा, यस्त्रेलोक्य भयंकरम् ।
हिरण्याकशिपु जघ्ने सिंहात्मने नमः ॥ (४)

પંચરત્ન ગીતા

ભાવાર્થ- જે પરમાત્માએ ત્રણે લોકને ભય આપનારું એવું નરસિંહરૂપ ધારણ કરીને હિરણ્યાકશિપુનો નાશ કર્યો હતો તે નૃસિંહાવતારને હું નમસ્કાર કરું છું.

આ ભક્તોએ ઋગ્વેદનો મહાવાયક સ્વીકારી, જપ, તપ, સ્મરણ, ઉપાસના દ્વારા અલખની આરાધના કરી, શ્રી અવિનાશી પરમાત્માના અખંડ આનંદની પ્રાપ્તિ

કરી. બીજા ત્રેતાયુગમાં શ્રીજીએ ત્રણ સ્વરૂપ ધારણ કર્યા. (૧) શ્રી વામન (૨) શ્રી પરશુરામ, અને (૩) શ્રી રામ. આ ત્રણ યુગમાં શ્રીજીએ વિવિધ રૂપ ધારણ કરી ત્રણે ભક્તોનો ઉદ્ધાર કર્યો. (૧) ભક્ત કમળાપતિ (૨) ભક્ત કમળધ્વજ અને (૩) ભક્ત હરિશ્ચન્દ્ર વગેરે ભક્તોનો ઉદ્ધાર કરી સાત કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો. ત્રેતાયુગના અંતિમ ચરણમાં શ્રી રામજીએ મહાદાનવ એવા રાવણનો સંહાર કર્યો. યજુર્વેદી મંત્રોનું પ્રવર્તન કર્યું. દેવોને મુક્ત કર્યા અને પૃથ્વી પરથી પાપનો ભાર ઉતાર્યો.

ત્રીજા દ્વાપર યુગમાં શ્રીજીએ બે સ્વરૂપ ધારણ કર્યા. (૧) શ્રી કૃષ્ણ (૨) શ્રી બુદ્ધ. જેણે કૃષ્ણ સ્વરૂપે ભક્ત વિદુરજી અને ભક્ત યુધિષ્ઠિર રાજાનો ઉદ્ધાર કર્યો, અને નવ કરોડી જીવોને માયાના બંધનમાંથી મુક્તિ અપાવી હતી. શ્રી કૃષ્ણ પરમાત્માની અનેક પ્રકારની સાકાર ભક્તિથી અનેક ભક્તોનો ઉદ્ધાર થયો છે.

અંતે આ અંતિમ યુગ એવા કળિયુગમાં, અતિશય પાપ વધવાથી ને ધર્મની હાનિ થવાથી, પાપનો નાશ કરવાને માટે તેમજ ધર્મની સ્થાપના કરવાને માટે તથા સતયુગનું નિર્માણ કરવાને માટે પરમાત્મા સાકાર સ્વરૂપ એવા શ્રી નિષ્કલંકી સ્વરૂપે પૃથ્વી પર આગમન કરશે. શ્વેત અશ્વ ઉપર આરૂઢ એવા શ્રી નિષ્કલંકી નારાયણના હાથમાં સાડાત્રણ હાથ લાંબુ એવું તલવારનું શસ્તંર હશે - એવો શાસ્ત્રોનો મત છે.

हनिष्यंति कलेरंते म्लंच्छोतुरगवाहन :।
धर्मसंस्थापनार्थाय तस्मै कल्कयात्मने नमः ॥

પંચરત્ન ગીતા - ૧૦

ભાવાર્થ -ધર્મની થયેલી હાનિ પછી, તેના પુનઃ સ્થાપનને માટે કળિયુગને અંતે, અશ્વારૂઢ થઈને, જે અધર્મીઓના નાશ કરશે તે કલ્કિ અવતારને હું નમસ્કાર કરું છું.

તેથી હે ધર્મ પ્રેમી સજ્જનો, ! ભક્તોને માટે શ્રીજીએ યુગે યુગે અવતારો ધારણ કરી, પોતાની અમર લીલા બતાવી છે અને પ્રત્યેક યુગમાં અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરી છે. માટે જીવનાન્તે પણ ધર્મનો ત્યાગ કરવો નહિ.

न श्रातु कामात् भयान् लोभात्,
धर्मत्यजते जीवीत श्यापि हेतोः ।
धर्म नित्यः सुखे-दुःखे त्वनितय
जिवो नित्य हेतुरस्य त्वनित्यः ॥

ભાવાર્થ -કોઈપણ સંજોગોમાં, કામનાથી, ભયથી, લોભથી કે જીવ બચાવવાના હેતુથી પણ ધર્મનો ત્યાગ કરવો નહિ. કારણ કે ધર્મ નિત્ય-સનાતન છે, સુખ-દુઃખ અનિત્ય છે, થોડા વખતનાં છે. વળી આત્મા અમર છે. અને આ સંસારનું કારણ માયારૂપ અનિત્ય છે.

જેમ રામાયણમાં કાક ભૂસંડી ઋષિએ ગરૂડજીને કળિયુગનો મહિમા બતાવ્યો છે, જેમ મહાભારતમાં મહર્ષિ વ્યાસજીએ કળિયુગની કથા વર્ણવી છે, તેજ રીતે આજ વર્તમાન યુગમાં ભગવાન રામદેવજી, સંત તુલસીદાસજી અને આપણા ઈષ્ટદેવ સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે પણ પોતાના કથેલાં શાસ્ત્રોમાં કળિયુગની કથાનું અને તેના ભાવિનું સચોટ વર્ણન કર્યું છે. આપણે વર્તમાન સમયમાં, સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજની ભાંખેલી ભવિષ્યવાણીને પ્રત્યક્ષ નિહાળીએ છીએ.

વર્તમાન સમયમાં કળીની સત્તા સર્વત્ર વ્યાપેલી છે. આયુષ્ય અલ્પ છે, મનુષ્યને લાખો બંધન છે. મનુષ્ય ચારે દિશાએથી જકડાયેલો-મૂંઝાયેલો છે. તેને આત્મ શાંતિનો માર્ગ સૂઝતો નથી, આમાંથી છૂટવાનો એક ઉપાય છે-યજ્ઞ કરવા અને તે દ્વારા દેવોને પ્રસન્ન કરવા, તેમની કૃપા મેળવી, ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરવી.

યજ્ઞ કરવાથી દેવો પ્રસન્ન થાય છે, સામૂહિક અને વૈયક્તિક પાપનો નાશ થાય છે, કર્મ બંધન છૂટે છે, ચિત્તની શુદ્ધિ થાય છે, અને અંતે જીવ આત્મ ભાવને પામે છે પોતાના સત્સ્વરૂપનાં દર્શન થાય છે. પરિણામ સ્વરૂપ માયાનાં બંધન છૂટે છે અને જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે છે. જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને પામી શિવમાં વિલિન થઈ જાય છે.માયાતીત, ગુણાતીત, કેવળ બ્રહ્મને ઓળખવાનો જે પુરુષાર્થ કરે તે મન, વચન, કર્મથી કોઈનું પણ અનિષ્ટ કરતો નથી. જેમ નદી સમુદ્રમાં મળ્યા પછી તેના નામનો લોપ થાય છે. તેમ જીવ, પોતાના સર્વ કર્મોની નિવૃત્તિ પછી, આત્મ-સ્વરૂપને પામી શિવમાં મળી જાય છે. શિવઅભાવનાને પામે છે. તેમ હે સજ્જનો ! ઈશ-તત્ત્વ ઓળખાવનાર મહાપુરુષને ઓળખાવવા માટે સંતો બ્રહ્મ-સ્વરૂપે અવતરે છે. આથી જ સંત કવિ પ્રિતમદાસે કહ્યું છે કે,....

સંત બ્રહ્મકો રૂપ હૈ, વામે નહીં સંદેહ,
કહે પ્રીતમ ઉપદેશકો, ધરે મનુષ્યકો દેહ.

યજુર્વેદમાં અવતારનું પ્રમાણ બતાવ્યું છે કે.....

प्रजापतिश्चरति गर्भे अन्तर जायमानो बहुधाविजयते ।
तस्य योनिम्परि पश्यन्ति धरिस्तस्मिन् हतस्थुर्भुवनानिविश्वा ॥

यजुर्वेद अं-३१ मं-१९

ભાવાર્થ -(પ્રજાપતિ) પરમેશ્વર તે ગર્ભ મધ્યમાં પ્રાપ્ત થાય છે. અજન્મા પરમાત્મા નહિ જન્મ ધારણ કર્તા થકા (બહુધા) દેવતા, મનુષ્ય રામ, કૃષ્ણ, કલ્કિ આદી રૂપથી ઉત્પન્ન થાય છે. જ્ઞાની મહાત્મા સત્ત્વગુણ પ્રધાન પુરુષ તે પરમાત્માના જન્મ કારણને જ્ઞાન ભાવથી જુએ છે. (અજ્ઞાની) જનને તે પરમાત્માના જન્મ વિદીત્ થતા નથી.) જે પરમાત્મામાં જ સર્વ (અનંત) બ્રહ્માંડ વ્યાપ્ત (સ્થિત) છે.

યુગપુરુષ સદ્દગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ તેમજ કબીરસાહેબ, ગુરૂનાનક, રામદેવજી, વગેરે અનેકાનેક મહાન સંતમહાપુરુષોએ વેદ-વેદાંતનો ઉપદેશ કરી, અજ્ઞાની અને માર્ગ ભૂલેલાને ધર્મને માર્ગે પ્રેર્યા છે. આવા અધર્મનો માર્ગ છોડાવી, ધર્મને માર્ગે લઈ જનાર સંત પુરુષ સદ્દગુરૂ કહેવાય છે.

सद्गुरु-गुरु बहु अंतरो, जो दिवस अरुजात ।
गुरु बतावे वैकुंठ तो, सद्गुरु दे निजधाम् ॥

સદ્દગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે પ્રબોધેલું જ્ઞાન તેમજ અન્ય ગેય શાસ્ત્રો તથા ચાર વેદ એ સ્વયં શ્રી બ્રહ્મદેવની મુખારવિંદની વાણી છે કે જે વાણીને પ્રાચીન-પાવન ભારતની રમણીય અમર ભૂમિમાં થઈ ગયેલા મહાન ઋષિઓએ, તેમની સમાધિ અવસ્થામાં ઝીલી છે, અને આ સૃષ્ટીના કલ્યાણને માટે અવનિ પર પ્રસિદ્ધ કરી છે. વેદ સ્વયં પરમાત્માની વાણી છે. તેથી અપૌરૂષેય છે. આ અપૌરૂષેય વાણીનો આધાર છે. તેમાં લેશ-માત્ર પણ શંકાને સ્થાન નથી.

આથી જ શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાના શ્રીમુખની અમરવાણી ગીતા દ્વારા જગતને ખાત્રી આપી છે કે.....

यदा यदा हिं धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यम् ॥

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપનાને માટે હું યુગે યુગે પ્રગટું છું.

તો આજે આ ઘોર કળિયુગને અંતે શ્રીજી, આપણા ધ્યેય પુરુષ એવા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું રૂપ લઈને અવશ્ય તેમના ભક્તોની વહારે આવશે. જેમ દરેક ધર્મ-સંપ્રદાયના અનુયાયીઓએ તેમના ધર્મના આદેશો અને નિતિ-નિયમોના પાલનમાં યથાશક્તિ બતાવેલું છે તે જ રીતે સજજનો, સદ્દગુરૂ શ્રી ઈમામશાહ મહારાજના (શાસ્ત્રમાં પ્રબોધેલાં) આદેશો અને વચનોમાં પૂરા હશે તેને તેઓશ્રી કાળના પંજામાંથી છોડાવી, જન્મ મરણથી મુક્તી અપાવશે.

હે પવિત્ર વિચારશીલ સજજનો, આ ગ્રંથમાં દર્શાવેલા અધિકારી બનવામાટે, ધર્મના આદેશો અને નિતિ-નિયમોનું પાલન કરવું પડશે કારણ કે ધર્મ જ મનુષ્ય-જીવનને આધાર, રક્ષણ અને સાર્થકતા આપે છે.

સંપૂર્ણ

અનુક્રમણિકા

હરિ ૐ

ૐ

નારાયણ નારાયણ નારાયણ

અર્પણપત્રિકા

હે
પ્રભુ
તમે એક
છો, અખંડ છો,
અનંત છો, વ્યાપક છો,
નિર્વિકાર છો, સર્વાધાર છો,
સકળ વિશ્વના સ્વામી છો, અને
સર્વ શક્તિમાન છો. તમે સર્વ ગુણોના
નિધિ છો, તમે દયાના સાગર છો, અને
તમે અધમ ઉદ્ધારણ છો. તમારો મહિમા અ-
ગાધ છે, તમારું ડહાપણ અપાર છે, તમે રાજાઓના
રાજા તથા દેવોના પણ દેવ છો, અને તમારી અકળ
ગતિનો કોઈ પાર પામી શકતું નથી. હે મહા મંગળ
કારી અખંડ સત્‌ચિદાનંદ પરમ કૃપાળુ પવિત્ર
પિતા મહાન ઈશ્વર ! તમારા એવા ગુણોને
મ્હોટાઈમાં મ્હારું મન લય કરવા માટે
તમારી સત્ય સેવા કરવાને ખાતર
શુદ્ધ અંતઃકરણના પ્રેમથી માન
પૂર્વક હજારો હજારવાર
દંડવત સાથે આ
પુસ્તક આપને
અર્પણ
કરૂં
છું.

શીવનો દાસ

અખંડ આનંદરૂપી હરિરસમાં કેટલી મજા :

આવા પાપડ અગાઉ કોઈ દીવસ બન્યા નહોતા. આની તો કાંઈ ખુબીજ ઓર છે, અમારા પાપડ તમને ન ખપે એટલે કાંઈ ઉપાય નહીં, બાકી એતો ખાવા જેવા છે.

ભાઈઓ ! આવી રીતે આપણે અને આપણાં પાડોશીયો પ્રસંગોપાત વાતો કરીએ છીએ, અને શાકભાજી તથા અથાણાના સ્વાદનાં વખાણ કર્યા કરીએ છીએ, પણ વિચાર તો કરો કે એ બધા સ્વાદોનો જે બનાવનારો છે અને જેણે આપણને એ સ્વાદો સમજવા માટે ઈન્દ્રીયો, મન, બુદ્ધિ તથા જીંદગી આપી છે તે સર્વ શક્તિમાન આદિ અંતરહીત આનંદ સ્વરૂપ મહાન પ્રભુની ભક્તિનો - પ્રભુની સેવાનો પ્રભુના સ્મરણનો પ્રભુને અર્થે ગરીબોને આપવાનો જ્યાં પ્રભુનો મહિમા ગવાઈ રહ્યો હોય એવાહરિજનોના સત્સંગનો અને સ્વર્ગનો આનંદ કેટલોબધો મોટો તથા અલૌકીક હશે એ વિચાર તો કરો. જ્યાં દુઃખ એ શબ્દ કોઈ સ્વપ્નામાં પણ જાણતું નથી, જ્યાં ઉમરની ગણત્રી નથી. જ્યાં કાળનો ભય નથી. જ્યાં ચાલવા માટે હીરામાણેકને મોતીની જમીનો છે. જ્યાં રોગ નથી જ્યાં ભય નથી, જ્યાં ઘડપણ નથી અને જ્યાં મોત નથી પણ સદા આનંદ આનંદ ને આનંદ જ છે તથા જ્યાં પ્રભુ પોતે બીરાજે છે ત્યાં જતાં કદી પણ કરમાય નહીં એવા ફુલોથી દેવતાઓ જેને વધાવી લેશે અને દેવીઓ જેનાં ઓવારણાં લેશે, તથા અપસરાઓ જેની દાસીઓ બનશે તે મહાન પવિત્ર ભગતોનાં હરિની હજુરના સુખો કેવાં અલૌકીક હશેએ ખ્યાલ તો કરો. પછી તમારા ભાજુભૂળાની ને સેવપાપડની વાતો કર્યા કરો. એવાં અમુલ્ય સુખો, એવાં અખંડ સુખો એવાં સાચાં સુખો ભગતોને પ્રભુની ભક્તિથી મળે છે માટે જેમ બને તેમ સાચા દિલે ને સાચી રીતે પ્રભુના હુકમ પ્રમાણે પ્રભુની ભક્તિ થાય તેમ કરો. એટલે જગતનાં બધાં સુખો એની મેળે તમારી પાસે આવીને હાજર થશે. કારણ કે પ્રભુએ ગીતાજીમાં કહેલું છે કે, બ્રહ્માનંદમાં ઈશ્વરી આનંદમાં આખા બ્રહ્માંડના બધા આનંદો સમાઈ જાય છે. અહીંના જે આપણા મોટામાં મોટા આનંદો છે તે આનંદો પણ બ્રહ્માનંદના એક રૂંવાડાના આનંદની બરોબર પણ નથી

સદગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

દુનિયા છાશકું રાચી છે. સંસાર આહે છાશ તોલ રે,
દન ચારજો છાશ રાખીએ, તો કશું ના આવે મુલ રે.

ત્યારે આપણાં સ્ત્રી-છોકરાંનાં -ધનમાલનાં-ધંધારોજગારનાં ને ખાવા પીવાનાં સુખ તે શું બીસાતમાં ? માટે ભાઈઓ ! શાકભાજીના જેવાં જરાકવારનાં ખોટાં સુખમાં પડ્યા રહીને ઈશ્વરી આનંદ ગુમાવોમાં - અખંડઆનંદ ગુમાવોમાં.

ભગવદ્ ઈચ્છાને આધીન થવાની જરૂર છે :

પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમારી પાસે સાધનો ન હોય તો પણ તણાઈ તોડાઈને પણ યજ્ઞ કરો. પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમે સ્ત્રી-છોકરાંઓને રખડાવીને ત્યાગી થઈ જાઓ. પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમે શિયાળામાં બરફમાં બેસોને ઉનાળામાં અગ્નિની ધુણીયો તાપો. પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમે ઉપવાસો કરી કરીને ભુખે મરી જાઓ. પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમારા સંસાર વ્યવહારમાં પુળો મૂકી દો. પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમારા સુખના ફના ફાતીયા કરી નાંખો. અને પ્રભુ આપણને એમ નથી કહેતા કે તમે વગર કારણે રીબાઈ રીબાઈને મરી જાઓ. પણ તે પરમ દયાળુ પવિત્ર પિતા માત્ર એટલું જ કહે છે કે તમારી ઈચ્છા મને સોંપી દો એટલે કે પ્રભુની ઈચ્છામાં તમે આવી જાઓ. દુનીયાંના સર્વે ઉત્તમ ધર્મોનો સાર એજ છે, ને એમાં જ પ્રભુ રાજી છે. મોટા મોટા યજ્ઞ, બહુ બહુ બળીદાન, અને ઘણા ઘણા પ્રકારની દેહકષ્ટિએ પ્રભુ નથી માગતા પણ તે અખંડ દયાળુ પ્રભુ તો આપણું સર્વદા સુખ જ ઈચ્છે છે. ભક્તોના સુખમાંજ તે રાજી છે. તે સારું જ તેણે ભગવદ્ ઈચ્છાને આધીન થવાનો સહેલામાં સહલો ને ઉત્તમમાં ઉત્તમ ધર્મ આપણને આપેલો છે, માટે ભાઈઓ ! જમીનના ને આસમાનના માલિક, ચંદ્ર સૂર્યના બનાવનાર, કોટી સૂર્યના જેવા તેજોમય, જેની ગતિનો કોઈ પાર પામી શકતું નથી એવા પરમ દયાળુ પરમાત્માને શરણે જઈ પ્રેમથી ભગવદ્ ઈચ્છાને આધીન થવાનું બળ મેળવો.

પ્રભુની ઈચ્છા મુજબ આપણે ન ચાલીએ તો આપણને પ્રભુ ફેંકી દે છે. :

કલમનું આપણે શું કરીએ છીએ એ તમોને ક્યાં ખબર નથી ? જો તે જરાક બગડી હોય તો તેને કાપી કુપીને સુધારવા મહેનત કરીએ છીએ અને તેમ છતાં પણ જો તે ન સુધરે તો તેને તોડીને ફેંકી દઈએ છીએ કારણ કે તે આપણું હથિયાર છે, અને આપણે એ કલમનાબનાવનાર છીએ તેમ છતાં પણ આપણી ઈચ્છા મુજબ તે ચાલતી નથી માટે તેને ફેંકી દઈએ છીએ. આપણે અલ્પ જીવો જ્યારે આપણી ઈચ્છા પ્રમાણે ન થાય ત્યારે જડ કલમ ઉપર પણ એટલો બધો ગુસ્સો કરીએ છીએ ત્યારે ભાઈઓ ! વિચાર તો કરો કે આપણે તો ચૈતન્ય છીએ, બુદ્ધિશાળી છીએ, પ્રભુના નિયમો સમજીએ છીએ, શાસ્ત્રો વાંચીએ છીએ, સત્સંગમાં ભળીએ છીએ, અને આપણા અંતરમાં સદાય કુદરતી રીતે જ ભલી પ્રેરણા થતી જ રહે છે, છતાં પણ તેની દરકાર ન કરી જાગતાં છતાં પથારીમાં મુતરીએ અને દીવો લઈને કુવામાં પડીએ ! એટલે કે ભગવદ્ ઈચ્છાને આધીન ન થઈએ તો આપણા પોતાના પણ એક કલમના જેવા હાલ થાય તેમાં શું નવાઈ છે ? કલમને જેમ છોલી છાલીને તથા કાપી કુપીને સુધારવાની તક

લઈએ છીએ તેમજ પ્રભુ આપણને કેટલાક પ્રકારનાં સુખ દુઃખ આપીને પણ આપણને સુધરવાની તક આપે છે પણ તેમ છતાં પણ જો ન સુધરીએ, તો પછી છેવટ કંટાળીને આપણે જેમ કલમને ફેંકી દઈએ છીએ તેમજ પ્રભુ પણ દીલગીર થઈને અંતે આપણને નરકમાં નાંખે છે, કારણ કે જેમ આપણી ઈચ્છા મુજબના અક્ષરો લખવા સારુ આપણે કલમ બનાવીએ છીએ તેમજ પ્રભુએ પોતાની ઈચ્છા મુજબની ફરજો બજાવવા સારુ જ આપણને બનાવ્યા છે. અને તે સારુ જ આ દુનિયામાં આપણને મોકલેલા છે, માટે ભાઈઓ ! જેમ બને તેમ ભગવદ્ ઈચ્છાને આધીન થાઓ અને પ્રભુના હુકમો પાળો.

પ્રભુની દોસ્તીથી કેવો મોટો લાભ ?

શેઠની દોસ્તીથી હવે હું મારી સ્થિતિ કરતાં વધારે સારાં મંડળમાં ભેળાઈ શકું છું ગાડીઘોડા વાપરી શકું છું ખાવાપીવામાં આનંદ થાય છે. અને કાંઈ અડચણ આવી પડે તો મનમાંથી એમ હિંમતરહે છે કે શું ફીકર છે ? વખત આવ્યે શેઠ આપણને મદદ આપી રહેશે. આવા વિશ્વાસને લીધે ફીકરમાં રહેવું પડતું નથી એટલે છુટથી ઘણું કામ કરી શકાય છે એક સાધારણ શેઠીયાની દોસ્તીમાં જ્યારે આટલો બધો લાભ છે અને આટલોબધો આનંદ છે ત્યારે કોઈ મોટારાજાની દોસ્તીમાં કેટલો બધો લાભ હશે ? અને ત્યારે મહારાજાઓના પણ મહારાજા ધીરાજ, અનંત બ્રહ્માંડોના નાથ, સમર્થમાં સમર્થ કાળના પણ કાળ, સર્વ વ્યાપક સત્‌ચિદાનંદ પરમમંગળરૂપ પ્રભુની દોસ્તીમાં કેટલોબધો આનંદ હશે એ વિચાર તો કરો. શેઠીયાની દોસ્તીમાં જ્યારે બંગલો વાપરવા મળે છે ત્યારે પ્રભુની દોસ્તીમાં સ્વર્ગ કેમ નહીં મળે ? શેઠીયાની દોસ્તીમાં જ્યારે ગાડીઘોડા મળે છે ત્યારે પ્રભુની દોસ્તીમાં રિદ્ધિસીદ્ધિ કેમ નહીં મળે ? શેઠીયાની દોસ્તીમાં જ્યારે સારું સારું ખાવા પીવાનું મળે છે ત્યારે પ્રભુની દોસ્તીમાં કલ્પવૃક્ષના મનવાંચ્છિત ફળ અને અમૃત કેમ નહીં મળે ?

સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

પ્રત્યક્ષ આપણી કાયા ગોળી છે, તેમાં ગોરનર રવૈયો બાએ રે,
જો દમે દમે દેહ વલોવીએ તો પ્રભુ માખણ નયને આએ રે.

શેઠીયાની દોસ્તીથી જ્યારે શ્રીમંતોમાં ફરાય છે, ત્યારે પ્રભુની દોસ્તીથી દેવોમાં ને મુક્ત જીવોમાં કેમ નહીં રહેવાય ? અને શેઠીયાની દોસ્તીથી જ્યારે ઘણા પ્રકારની ફીકર તથા ભય મટે છે, ત્યારે પ્રભુની દોસ્તીથી અનંતકાળની અખંડ શાંતિ કેમ નહીં મળે ? અને મોતનો તથા જન્મ મરણનો ભય કેમ નહીં છુટે ? છુટશે જ. માટે ભાઈઓ ! પ્રભુની દોસ્તીમાં આવો કે જ્યાં સદા સર્વદા આનંદ, આનંદ અને આનંદ જ છે. પણ યાદ રાખજો કે પ્રભુની દોસ્તી પ્રભુને આધીન થવાથી જ થાય છે. માટે હજાર વાતની એક વાત એજ કે મહાન પ્રભુના પવિત્ર હુકમો પાળી પ્રભુને રાજી રાખવામાં જ જિંદગી ગાળો.

નાનું પાપ થઈ જવાથી મોક્ષના માર્ગમાં મોટી અડચણ આવી પડે છે :

એક નાનકડી ખીલી આડી આવી ગઈ છે તેથી ઈંજન અટકી પડ્યું છે. એમ કહી એક નાનકડી પકડથી એ ખીલ્લી ઉપાડી લીધી એટલે મીલ ચાલવા લાગી. એ નાનકડી ખીલ્લી જોઈને બધા લોકો અજબ થયા અને મીલવાળો શેઠીયો બોલી ઉઠ્યો કે ઓહો ? આટલી નાની ખીલીએ આવડા મોટાં ઈંજનને અટકાવી રાખ્યું ? ત્યારે ઈજનેરે કહ્યું કે, એ તો જરાકજ બસ છે. મોટી હોય તો સત્યાનાશ કાઢી નાંખે આટલી ભૂલ સારુ કરીને જયારે તમારે મને પાંચસો રૂપિયા ફી દેવી પડી ત્યારે જો મોટી ભૂલ હોય તો તો આવાં મોટા કામમાં લાખો રૂપિયાનાં આંધણ દેવાઈ જાય.

ભાઈઓ ! આમાંથી કાંઈ સમજયાં ? મોટી મીલ તે આપણા સ્વર્ગનાં ને મોક્ષના ધામના સુખડાં છે. હરિની હજુરમાં રહીને ભગવદ્ સેવાનો આનંદ ભોગવવો એ આપણી મીલનો નફો છે. એ મીલનો ઈજનેર તે આપણું મન છે એ મીલનો માલિક શેઠીયો કે જે મીલ ચલાવવાની ઉતાવળ કરે છે તે આપણો જીવ છે કે જે પ્રભુની હજુરમાં જવાને માટે તલપી રહ્યો છે. એ નાનકડી ખીલી તે આપણાથી થઈ જતાં પાપ છે અને એ ખીલી કાઢનાર બીજો હોંશિયાર ઈજનેર તે આપણા ગુરુ છે. મોટા કામમાં નાની ભૂલથી પણ મોટી ખરાબી થઈ જાય છે, માટે યાદ રાખજો કે મોક્ષ મેળવવાનું કામ પણ કાંઈ નાનું સુનું નથી, એટલે એમાં જો જરાક પણ ભૂલ થશે તો આ અમુલ્ય જિંદગી વૃથા થઈ પડશે અને બીજો અવતાર લેવો પડશે. માટે ભાઈઓ અને બહેનો ! જરા પણ પાપ ન થઈ જાય એ ખુબ સંભાળજો. કારણકે નાની ખીલીથી આખી મોટી મીલ અટકી પડે છે. મહારાજા યુધિષ્ઠિરે - ધરમરાજાએ આખી જિંદગી સુધી ધરમના કામો કર્યા હતાં માત્ર એક જ વખત કૃષ્ણના કહેવાથી જરાક જુઠું ન રો વા કુંજરો વા એમ બોલાઈ ગયું હતું તે સારું કરીને એટલાં પાપ સારું કરીને હીમાળો ગળાવા ગયા ત્યારે તેની ટચલી આંગળી ગળી ધર્મનો રસ્તો મોક્ષનો માર્ગ આવો વિકટ છે માટે ભૂલ્યે ચુકયે પણ પાપ ન થઈ જાય એ સંભાળજો, અને જો કદાચ પાપ થઈ ગયાં હોય - ખીલ્લી આડી આવી ગઈ હોય તો તેની કાઢી નાંખવાની તજવીજ કરજો. એમને એમ રાખી મુકશોમાં, નહીં તો આખો સંચો રદ થશે, એટલે કે ફેરો માથે પડશે. એવું ન થાય માટે ભગવદ્ આશરાનું બળ રાખીને પ્રભુના શરણમાં આવી જાઓ, પ્રભુના શરણમાં આવી જાઓ.

ગરીબો આપણાં તુંબડાં છે :

સાધુઓને ભગતો કહે છે કે, ગરીબો તે આપણા તુંબડાં છે. જેમ તુંબડાંને આધારે પાણીમાં તરી શકાય છે તેમ ગરીબોને આધારે આપણે સ્વર્ગના રસ્તામાં તરી શકીએ છીએ. માટે ભાઈઓ કદી પણ ગરીબોને ધીક્કારશોમાં, અને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી લાચાર ભીખારીઓનો અનાદર કરશોમાં, કારણ કે પ્રભુની હજુરમાં

ઈનસાફ વખતે કાંઈ આપણને એમ પુછવામાં નહીં આવે કે તમે કેટલા દાગીના પહેરતા હતા ? કેટલું અંત્તર લગાવતા હતા ? કેટલું સેંટ પોમેટમ વાપરતા હતા ? કેટલી છત્રી રૂમાલ વાપરતા હતા ? કેટલા ટોપી ઉપર ને બુટ ઉપર ખરચતા હતા ? કેટલા બીડીમાં ને પાન તંબાકુંમાં ખરચતા હતા ? કેટલા ગાડી ભાડામાં ખરચતા હતા ? કેટલા મેળાઓમાં ઉડાવતા હતા ? કેટલા નાચ રંગમાં ઉડાવતા હતા ? કેટલા સોડા શરબતમાં ઉડાવતા હતા ? કેટલા બેંકમાં મૂકેલા છે ? કેટલા તીજોરીમાં મૂકેલા છે ? અને કેટલાંનો તમારાં છોકરાંઓને વારસો આપી આવ્યા છો ? એમ આપણને ધર્મનો રાજા પ્રભુ નહીં પુછે, પણ તે તો એમ પુછશે કે, મારે નામે ને મારે અર્થે તમે ગરીબોને શું આપેલું છે ? તમોને ડુબતા બચાવવા માટે - તમોને તરવા માટે મેં ગરીબોરૂપી તુંબડાં આપેલાં છે એનો તમે કેવી રીતે લાભ લીધો છે ? ભાઈઓ ! સંતો કહે છે કે ઈનસાફને વખતે પ્રભુ આપણને એમ કહેશે કે,

ગરીબોનેરૂપે હું પોતે તમારી પાસે તમારાં કલ્યાણ માટે આવતો હતો અને તમે મને કાંઈપણ આપ્યા વિના ઉલટા દમ ભરાવીને હાંકી કાઢતા હતા. જીવો એ વખતે કહેશે કે, કૃપાનાથ તમે ક્યારે આવ્યા હતા ? એમ ક્યારે તમને પાછા ફેરવ્યા ? પ્રભુ કહેશે કે, રગતપીતયારૂપે હું તમોને રસ્તામાં મળ્યો હતો અને મેં બીજી વખત જયારે તમારે ત્યાં નાત જમતી હતી ત્યારે કાઠીયાવાડી દકાળીયા રૂપે હું તમારે ત્યાં વધ્યું ઘટ્યું એઠું જુઠું માગવાઆવ્યો હતો પણ તમે મને ધુતકાડી કહાડ્યો હતો. એક વખત હું ગરીબ રાંડી રાંડ રૂપે તમારો આશરો લેવા આવ્યો હતો. એ વખતે તમારી પાસે મારી એવી અરજ હતી કે મારા પૈસા મારો જેઠ દગો કરીને ખાઈ જાય છે માટે તમે તેને કાંઈક સમજાવો પણ તમે તમારા મીજાજમાં હતા એટલે મારી વાત સાંભળી નહોતી. એ પછી એક વખત હું તમારે ત્યાં ગરીબ વિદ્યાર્થી રૂપે આવ્યો હતો કે કૃપા કરીને મને થોડાં પુસ્તકો અપાવો, પણ મારી એ અરજ તમે સાંભળી નહોતી. વ્રજમાં જમુનાજીને કીનારે હું તમારી પાસે બુઢી ડોસી રૂપે આવ્યો હતો એ વખતે ટાઢથી મારૂં અંગ થરથર કાંપતું હતું પણ તમે જુનાં પુનાં ફાટયાં ટુટ્યાં લુગડાંનો કટકો પણ આપી શક્યા નહોતા. એક વખત હું તમારી પાસે મુંબઈમાં તમારા ગરીબ નાતીલા રૂપે આવ્યો હતો. અને તમે કહ્યું હતું કે, મારી મા મરકીથી મરી ગઈ છે પણ કોઈ ઉપાડવા વાળા નથી માટે તમે જરા સોનાપુર સુધી આવવાની મહેરબાની કરો. તમે એ વખતે તો શરમાશરમ હા પાડી, પણ પાછળથી આવ્યા નહોતા, એ સાંભરે છે કે ? ભીંડી બજારના રસ્તા ઉપર બુઢ્ઢા ફકીરરૂપે માંદો થઈને હું પડ્યો હતો, હાથે પગે સોજા ચ્હડી ગયા હતા, ને તાવથી હબુબતો હતો, એ વખતે તમે મારી પાસેથી થઈને ચાલ્યા ગયાહતા અને તમારા દીલમાં દયા પણ આવી હતી તો પણ મને ઈસ્પીટાલમાં લઈ જવાની તમે દરકાર કરી નહીં એ યાદ છે કે ? આવી રીતે હું તમારી પાસે જુદે જુદે પ્રસંગે ને જુદે જુદે રૂપે સેંકડો વખત આવી ગયો છું. પણ દરેક વખતે ઘણું કરીને તમે

મને નિરાશજ કર્યો છે, તમને જરાપણ એવે વખતે હું યાદ આવ્યો નથી. શું તમે નહોતા જાણતા કે તમારા ગરીબ ભાઈબંધોમાં પણ જે આત્મા છે તે મારોજ અંશ છે. એટલું જ નહીં પણ તમારે યથાશક્તિ જે કાંઈ દેવું છે તે કાંઈ ભીખારીઓને ખાતર દેવાનું નથી પણ મારે ખાતર દેવાનું છે એમ સમજતાં છતાં પણ તમે મારા ખાતર કાંઈપણ કરેલું નથી, બોલો હવે હું તમને શું શિક્ષા કરું ?

સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

ભુખ્યાને ભોજન આપવું જાણી, તૃષ્યાને તો પાવું પાણી
નાગાને વસ્ત્ર આપી અર્થ જ લેવો, સગા કુટુંબનો ભારજ શહેવો
સઘળુ સાંખી કરી ધ્યાન જ કરવું, અને અવગુણ કરે તેનું ગુણ જ કરવું.

ભાઈઓ ! મહાનપ્રભુ જ્યારે ઈનસાફને વખતે અતિ ભયંકરરૂપ ધરીને આપણને એ પ્રમાણે પુછશે ત્યારે આપણે શું જવાબ દઈ શકશું ? એ વખતે આપણને કેટલી બધી શરમ લાગશે ને કેવો પસ્તાવો થશે એ ખ્યાલ તો કરો ? એમ ન થાય માટે આજથીજ ચેતો. અને આપણને તારવાના તુંબડાં જે ગરીબો છે તેની ઉપર રહેમ દીલથી જુઓ, અને સર્વ શક્તિમાન પવિત્ર પ્રભુને ખાતર તેઓને યથાશક્તિ મદદ કરો. પરંતુ જ્ઞાનથી વિચારી ઓળખીને દાન કરો કારણ કે કલિયુગમાં ધુતારા પણ હોય છે. સુપાત્રને દાન દેવું.

સત્સંગ એ ચાવી છે :

હરિજનો કહે છે કે સત્સંગ એ ચાવી છે. એ ચાવીથી અજ્ઞાનનાં તાળાં ઉઘડી જાય છે. બધાં માણસો કાંઈ હાઈસ્કૂલોમાં ને કૉલેજોમાં જઈ શકતાં નથી, બધાં માણસો કાંઈ પંડીતો થઈ શકતાં નથી, બધાં માણસો કાંઈ ભગત થઈ શકતાં નથી, પણ સર્વ માણસોને થોડાં ઘણાં જ્ઞાનની તો જરૂર પડે છે. એ જરૂર જેટલું જ્ઞાન મોટાં મોટાં પોથાઓ ઉથલયાં વિના સત્સંગથી સ્હેજમાં મળી જાય છે, માટે હરિજનો સત્સંગનાં વારે વારે વખાણ કર્યા કરે છે. ભાવિક વૈષ્ણવો તો એમ જ કહે છે કે, હરિજનોના પગની રજપણ દુર્લભ છે તેથી જ્યાં ઘણા વૈષ્ણવો મળતા હોય તે જગ્યાની રજને પણ શિરોચસ્મ કરે છે. આમાંથી એ સમજવાનું છે જ્યારે ભક્તજનોના પગની રજ પણ પવિત્ર છે ત્યારે તેઓની વાણીમાં કેટલી બધી પવિત્રતા હશે ? અને એ ભગતોની વાણીથી જાણ્યે અજાણ્યે કેટલા બધા જણનું કલ્યાણ થઈ જતું હશે એ ખ્યાલ તો કરો ? એ બધું સત્સંગથી થાય છે, માટે સંતોએ અજ્ઞાનરૂપી તાળાં ખોલવાની સત્સંગને ચાવી ગણેલી છે. વળી એ ચાવીની ખુબીએ છે કે એમાં કાંઈ પૈસા ખરચવા પડતા નથી, એમાં કાંઈ માથાકુટ કરવી પડતી નથી, એમાં કાંઈ મુશ્કેલી પડતી નથી અને ગરીબ કે તવંગર, મુરખ કે ડાહ્યા, મોટા કે નાના, ઉંચા કે નીચા જે કોઈ એનો લાભ લેવા ઈચ્છે તે સહેલાઈથી લઈ શકે છે. એટલું જ નહીં પણ સત્સંગની મંડળીઓમાં કાંઈ એક જ જાતનો માલ નથી પીરસાતો ત્યાં તો ભાતભાતની ને એક એકથી ઉંચી

ઉંચી જાતની મીઠાઈઓ લુંટાય છે. તેમ છતાં પણ ખુબી એ કે એમાં કોઈ ના પાડવાવાળું જ નહીં, ઉલટું એમજ કે આવી જાઓ, છે કોઈ લુંટવાવાળો ? આવી મજે સત્સંગવિના બીજે ક્યાં મળે ? નિશાળમાં ભણવા જઈએ તો ફી પડે. વકીલને ત્યાં કાંઈ પુછવા જઈએ તો તેની પણ ફી પડે. ડૉક્ટરને ત્યાં પણ ફી. સરકારી ખાતામાં કાંઈ પુછવા જઈએ તો ત્યાં પણ સ્ટેમ્પનું લાકડું શાસ્ત્રીઓને ઘેર જઈએ તો ત્યાં સીધાનું કે દક્ષિણાનું કાંઈક કરવું જોઈએ, ગુરૂ પાસે જઈએ તો ત્યાં પણ કાંઈ ખાલી હાથે જવાય નહીં. અને સારાં માણસ સમજીને કોઈ શેઠીયાને ઘેર કાંઈ સલાહ પુછવા જઈએ તો ત્યાં તો અગાઉથી જ બારણાં આડાજ ભૈયા બેઠેલા હોય. એટલે શેઠીયાનાં તો દર્શન પણ ક્યાંથી થાય ? આવી રીતે બધે ઠેકાણે કાંઈ ને કાંઈ અડચણો છે પણ સત્સંગની મંડળીમાં જવામાં તો કાંઈ અડચણ જ નહીં. એનાં બારણાં તો સૌને માટે સદાય ઉઘાડાં.

ભાઈઓ ! હવે તમે કહો કે અજ્ઞાનનાં તાળાં ખોલવા માટે સતસંગના જેવી સહેલી ચાવી બીજી કઈ છે ? એવી સહેલી બીજી એકે ચાવી નથી. માટે મનના સંશય કાપવા સારુ, ધરમના ભેદો જાણવા સારુ, અને અખંડ સત્‌ચિદાનંદરૂપ પ્રભુનું મંગળમય સ્વરૂપ સમજવા સારુ પ્રેમથી સદાય સત્સંગમાં મચ્યા રહો. સતસંગમાં મચ્યા રહો.

સત્સંગનો રસ ચાખ પ્રાણી તું તો સતસંગનો રસ ચાખ. (ટેક)
પ્રથમ લાગસે તીખોને કડવો, પછી આંબા કેરી શાખ. પ્રાણી...૧
સત્સંગથી દો ઘડીમાં મુક્તિ, વેદ પુરે એની શાખ.....પ્રાણી...૨
આરે કાયાનો ગર્વ ન કીજે, અંતે થવાની છે ખાખ....પ્રાણી...૩
હસ્તીને ઘોડા માલ ખજાના, એકે નહીં આવે તારી સાથ.પ્રાણી...૪
કાચીરે કાયા કોટડી જેવી, ઢળતાં નહીં લાગે વાર.......પ્રાણી...૫
કાચોરે કુંપો જળે ભર્યો છે, ગળતાં ફુટી જાય પાર.....પ્રાણી...૬
કહેત કબીરા સુનો ભાઈ સાધુ એ છે મુક્તિતણું દ્વાર....પ્રાણી...૭

દરદીના ભલા સારું વૈદ કડવું ઔષધ પાય છે :

આપણે બદામી હલવા, મસાલાદાર બાસુંદી, ગરમા ગરમ ભજીયા, તીખાં તમ તમતાં સંભારીયાં શાક ને મોંઘી મોંઘી કીંમતના આંબા ઉડાવીએ તેમાં વૈદના બાપનું શું જાય છે કે તે આડો પડીને ખાવાની ના પાડે છે, કારણ કે જો આપણે એવું એવું ખાઈએ તો આપણું દરદ ઉલટું વધી જાય ને જલદી સોનાપુરનો રસ્તો લેવો પડે. આપણને દરદથી બચાવવા તથા આપણને અરેરાટી કરતા અને ઓય માડી રે કરીને લાંબાથઈને પથારીમાં પડતા બચાવવા સારુ આપણને ભાવતી ચીજો ખાવાની વૈદ ના પાડે છે, તેમજ ધરમશાસ્ત્રો, ગુરુઓ અને સાધુ મહાત્માઓ તથા હરિજનો આપણા આત્માના કલ્યાણને માટે જ તથા આપણે મોક્ષ ધામનાં અનંતકારના સુખ મેળવી શકીએ તે સારૂ જ આપણને કેટલીક જાતના લોભ, કેટલીક જાતના મોહ, કેટલીક

જાતના વિકારો, કેટલીક જાતની બુરી ટેવો, કેટલીક જાતની અંતરની છુપી વાસનાઓ, અને કેટલીકજાતનાં જુના પાપો મુકી દેવાનું કહે છે, પણ જેમ કેટલાક હઠીલા દરદીઓ વૈદના કહેવાની દરકાર રાખતા નથી અને મરજી પડે તે ખાઈ લઈને ઉલટાં વધારે હેરાન થાય છે તેમ આપણે પણ એવા હઠીલા પાપી થઈ ગયા છીએ. તેથી શાસ્ત્રોની કે ગુરુજનોના રૂડા ઉપદેશની દરકાર રાખતા નથી અને આપણને મન ગમતા વિષયો ભોગવી નરકની ખાસ ટીકીટ લેતા જઈએ છીએ. કારણ કે જેમ હઠીલો દરદી આખી રાત ખોંખોં કરે, કાળજાં ઉથલાવી નાંખે તેવી રીતે જોર કરીને બડખાઓ કાઢે અને હેરાન હેરાન થઈ જાય તોપણ જેમ તીખી ચટણીનો, તેલનાં ભજીયાંનો કે હીંગના વઘારવાળી દહીંની કઢીનો સ્વાદ છોડે નહીં, તેમ આપણે પણ એવા હઠીલા પાપી થઈ ગયા છીએ કે, ખરાબ વિચારો તથા ખરાબ કામો કરીને શરીરે દુઃખી થઈએ, અંતે રોગી થઈએ, વહેલા મરી જઈએ, જમના માર ખમીએ, અને નરકમાં જઈએ તોપણ એ બધું કબુલ, પણ આપણે આપણા અંતરના જુનાં પાપોને છોડી શકતા નથી એટલા બધા આપણે માયામાં ફસાઈ ગયા છીએ, ને એ ટલા બધા આપણે પ્રભુથી વિમુખ થઈ ગયા છીએ. માટે ભાઈઓ ! હવે વખત પાસે આવતો જાય છે મોત કાંઈ દૂર નથી અને એ વખતે કાંઈ આડા હાથ દેવાય તેમ નથી માટે હમણાથી જ ચેતીને ધર્મનાં બળથી થોડીક મોજમજા ઓછી કરો. વિષયોની ગુલામ ગીરીમાં સત્સંગના બળથી બચો અને આશરાના તથા ભગવદ્ સેવા સ્મરણનાં બળથી વાસનાઓ નિર્મૂળ કરો, એટલે પ્રભુ આપણા જ છે અને આપણે પ્રભુના જ છીએ.

રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ?

આપણાં જુના પાપોને લીધે અને અંતરની બુરી વાસનાઓને લીધે આપણને જે કેટલીક ખરાબ બાબતો ગમતી હોય છે તે છોડી દેવાનું શાસ્ત્રો તથા ગુરુઓ વારંવાર કહે છે, પણ હજુ સુધી તે આપણે છોડી શકતા નથી. કારણકે આપણે એવી જાતની સોબતમાં રહીએ છીએ કે જ્યાં એવી બુરી વાસનાઓને જ્યારે ત્યારે ટેકો મળ્યા કરે છે. એટલું જ નહીં પણ ઘણી જાતની બુરી ટેવોને બુરાં વ્યસનો આપણામાં જામી ગએલાં હોય છે, તેથી એ ટેવો તથા એવાં વ્યસનોના જાણે આપણે ગુલામ બની ગયા હોય એમ થઈ ગયું છે. એટલે મહાત્માઓનો ઉપદેશ શાસ્ત્રોનાં કલ્યાણકારક નિયમો અને ધર્મની પવિત્ર આજ્ઞાઓ આપણે પાળી શકતા નથી.

સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

જબ લગી તનમાં પ્રાણ છે, તબ લગી જાણો સુખ રે,
કાયા કાચી કાલે વહી જાશે, ત્યારે પ્રાણિયો પામશે દુઃખ રે.

પણ યાદ રાખજો કે તે બધું આપણા ભલા માટે જ છે. આપણે આપણા આત્માનું કલ્યાણ કરી શકીએ, આપણે પ્રભુને જાણી શકીએ, અને આપણી જિંદગીનો ફેરો સફળ કરી ચોરાસી લાખના ફેરામાંથી છુટી જઈએ તે સારૂ જ થોડુંક તજવાનું છે

ને થોડુંક પાળવાનું છે, પણ અફસોસ કે એટલા બધા મોટા લાભ સારુ કરીને પણ આપણે જરાક જેટલુ પણ તજી શકતા નથી કે જરાક જેટલું પણ પાળી શકતા નથી. આ કેટલી બધી મુરખાઈ છે ને કેટલી બધી દીલગીરી છે એ આપણે હમણાં જ્યારે આપણા હાથમાં વખત છે ત્યારે સમજતા નથી, અને વખત ગયા પછી મોત પછી ઈનસાફને વખતે જ્યારે જમનો માર પડશે અને દૈવી જીવોને હરીની હજુરમાં આનંદ કરતા જોશું ત્યારે સમજાશે, પણ એ શું કામનું ? રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ? જીવતાં તો ધણીને સુખે રોટલો ખાવા દેવો નહીં અને રાંડ્યા પછી ડાહી ડાહી વાતો કરવી કે એ જીવતાં હોત તો હું આમ કરત ને હું તેમ કરત. પણ એ રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ? તેમજ હમણાંથી જ જ્યારે આપણા હાથમાં વખત છે ત્યારે જ ચેતીને આપણે બુરી ટેવો છોડતા નથીને પ્રભુના પવિત્ર રસ્તામાં આવતા નથી ત્યારે નરકમાં ગયા પછીનું ડહાપણ શું કામનું ? માટે ભાઈઓ ! હમણાથી જ ચેતીને પ્રભુના રસ્તામાં આવી જાઓ - પ્રભુના પવિત્ર રસ્તામાં આવી જાઓ, ધર્મની શીતળ છાયામાં આવી જાઓ, ભગવદ્ આશરાના મહાબળમાં આવી જાઓ, અને તક હાથમાં છે તો વિકારોને છોડી દઈ રૂડાં કામ કરી લ્યો, અને સર્વ શક્તિમાન મહાન અલૌકીક પ્રભુને જાણી જીવનની સાર્થકતા કરી લ્યો, જીવનની સાર્થકતા કરી લ્યો.

સંસાર સ્વપ્નાં જેવો છે :

અસલના વખતથી માણસો કહેતાં આવ્યા છે કે સંસાર સ્વપ્નાં જેવો છે આપણે પણ એમજ કહીએ છીએ પણ તેનો મોહ છુટતો નથી. કારણ કે આપણામાં ધરમનું બળ નથી, આપણે સત્યશાસ્ત્રોનાં યથાર્થ અર્થ સમજ્યા નથી અને આપણે સાધુ ભગતોની સેવા કરીએ તેઓની કૃપા મેળવી સંસારનું ખરેખરું ખોટાપણું પુરે પુરી રીતે સમજ્યા નથી. તેથી જેમ હાથીને ચાવવાના ને દેખાડવાનાં એમ બે જાતના દાંત હોય છે તેમ આપણું પણ બહારનું બોલવું જુદું, ને અંદરનાં આચરણ જુદાં રહી ગએલાં છે તેથી આપણામાં પ્રભુ પ્રેમ જામતો નથી એટલે આપણે પ્રભુથી વિમુખ છીએ. એ વિમુખપણું તજવા માટે આપણે સંસારનો મોહ ઓછો કરવો જોઈએ. અને એ મોહ ઓછો થવા માટે સંસાર સ્વપ્નાં જેવો છે એ વાત હમણાથી જ - મરણ પહેલાં જ આપણે સમજી લેવી જોઈએ.

એક વાંઢો માણસ હતો તેને પત્નિને પરણવાની બહુ તૃષ્ણા હતી રાત દીવસ તેના મનમાં પત્નિનાજ વિચારો ભમતા હતા તેથી એક દિવસ તેને સ્વપ્ન આવ્યું કે, જાણે હું વરઘોડે ચડ્યો છું, ખુબ સાજનમહાજન મળ્યું છે સાસુ પોંખે છે ને નાક તાણી લે છે. સદગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

જેવું સ્વપ્ન તરનું પેખણું, તે સોં આ સંસાર રે,
કાં એ સુક્રિત કીજે બાવલે, મુર્ખ તજો અહંકાર રે.

એ દેખાવથી મનમાં હસી પડાય છે. એ પછી જાણે કન્યાદાન દેવાય છે ને

નાનકડી વહુનો કુણો કુણો હાથ દાબતાં જાણે વીજળીની બેટરીને હાથ લગાડ્યો હોય તેમ આખા શરીરમાં તન્મનાટ થઈ રહ્યો છે. પછી જાણે ભાઈ સાહેબ વહુને કંસાર ખવરાવે છે, ને વહુ શરમાઈ જાય છે એ દેખાવ જોય છે. તે પછી જાણે માહ્યરામાં બેઠાં છે ત્યાં વહુ સાથે એકીબેકી રમાય છે. તેમાં વહુ જીતી જાય છે તેથી પોતે મનમાં મલકાય છે કે વહુ છે તો ચતુર. આવી રીતનું સ્વપ્નું હજી તો આવે છે એટલામાં તો તે વાંઢા વરરાજાને પોતાની પથારીમાંથી વીંછી કરડ્યો, તેથી ઓય માડીરે કરીને બેબાકળો થઈને એકદમ પથારીમાં બેઠો થયો. અને વીછીની વેદનાથી બુમાબુમ પાડવા લાગ્યો. વહુ બહુનું તો કાંઈ ઠેકાણું નહી, ને પોતે જ નડંગ ધડંગ જેવો હતો તેવો જ ઝાડું કાઢ્યા વીનાના ઘરમાં ને પરખોડ્યા વિનાની પથારીમાં મુવાલી જેવો થઈને પડેલો હતો, ને વીંછી ગોદડીમાં ભરાઈ ગયો હતો.

આવા મજેનાં સ્વપ્નમાંથી ઓચીંતું એકદમં જાગવું પડ્યું, અને તે પણ વળી વીંછીના ડંખથી ! એથી તે ગરીબ બિચારા વાંઢાને કેવુ મહાભારત દુઃખ થયું હશે એ વીચારવું કાંઈ મુશ્કેલ નથી. ભાઈઓ ! યાદ રાખજો કે જો નહીં ચેતીએ તો આપણા પણ એવા જ હાલ થવાના છે આપણે પણ એ વાંઢાની પેઠે સંસારરૂપી એક જાતના સ્વપ્નમાં જ પડેલા છીએ. એ સ્વપ્નમાંથી કાળના ડંખથી જ્યારે આપણે જાગશું – મોત પછી તુરત જ જ્યારે આપણને યાદ આવશે કે, રામા ચાહ લાવ. ભૈયા ગાડી જોડાવ. શેઠાણી આજ કેમં રીંસાણી છે ? માસ્તર છાપામાં જુઓ તો ખરા, આજે શેનો ખેલ છે ? બાબાને માટે દવાઆવી કે નહીં ? વકીલ ક્યારે મળશે તે મને ખબર આપજો, આવતા રવિવારે પાર્ટી ક્યાં કરશું ? રૂનું બજાર શું છે ? પેલાં વીલનું શું થયું ? બાઈસીકલનું ભુંગળું ટુટી ગયું. આવા આવા તરંગોમાં આવા આવા સ્વપ્નામાં મનડોલતું હોય છે એટલામાં મોત પછી પહેલી જ પળમાં જમનો જબરદસ્ત ફટકો વાગતાં તુરત જ ખબર પડી જાય છે કે હાય હાય, એ તો બધું સ્વપ્નું થઈ ગયું ? હું તો હવે કાળના મોઢામાં જ છું. – જમના હાથમાં છું. મોત પછી પહેલી જ પળે જ્યારે આ બધી સંસારની માયાને દુનિયાદારીનાં વ્યવહારીક સુખો સ્વપ્નાં જેવા લાગશે, ને આપણને જમદુતના ફટકા વાગશે, ત્યારે આપણને કેવું મહાભારત દુઃખ થશે એ ખ્યાલ તો કરો ? એવું ભયંકર દુઃખ ખમવું ન પડે માટે અગાઉથી જ ચેતીને પ્રભુને શરણે જાઓ અને સત્સંગમાં તથા ધર્મના કામમાં તન-મન-ધનથી લાગી જાઓ, એટલે દયાળુ પ્રભુ આપણને બચાવી લેશે.

સાધુના વિચારો :

એક મોટો શેઠ હતો. તે મોજ શોખનો બહુ શોખીન હતો અને શેઠીયાઓની હંમેશની રીત મુજબ દુનીયાદારીના મોહમાં બહુ લપટાઈ ગયો હતો. એ શેઠે પોતાને રહેવા માટે એક મોટું સુંદર ઘર બંધાવ્યું, ઘર તૈયાર થયું ત્યારે તે પોતાની પીછાનવાલા

એક સાધુને બતાવવા માટે તેડી ગયો. બધે ઠેકાણે તે સાધુને ફેરવી ફેરવીને પોતાનું ઘર બતાવતાં બતાવતાં તે શેઠ કહેવા લાગ્યો કે, આ બારીયો બધી નવી ફેશનની મૂકી છે. આ સંડાસો સુધરેલી ઢબનાં બનાવ્યાં છે. આ ઝરૂખો બનાવવા માટે મ્યુનીસીપાલીટીની રજા મેળવતાં મોટો કેસ લડવો પડ્યો છે. આ અગાસીમાંથી દરીયો ખુલ્લો દેખાય છે. આ દીવાનખાનામાં વીજળીના પંખા ગોઠવ્યાં છે, આ રસોડામાં વીલાયતના જેવું ધુમાડીયું મુકાવ્યું છે. આ આગલા ચોકમાં ફ્રેંચ લાદી જડાવી છે, આ બારણાં બધાં ખુબ ઉંચાં લીધાં છે, જુઓ આ ભોયતળીયામાં સરદી ન લાગે તે માટે પથ્થરની લાદી જડાવી છે, મહારાજ, આ દાદરો જોયો ? બધું વીલાયતી કામ. એવા ગોળ દાદરની ખુબી હજી આપણાં લોકો નથી સમજતા. ખરચ તો બહુ થયું પણ મેં તો એજ પસંદ કર્યો. આ સુવાના હોલમાં પશ્ચિમની બારીનો એવો સરસ પવન આવે છે કે કાંઈ વાતજ ન પુછો. આ છઠો મજલો જોયો ? કેમ મહાબળેશ્વરના જેવી હવા છે કે નહીં ? પણ એટલું બધું ઉચું ચહડવાની માથાકુટ કોણ કરે ? મહારાજ ! આપણા તો ટાંટીયા ઢીલા, માટે મેંતો આમાં ચ્હડવા ઉતરવાનો સંચો ગોઠવ્યો છે, પાંજરામાં બેઠા કે તરત એની મેળે ઉપર પહોંચી જઈએ, એના જેવી કાંઈ મજે છે ? મહારાજ અંગ્રેજોએ મુલકને લુટી ખાધો પણ આવું આવું સુખતો બહુ કરી આપ્યું હોં ? આપણા બાપદાદા આવા સંચા જાણતાતા કે ? દેશમાં અમારી ઘેરે એવી રેઢીયાર સીડી હતી કે હું નાનો હતો ત્યારે કાંઈ નહીં તો દસ વીસ વખતતો તે ઉપરથી પડ્યો હોઈશ. જુઓ આ ન્હાવાની ઓરડી, તેમાં સ્પ્રીંગનો ફુવારો રાખ્યો છે, આ હોજમાં ફુવારો છે તેમાં એવી ખુબી છે કે એની મેળે ફર્યા કરે. આ ફરતી ગેલેરી ચારે બાજુ ખુલી છે. હોં મહારાજ આ ઘરનો પાયો બહું ઉંડો નાંખ્યો છે, છેક પાણી આવ્યું ત્યાં સુધી ઉંડો પાયો લીધો, બાવીસ ફીટ પાયો જમીનમાં ઉંડો છે, ખરચતો બહુ થઈ ગયું પણ કામ બધું ઠીક થઈ ગયું છે, કેમ મહારાજ, તમને કેમ લાગે છે ?

સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

કાળ સીંચાણો તારે શીર ભમે, અને મત કાંઈ બાંધો આશરે,
દમે દમે હરિને જપીએ જેમ રવી ઉગે પ્રકાશ રે.

આ બધી નકામી માથાકુટ સાંભળીને મહારાજનું તો માથું ફરવા લાગ્યું. તેને લાગ્યું કે આ શેઠીયો બહુ માયામાં ફસાઈ ગયો છે. એટલે જે તેને ગમે છે તે મને પણ ગમશે એમ સમજે છે. પણ એમ સમજતો નથી કે અમે તો એ બધાં ઉપર પૂળો મૂકેલો છે. તારા ઝરૂખા, તારાં છજાં, ને તારાં ધુમાડીયાનું અમારે શું કામ છે ? અમને તો પરમાર્થની વાતોને ઈશ્વરના સ્વરૂપની વાતો પુછવી જોઈએ આવી માથાકુટ કાંઈ અમારી પાસે જોઈએ કે ? એમ વિચારીને તે શેઠીયાનો મોહ તોડવા માટે લાગ જોઈને મહારાજે કહ્યું કે, આ ઘર તો બહુ સારું છે પણ તેમાં એક મોટી ખામી છે.

શેઠે પુછ્યું કે, શું ખામી છે મહારાજ? મહારાજે કહ્યું કે, બીજું તો કાંઈ નહીં પણ આ ઘરને તમે બારણાં મૂકાવ્યાં છે એ બહુ ભૂલ કરી છે. શેઠે કહ્યું કે, મહારાજ આ તમે શું બોલો છો? ઘરને બારણાં વિના કેમ ચાલે? ત્યારે મહારાજે કહ્યું કે, વાત તો સાચી પણ એ બારણેથી એક દિવસ તમારે જવું પડશે ને પાછું અવાશે નહીં એ મોટું દુઃખ છે, શેઠ, ઘરના પાયા તો તમે મજબુત નાંખ્યા, પણ આપણા પોતાના પાયાનું ક્યાં ઠેકાણું છે? સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે: આપણો દેહ ક્ષણભંગુર છે. પાણીના પરપોટા જેવો છે. એને ફુટી જતાં કાંઈ વાર લાગતી નથી એનું કાંઈ ધાર્યું? આ સાંભળીને તે શેઠીયો ઢીલોઢફ થઈ ગયો, કારણ કે મોતની ફીકર નાણાવાળાઓને વધારે લાગે છે. અહીં માલમત્તા મૂકીને પોતે ખાલી હાથે ફોગટ ફેરો ખાઈને ચાલ્યું જવું એ ત્રાસ કાંઈ જેવો તેવો નથી. શેઠને ઢીલોઢફ જોઈને મહારાજે કહ્યું કે, અહીંનાં સુખની જેમ ગોઠવણ કરો છો તેમ હરિની હજુરમાં સુખ ભોગવી શકાય એને માટે કાંઈ તૈયારી કરો છો કે નહીં? અહીં થોડો વખત રહેવું છે તે સારુ જ્યારે તમે આવું મોટું સુંદર ઘર બાંધ્યું ત્યારે જ્યાં સુધી અનંતકાળ સુધી રહેવું છે ત્યાંને માટે શું તજવીજ કરીએતો કહો. આ ઘડીકવારના ઘર માટે તમે એટલી બધી વાતો કરો છો, ત્યારે અખંડ ઘર મોક્ષ ધામને માટે તો કાંઈક સાંભળો, અને અખંડ ઘરના માલિક સર્વ શક્તિમાન પવિત્ર પિતા ઈશ્વરને માટે તો કાંઈક કહો કે સાંભળો.

ભાઈઓ! એ શેઠીયાના ઘરને જ બારણાં હતાં ને આપણા ઘરને બારણા નથી એમ નહીં સમજતા. આપણા ઘરને પણ બારણાં છે, અને એ જ બારણેથી આપણે પણ પાછા ન આવીએ તેવી રીતે મોડાવહેલા કોઈક દિવસ જવાના છીએ, માટે હજુ પણ આપણા હાથમાં વખત છે તો ચેતજો અને અહીંના ઘડીકવારનાં ઘર કરતાં હરિની હજુરમાં અનંતકાળનાં ઘર બંધાય એવું કરવાનું ધ્યાનમાં રાખજો.

ઈશ્વરની ઉજેણી :

આ દુનિયામાં બહુ બહુ મોટા મોટા બાદશાહો અને શ્રીમંતો થઈ ગયા છે કે જેઓએ પોતાની મોજશોખમાં, વૈભવમાં અને પરમાર્થમાં કરોડો રૂપિયા ખર્ચેલા છે. મહાદાનેશ્વરી કર્ણ રાજા દરરોજ સવાભાર સોનાનું દાન આપતો હતો, પણ તે આખાં હિંદુસ્તાનની પ્રજાને કોઈ વખત જમાડી શક્યો નહોતો. પરદુઃખ ભંજન વિરવિક્રમ બહુ મોટો રાજા થઈ ગયો, તેની એટલી બધી કીર્તિ થઈ છે કે હજુ સુધી તેનો સંવત ચાલે છે પણ તે પોતાના આખાં રાજ્યને એક દિવસ પણ જમાડી શક્યો નહોતો. મુગલ બાદશાહોનો ઠાઠમાઠ ને વૈભવ અતિશય હતો, સોના ચાંદી અને હીરા માણેક મોતી વિના ત્યાં કાંઈ નજરે પડતું નહીં, એવા બાદશાહો પણ કોઈ દિવસ પણ એક ટંકપણ દિલ્હી શહેરને જમાડી શક્યા નહોતા. પ્રતાપી મહારાણી વિક્ટોરીઆના પાટવી કુંવર પ્રિન્સ ઓફ વેલ્સનાં, લગ્નથયાં ત્યારે દુનિયામાં મોટી ધામધુમ થઈ રહી

હતી પણ તેઓ એક મુંબઈ શહેરને પણ જમાડી શક્યાં નહોતા, અને જેના તાબામાં આ દુનિયાનો ત્રીજો ભાગ છે એવો મહાન ભાગ્યશાળી શહેનશાહ સાતમો એડવર્ડ જ્યારે ગાદીએ બેઠો ત્યારે એક તારીખે પાંચ લાખ માણસોને એક જગ્યાએ ખાવાનું આપ્યું, પણ તેઓ પોતાની રાજધાનીનાં લંડન શહેરને પણ એક ટંકનું પણ ભોજન આપી શક્યા નહોતાં. માણસો ગમે તેવાં મોટાં થાય તો પણ તેઓની મ્હોટાઈ અમુક હદમાંજ આવી જાય છે. પણ ભાઈઓ ! પ્રભુની મ્હોટાઈ સામું તો જુઓ ? તે સર્જનહારપાલક પ્રભુ અનંતકાળ થયા અનંત બ્રહ્માંડોને દરરોજ બંને વખત નિભાવી રહ્યો છે ને અનંતકાળ સુધી નિભાવ્યા કરશે, તે પ્રભુની દયાને તે પ્રભુની મ્હોટાઈ સામું તો જુઓ ? આપણા શેઠીયાઓ બહુ કરે તો પોતાની નાત જમાડે, એ કરતાં પણ કોઈ વધારે કરે તો સાત મહાજન જમાડે કે બેચાર ચોરાશી કરે, પણ કોઈ રાજાએ કે કોઈ શેઠીયાએ આજ દિવસ સુધી માત્ર એક ટંક પણ મુંબઈ શહેરને જમાડેલું છે ? નહીં જ ત્યારે જે પ્રભુ જુગોના જુગો થયા માત્ર માણસો જ નહીં પણ પશુ પક્ષી, માછલાંઓ અને કીટ પતંગોને પણ સરખી રીતેં નીભાવી રહ્યો છે તે પ્રભુ શું હરિજનને શેર અન્ન નહીં આપી શકે ? માટે ભાઈઓ વિશ્વાસ રાખો અને પ્રભુની મ્હોટાઈ સામું જુઓ ? તે પાલનહાર પ્રભુના બળ સામું તો જુઓ ? અને તે પરમ કલ્યાણકારી પિતાની આનંદ સ્વરૂપ તરફ તો જુઓ. એને જાણ્યા વિના એનું જ્ઞાન મેળવ્યા વિના સંસાર સાગર તરી શકાય તેમ નથી, માટે ભાઈઓ ! જેમ બને તેમ ભગવદ્ આશરાનું બળ રાખીને પ્રભુ પ્રેમ વધે અને ઈશ્વરનું અલૌકીક સ્વરૂપ સમજાય તેમ કરો.

સાધુઓ પોતે દુઃખ ખમીને બીજાઓને શાંતિ આપે છે :

સંતપુરુષોનો - સાધુઓનો ધર્મ શું છે એ તમને ખબર છે ? પોતાની નાતમાંથી નીકળી જઈને બીજી નાતમાં ભળવું એ કાંઈ સાધુઓનો ધર્મ નથી. એક વાડામાંથી છુટીને બીજા વાડામાં ફસાવું એ કાંઈ સાધુઓનો ધર્મ નથી. એક જંજાળ છોડીને બીજી ઘણી ઉપાધી ઉઠાવવી એ કાંઈ સાધુઓનો ધર્મ નથી. ગાંજા તંબાકુના વ્યસનોમાં ફસાવું એ કાંઈ સાધુઓનો ધર્મ નથી. દોરાધાગામાંને જંત્રમંત્રમાં રહી જવું એ કાંઈ સાધુઓનો ધર્મ નથી. ફાટે ડાચે ગમે તેમ બોલવું એ કાંઈ સાધુઓનો ધર્મ નથી અને ઘરની માયા મૂક્યા છતાં પણ માયાના વલખાં માર્યા કરવાં એ કાંઈ સાધુઓનો ધર્મ નથી, પણ સાધુઓનો ધર્મ તો પરોપકાર છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે

परोपकाराय सतां विभूतयः

સંતોનું જીવન પરોપકારને અર્થે જ છે. દુનિયાદારીના તાપથી તપી ગએલા લોકોના દીલમાં શાંતિ રેડવા માટે, અધર્મીઓના મનમાં ધર્મનું અમૃત રેડવા માટે અને પવિત્ર જીવાત્માઓને પ્રભુનો મહામંગળ રસ્તો દેખાડવા માટે સાધુઓનું જીવન છે. પોતે ગમે એટલું કૃષ્ટ વેઠીને પણ લોકોને સત્ય રસ્તો બતાવવો એ જ તેઓની ઉત્તમતા

છે ને એ સારૂ જ તેઓ માનને તથા દાનને પાત્ર છે. જે વેષધારી સાધુઓ પોતાના દેશને માટે, પોતાના ભાઈબંધોને માટે અને પોતાના ધર્મને માટે કષ્ટ સહન કરતા નથી, તેઓ પ્રભુની નજરમાં ગુન્હેગાર છે, અને તેઓ સાધુનાં પવિત્ર નામને યોગ્ય નથી; કારણ કે મફતનું ખાવાને મસીદે સુવા માટે જ કાંઈ સાધુપણું નથી, પણ જગતનું હિત કરવાને માટે સાધુપણું છે. એટલે સાધુઓની તો ખાસ ફરજ છે કે તેઓએ ઉંચામાં ઉંચું સત્ય ઈશ્વરી જ્ઞાન મેળવવું જોઈએ. અને પોતાનો ધર્મ તથા પોતાના ભાઈબંધોનાં સુખ વધારવા સારું તેણે જેટલો બની શકે એટલો પુરુષાર્થ કરવો જોઈએ. દરેક સાધુએ પોતાના મનને વારે વારે પુછવું જોઈએ કે, મેં શા માટે ઘરબાર છોડ્યું છે ? મેં શા માટે આવો વેષ લીધો છે ? શું દુનિયાને ઠગવા માટે ? પાઈ પાઈ ઉઘરાવવા માટે ? ઘેર ઘેર મફતના ટુકડા ખાવા માટે શું અમે ઘરબાર છોડ્યું છે ? ચલમો ફુંકવા સારૂ અને વ્યસનોના ગુલામ થવા સારૂ શું અમે ભગવાં પેહેર્યા છે ? બીજાઓની ખુશામત કરવા સારૂ શું અમે અમારૂં ઘરબાર તજ્યું છે ?

સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

અડસઠ તીરથ મેં ગયા, જોયા તે દેવ અનંત રે,
તેને પ્રતિત નહિ પોતા તણી, એ પૂજારીને પાવે પડંત રે.

હુલમાંથી નીકળીને ચુલમાં પડવા સારુ ? મંતર જંતરની વાતો અને કીમીયા ફીમીયાના ટુચકા શીખવા સારુ શું અમે અમારી જીંદગીને ધૂળમાં મેળવી છે ? અને લોકોને ભમાવીને પ્રભુના ગુન્હેગાર થવા માટે શું ? અમે સાધુ થયા છીએ ? નહીં ભાઈઓ ? મહાન પ્રભુનો પવિત્ર પ્રેમ જગતમાં ફેલાવવા માટે, સત્ય રસ્તામાં ચાલવા માટે અને અમારા ભાઈબંધોની સેવા કરવા માટે અમે સાધુ થયા છીએ. કારણ કે પ્રભુને સેવા ગમે છે, એટલે પ્રભુનાં જગતની સેવા કરવી એ પ્રભુની સેવા કરવાબરોબર છે. માટે પ્રભુને અર્થે જગતની સેવા કરવા સારૂ અમે ભેખ લીધો છે; કાંઈ ચેલાં ચેલી કરવા સારૂ નહી, એવા વિચાર દરેક સાધુએ કરવા જોઈએ.

મા-બાપ ગુસ્સે થાય તેથી તેનો પ્રેમ ઓછો થાય નહીં :

આપણે જો સરખી રીતે ન ચાલીએ તો આપણાં મા-બાપને ગુસ્સો લાગ્યા વિના રહે નહીં. ગુસ્સો એવી ખરાબ વસ્તુ છે કે એ વખતે મીજાજ કાબુમાં રહી શકતો નથી, તેથી વખતે આકરાં બે વચનો કહેવાઈ જાય એમાં પણ કાંઈ નવાઈ નથી. માટે મા-બાપ ગુસ્સે થઈને ક્રોધના જોસમાં કાંઈ બે વચનો આપણને કહી લે તો તે આપણે ધીરજથી સાંખી લેવાં જોઈએ, કારણકે તે કાંઈ આપણી ઉપરનાં વેરને લીધે અથવા આપણું બુરું કરવાને ખાતર નહીં, પણ આપણી ઉપરનાં હેતને લીધે કડવાં વચન કહી લે છે. માટે તે આપણે ખમી ખાવાં જોઈએ.

આપણે એમજ વિચાર કરવો જોઈએ કે આપણાં ભલાંને માટે પોતાના

સ્વભાવ પ્રમાણે કાંઈ બે આકરાં વચનો કહેશે પણ કહેવા દેશે નહીં. બીજું એવે વખતે એ પણ વિચારવું કે આપણે માટે અને આપણી તરફથી આપણા મા-બાપોએ જેટલું સહન કર્યું છે તેનો સોમો કે હજારમો ભાગ પણ આપણે હજી સુધી તેની તરફથી ખમ્યા નથી. માટે કદાચ કોઈનો આકરો સ્વભાવ હોય, કોઈને ઓછું જ્ઞાન હોય, કોઈ નબળી સોબતમાં હોય અને કોઈ માણસ કોઈ બાબતમાં આડું અવળું દોરવાઈ ગયું હોય અથવા મતભેદ થઈ ગયો હોય તો એવા વખતે આપણે ધીરજ રાખવી જોઈએ. એવા વખતે તાણી બાંધવું નહી. કદાચ આપણને કાંઈ ખમવા જેવું હોય તો પણ આપણા મા-બાપ કે જેઓના આપણી ઉપર અનંત ઉપકારો છે, તેઓને રાજી રાખવા ખાતર આપણે ખમી ખાવું જોઈએ. તેઓના ગુસ્સાથી દીલગીર થઈને રીંસાઈ જવું આપણને પાલવે નહીં. આપણે તો એવો સવળો જ વિચાર લેવો કે રૂપિયો કાદવમાં પડી જાય તેથી કાંઈ તેની કિંમત ઓછી થઈ જાય નહીં. તેમજ મા-બાપ ગુસ્સે થાય તેથી કાંઈ તેનો પ્રેમ આપણા ઉપરથી ઓછો થાય નહીં, પણ આપણે અજ્ઞાની બાળક અથવા અનુભવ વીનાના જુવાન માણસો હોવાથી જરા આપણા મરડાટમાં રહી જઈએ છીએ, એટલે ઘડીકમાં આપણી ભૂલ જોઈ શકતા નથી ને જુવાનીના જોસમાં ખામોશ કરી શકતા નથી પણ એ મોટી ભૂલ છે. કારણકે આપણે આપણા મા-બાપના શબ્દો તરફ નહીં પણ તેઓનાં અંતર તરફ જોવું જોઈએ. ગુસ્સાને લીધે તેઓ આપણને બે વચન કહી લેશે પણ મરતી વખત વીલ કાંઈ બીજાના નામનું કરી નહીં જાય, કે પોતાની સાથે કાંઈ લઈ નહીં જાય. માટે તેઓનાં અંતર તરફ જોઈને, આપણે માટે તેઓએ જે કષ્ટ સહન કર્યું છે તે તરફ જોઈને, આપણે હજુ પણ ઘણી જાતની ભૂલોવાળા છીએ એ તરફ જોઈને અને મહાન પ્રભુના પવિત્ર હુકમ સામું જોઈને આપણા હિતને ખાતર આપણે આપણાં મા-બાપનાં ગુસ્સાના વચનો પણ ધીરજથી સહન કરવાં જોઈએ. કારણ કે એમાં આપણું કલ્યાણ છે ને એમાં પ્રભુ રાજી છે. માટે ભાઈઓ રૂપીયા ઉપર લાગી ગએલા કાદવ તરફ નહીં પણ તેની કિંમત તરફ જુઓ - મા-બાપનાં ગુસ્સાનાં વચનો તરફ નહીં પણ આપણી ઉપરના તેના અંતરના પ્રેમ તરફ જુઓ અંતરના પ્રેમ તરફ જુઓ.

ઈશ્વર વિષે :

જેમ સાગરનું પાણી નાની ગાગરમાં સમાઈ શકે નહીં તેમ ઈશ્વરનું મોટું મહાત્મ અલ્પ જીવથી યથાર્થ રીતે જાણી શકાય નહીં. ઈશ્વર એટલો બધો મોટો છે કે તે અનંત બ્રહ્માંડોમાં પણ સમાઈ શકે તેમ નથી, પણ જીવ ઉપરની કૃપાને લીધે તે એટલો બધો નાનો થઈ જાય છે કે સાધારણ ભક્તના હૃદયમાં પણ તે સમાઈ જાય છે. જેમ ફુલમાં દોરો છે અને દોરામાં ફુલ છે તેમ ઈશ્વર આપણા અંતરમાં છે અને આપણે પોતે પણ તે ઈશ્વરમાં જ રમી રહ્યા છીએ. આકાશમાં ઉડતાં પક્ષી જેમ ચોતરફથી

આકાશથી ઘેરાયેલાં રહે છે તેમ આપણે પણ જ્યાં હોઈએ ત્યાં સર્વ વ્યાપી ઈશ્વરના રાજ્યમાં છીએ.

કોઈ પણ પિતા પોતાના પુત્રને મારી નાંખવા ઈચ્છતો નથી તેમ ઈશ્વર પણ પોતાના ભક્તોનું બુરું કરવા ચાહતો નથી. જેમ લુલાં લંગડાં આંધળાં છોકરાં ઉપર માનો વધારે પ્રેમ હોય છે તેમ કોઈ ભગતથી તેના આગલા વખતમાં કદી અપરાધો થઈ ગયા હોય તો તે માફ કરી પ્રભુ તેની ઉપર પેલી માતની માફક વધારે હેત રાખે છે. જેમ કોઈ પણ માણસ આખા આકાશને પોતાના હાથમાં પકડી શકે નહીં તેમ કોઈપણ જીવથી ઈશ્વર જાણ્યો જાય તેમ નથી. જે માણસ ઉંચી ટેકરી ઉપર ઉભો રહીને દરિયાની તરફ જોય છે તેની નજર ઘણી લાંબી પહોંચે છે ખરી, પણ તે કાંઈ દરીયાની આરપાર સામેના કિનારા સુધી પહોંચી શકે નહીં, તેમ જ કોઈપણ માણસ ઈશ્વરને જાણવાની તજવીજ કરે તો તે ચોક્કસ હદ સુધી જાણી શકે ખરો, પણ ઈશ્વરનો પુરેપુરો મહીમા જાણી શકે નહીં. સુરજની સામે જોનાર માણસ જેમ તેના તેજમાં અંજાઈ જાય છે, તેમ મહાન પ્રભુના અલૌકીક અદ્ભૂત રૂપને જાણવા ઈચ્છનાર માણસ પણ પ્રભુના અલૌકીક ગુણો તથા શોભાથી વચમાં જ ગુમ થઈ જાય છે. પણ તેનો પાર પામી શકતો નથી. આ જગતની શોભા અને તેની સાથે આકાશના સૂર્યચંદ્ર આદીની સમસ્ત શોભા પ્રભુના સ્વરૂપની શોભા અને સુંદરતા પાસે મહાસાગરમાં માત્ર ટીપાં જેટલી છે. જેમ સુરજને બીજા કોઈપણ પદાર્થમાંથી તેજ લેવાની જરૂર નથી પણ તે પોતે જ પોતાનાં તેજથી પ્રકાશિત છે તેમ પ્રભુ પણ સર્વગુણથી શોભાયમાનને સ્વયં પ્રકાશ છે.

જેમ તારાઓને આપણે દિવસે દેખી શકતા નથી પણ રાતે ખુલ્લે ખુલ્લા દેખી શકીએ છીએ તેમ ઈશ્વરને પણ આ દેહથી આપણે દેખી શકતા નથી પણ જો તેના ગુણગાન કરીએ તો મરણ પછી તેને જાણી શકીએ તેમ છીએ. આપણા આખા ઘરની મુખત્યારી જેમ એકજ આગેવાન માણસના હાથમાં હોય છે, અને જેમ વહાણની મુખત્યારી એકજ કપ્તાનના હાથમાં હોય છે તેમજ આ જગતનું સર્વસ્વ પણ એકજ પ્રભુના હાથમાં છે. ઘરનો બાંધનાર મિસ્ત્રી જેમ ઘરની પહેલાં જ હૈયાત હોય છે અને ઘડીયાલનો બનાવનાર જેમ ઘડીયાલની હૈયાતી પહેલાં જ હોય છે, તેમજ ઈશ્વર પણ આ જગતની અને અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થયા પહેલાં હૈયાત હતો એમ સમજવું. વિચારો કરતાં વિચારોને ઉત્પન્ન કરનાર મન જેમ મોટું છે તેમ આ જગતમાં ઈશ્વરની જે જે કાંઈ શક્તિ અને ડહાપણ જણાય છે તે સર્વે કરતાં તે સર્વેના કરનાર ઈશ્વરમાં કોટાનકોટી ગણી વધારે શક્તિ છે. આપણા આખા શરીરમાં રહેલો જીવ અથવા આત્મા શરીરના જુદા જુદા અંગમાં એટલે કે નાકમાં, કાનમાં, હાથમાં, પગમાં, મોંમાં એમ સૌ અંગમાં થોડો થોડો નથી પણ સર્વ અંગમાં પરીપૂર્ણતાથી વ્યાપી રહેલો છે. તેમ ઈશ્વર પણ આખા જગતમાં પોતાના સર્વ રૂપે સર્વત્ર પરિપૂર્ણતાથી વ્યાપી રહેલો છે.

આકાશની બહાર જેમ કોઈ પણ પદાર્થ નથી તેમ સર્વ વ્યાપક મહાન પ્રભુની દૃષ્ટિ બહાર કોઈપણ ચીજ નથી. જે અગ્નિ પાસે બેસે તેને જેમ ગરમી લાગે છે તેમ જે ઈશ્વરમય થઈને પ્રભુનું ભજન ધ્યાન કરતો રહે છે, તેનામાં રોજ રોજ વધારે વધારે ઈશ્વરી ગુણો આવતા જાય છે. જે ડાળ થડની સાથે જોડાએલી રહે છે તેમાં ફળ ફુલ આવે છે, પણ જે ડાળ થડથી છુટી પડી જાય છે તે સુકાઈ જાય છે, તેમજ જે ઈશ્વરભક્તિ કરતા રહે છે તેઓમાં ઘણા સદ્ગુણો આવે છે, અને જેઓ ભક્તિહિન થઈ ઈશ્વરથી છુટા પડી જાય છે તેઓ ગુણહિણ થઈ જાય છે. આંધળા માણસની સાથે જ્યારે દોરનાર હોય છે ત્યારે તેને જેમ મોટી હિંમત રહે છે તેમ જે એમ જાણે છે કે મારો ઈશ્વર મારી સાથે જ છે તેને કોઈપણ વાતનો ડર રહેતો નથી તેથી તે સર્વ વાતે નિર્ભય થઈને જગતમાં ફરી શકે છે. વૈદને ખબર હોય છે કે આ દરદી હવે મરી જશે પણ તે પોતે કાંઈ તેને મારી નાંખતો નથી, તેમ આપણી માથે જે કાંઈ અડચણો અને દુઃખો આવવાનાં હોય તે સર્વ અગાઉથી જ પ્રભુ જાણે છે. પણ તેથી એ બધાં પ્રભુએજ મોકલેલાં છે એવો ઉંધો વિચાર લેવો નહીં. જેમ મોટા રાજાઓ નાની ચીજોની ભેટ લઈને મોટી બક્ષીસો આપી દે છે તેમ ભક્તોની થોડીક સેવા લઈને, ઈશ્વર તેઓને બહું મોટું ફળ આપી દે છે.

જેમ આ મોટા જગતના માથે સર્વત્ર સુરજ પોતાનું તેજ ફેલાવી રહ્યો છે તેમ પ્રભુ પણ આખા જગતનાં સર્વ પ્રાણીમાત્ર માથે પોતાની કૃપા દૃષ્ટિ વરસાવી રહ્યા છે. કોઈ બાપ પોતાના ઘરનાં છોકરાંઓને એકજ જાતનો ડ્રેસ કરાવી આપે તેથી કાંઈ કોઈ છોકરો એમ ન કહી શકે કે મારા બાપનું હેત મારી ઉપર ઓછું છે. તેમ ઈશ્વર ઘણી વસ્તુઓ સર્વ માણસોને એક સરખી રીતે આપે તેથી તેનું હેત આપણી ઉપર ઓછું છે એમ કાંઈ કહેવાય નહીં. જેમ એક માતા પોતાનાં લુલાં લંગડાં છોકરાઓને પણ પ્રેમથી ઉછેરે છે તેમ કૃપાળુ પ્રભુ અધમ પાપીયો માથે પણ કૃપા દૃષ્ટિ કરી તેઓને પણ નીભાવે છે. જેમ લોહચુંબક સોંયને પોતાની તરફ ખેંચી લે છે તેમ ઈશ્વર પોતાના ભક્તોને પોતાની તરફ ખેંચવા માટે આ જગતમાં થોડું દુઃખ આપે છે.

તમારામાં પ્રભુ પ્રેમ ન હોય તો ?

સદ્ગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

પ્રેમ રસ અતિ મીઠડા, એને દેખે જો કોઈ ચાખરે,
પ્રભુ જો પાવે શીરલગી, ત્યારે હૈડાં દેવે સાખ રે.

ભાઈઓ ! આપણા ધર્મનું તત્વ શું છે ? આપણી સાર્થકતા શેમાં છે ? આપણી જિંદગીનો હેતુ શું છે ? આખી દુનિયાંના કોઈપણ ધર્મવાળા મહાત્માઓનો ઉપદેશ શું છે ? અને પ્રભુની ઈચ્છા શું છે ? એજ કે પ્રભુ પ્રેમથી તમારાં હૃદયતરબોળ કરો. દાનવિના, તપવિના, યોગવિના, કર્મકાંડવિના અને જ્ઞાનવિના બધાંવિના

ચાલી શકશે પણ પ્રભુ પ્રેમવિના ચાલી શકવાનું નથી, કારણ કે પ્રભુ પ્રેમથી જ એ બધામાં ખરી લહેજત આવે છે અને પ્રભુ પ્રેમથીજ એ બધાં કૃતાર્થ થાય છે. પ્રભુ પ્રેમ વિના ગમે એટલી મોટાઈ પણ કાંઈ કામની નથી, ભલે આપણી આણદાણ ફરતી હોય, ભલે આપણા નામનાં જયજયકાર થઈ રહ્યા હોય, ભલે આપણને ઘણીખમાં ઘણીક થઈ રેહી હોય; ભલે આપણા હુકમથી હજારો માણસ છુટી જતા હોય અને હજારો માણસ બંધાઈ જતા હોય, ભલે રીદ્ધિસિદ્ધિ આપણી દાસીઓ થએલી હોય, ભલે કારૂનનો ખજાનાને કુબેરનો ભંડાર આપણી પાસે આવી પડ્યો હોય, ભલે આપણે મુડદાંઓને જીવતા કરતા હોય અને ભલે આપણે આપણા ખભે સ્વર્ગની ચાવીઓના ઝુડાઓ લઈને ફરતા હોય અને બીજાઓનેસ્વર્ગનાં બારણાં ખોલી આપતા હોય પણ જો આપણામાં પ્રભુ પ્રેમ ન હોય ને આપણો જીવ નરકમાં જાય તો એ બધું પણ શું કામનું ? આપણી પાસે કાંઈપણ ન હોય પણ જો પ્રભુ પ્રેમ આપણા અંતરમાં ભરેલો હોય તો પછી બીજી કોઈપણ ચીજની આપણને પરવાહ રહેતી નથી અને બીજું ઘણું હોય પણ પ્રભુ પ્રેમ જેના અંતરમાં ન હોય તેના આત્માને કદી પણ શાંતિ વળતી નથી, જેનામાં પ્રભુ પ્રેમ ન હોય એવા માણસને પણ દૈવયોગે અધિકાર, ધન, રૂપ, માન, મર્તબો વિગે.રે મળી જાય છે પણ તેથી શું ? પ્રભુ પ્રેમ વિના એ બધું ઉલટું બંધન કારકજ થઈ પડે છે. એમ તો જુઓ ને આપણા શેઠીયાઓની તિજોરીની ચાવીઓ સો સો રૂપિયાના પગારદાર બાનકોટી ઘાટીઓની પાસે હોય છે. પણ તેથી તે કાંઈએ ઘાટીઓ શેઠીયાઓની તિજોરીઓના માલિક થોડા જ થઈ બેસે છે. તેમજ આપણી પાસે કદાચ સ્વર્ગની ચાવીઓ હોય તોપણ પ્રભુ પ્રેમવિના તે કાંઈ આપણને પોતાને કામ લાગતી નથી, અને પ્રભુ પ્રેમવિના કાંઈ આપણા આત્માનો ઉદ્ધાર થઈ શકે તેમ નથી, માટે ભાઈઓ ! અને બહેનો ! જેમ બને તેમ આપણામાં ભગવદ્ આવેશ ભરાય તેમ કરો.

સર્વશક્તિમાન પ્રભુ જ સાચવી શકે :

અનુભવી સાધુઓ કહે છે કે, આપણી ઈચ્છાઓ તે આફતનું પડીકું છે. એ આપણાથી સચવાય જ નહીં. અને જો બળ કરીને કે મુર્ખાઈ થી તેને રાખી મૂકીએ તો તે અનેક પ્રકારની નવી નવી આફતો લાવ્યા જ કરે, કારણ કે ઈચ્છાઓ પોતે જ આફતનું પડીકું છે. એ પડીકાંમાંથી જેમ જેમ ભુકી વેરાતી જાય તેમ તેમ આફતો વધતી જાય છે એટલે તે આપણાથી સાચવી શકાયજ નહીં. કારણકે આપણા અહંભાવમાંથી નીકળેલી આપણી ઈચ્છાઓ તે સેતાનનું બીજું રૂપ છે. એટલે ભગવદ્ આશરાના બળ વિના કદી પણ તે આપણા તાબામાં રહી શકે જ નહીં. તેનેતો સમર્થમાં સમર્થ - કાળના પણ કાળ ભયના પણ ભય અને તેમ છતાં પણ આનંદ રૂપ એવા સર્વ ગુણ સંપન્ન મહાન પ્રભુનેજ સોંપી દેવી જોઈએ. સર્વ શક્તિમાન પ્રભુજ એ સેતાનને

સાચવી શકે. આપણાથી એ આફતનું પડીકું સચવાયજ નહી. માટે ખરૂં ડહાપણ એજ છે કે આપણી ઈચ્છાઓ પ્રભુને સોંપી દેવી, ખરો પુરૂષાર્થ તો એનું જ નામ છે કે આપણી ઈચ્છાઓ પ્રભુને સોંપીને આપણે પ્રભુમય થઈ જવું. સાચી ભક્તિતો એજ છે કે પ્રભુની ઈચ્છામાંજ આપણી ઈચ્છાનો લય કરવો. અને ખરૂં સ્વર્ગતો એજ છે કે મુવા પછી નહીં પણ જીવતાંજ આપણી ઈચ્છાઓ પ્રભુને સોંપીને સર્વાત્મ ભાવથી પ્રભુપરાયણ થઈને પ્રભુની ઈચ્છામાંજ જીવવું. જે પોતાની ઈચ્છાઓને તજી શકે-પ્રભુને અર્પણ કરી શકે તેજ ખરો ડાહ્યો, તેજ ખરો બહાદુર, તેજ ખરો યોગી, તેજ ખરો ભક્તને તેજ ખરો જ્ઞાની છે અને તેજ પ્રભુના કૃપા પાત્ર છે. માટે અંતરની વાસનાઓ છોડી એવા સાચા ભક્ત થવાની હોંશ રાખો.

પ્રભુને આપણી ઈચ્છા સોંપી દેવી :

આપણું એક એક કામ પ્રભુને અર્પણ કર્યા કરીએ તો ક્યાં આરો આવે ? માટે બહેતર તો એજ છે કે, આપણી સર્વ ઈચ્છાઓ પ્રેમ પૂર્વક દિનતાથી મહામંગળમય શ્યામસુંદર પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુને અર્પણ કરી દેવી. ઈચ્છાઓ અર્પણ કરવી અને કર્મો અર્પણ કરવાં એની વચ્ચે બહુ મોટો ભેદ છે. ઈચ્છાઓ અર્પણ કરી દેવી એટલે આંબાનું ઝાડ પ્રભુને આપી દેવા બરાબર છે. અને કર્મો અર્પણ કરવા એટલે એક એક પાંદડું, એક એક ફુલ અને એક એક ફળ તોડીને આપવા જેવું છે, આવી રીતે ફુલ પાંદડાં તોડી તોડીને આપવાં એમાં આપનારને પણ દુઃખ થાય છે અને લેનારને પણ કંટાળો લાગે છે. કારણ કે આંબો એવડો મોટો છે કે, તેનું એક એક પાંદડું ને ફુલ તોડતાં તો વરસોનાં વરસો ચાલ્યાં જાય તોપણ આરો આવે નહીં. ને એટલા વખતમાં તો જયાંથી પાંદડું તોડ્યું હોય ત્યાં તો મોટી મોટી ડાળો બની જાય, ને તેનાં પાછાં હજારો પાંદડાં થઈ જાય, એ બધાં ક્યારે આપી શકાય ? અને કેમ આપી શકાય ? એવી રીતે આપવું એ તો રમતીયાળ છોકરાંઓનું કામ છે. જ્ઞાની ભક્તોનું એ કામ નથી, એક એક પાંદડું ને એક એક ફુલ આપ્યા કરવું એ આપનારની કૃપણતા છે, અને તેનો ઓછો પ્રેમ દેખાડનાર છે, એવી રીતે કરનારાઓ અનંત બ્રહ્માંડોને ચલાવનારા પ્રભુનો મહિમા બરોબર સમજતા નથી એમ જાણવું. કારણ કે જો તેઓ સર્વવ્યાપક દેવાધીદેવ કરૂણાના ભંડાર, નોધારાના આધાર, ભક્તના હૈયાનાહાર પવિત્ર પ્રભુનો મહિમા પુરેપુરો જાણતા હોય, ને તેઓના મનમાં ખરો પ્રેમને પુરો વિશ્વાસ હોય તો આંબાનું ઝાડજ કાં ન આપી દે ? પોતાની ઈચ્છાજ કાં ન સોંપી દે ? પોતાની મુડીજ કાં ન સોંપી દે ? એક એક પાઈ શા માટે આપ્યા કરે ? યાદ રાખજો કે જયાં સુધી આપણે આપણું એક એક કર્મ પ્રભુને આપ્યા કરીએ ત્યાં સુધી કદી પણ આપણાં પુરેપુરાં કર્મ પ્રભુને આપી શકાય જ નહીં. અને જયાં સુધી આપણાં પુરેપુરા કર્મ પ્રભુને ન અપાય ત્યાં સુધી આપણે સર્વોત્તમ ભાવથી પ્રભુને શરણ થઈ શકીએ નહીં. માટે ભાઈઓ !

ગહન ગતિવાળાં કર્મોની જાળમાં નહીં પડતાં તમારી ઈચ્છાઓ પ્રભુને સોંપી દો, અને પ્રભુની ઈચ્છાને આધીન થઈ જાઓ. એટલે સ્વર્ગ આ પૃથ્વીમાંજ - તમારા ઘરમાં જ - તમારા હૃદયમાં જ અને તમારી હથેળીમાં જ આવી પડશે.

પ્રભુ પોતાનાં બાળકોને વિસારી મુકશે નહીં. :

જે બાપ પોતાનાં છોકરાંઓ માટે મોટા મહેલ બંધાવે, તેમાં હાંડી ઝુમર વિગેરે ઉંચામાં ઉંચુ સુંદર ફરનીચર ગોઠવાવે, એ મહેલમાં દરેક પ્રકારની મોજશોખની ઉમદી વસ્તુઓ ગોઠવાવે અનેક પ્રકારના સુગંધી ફુલો તથા મીઠાં ફળોના બગીચા તૈયાર કરાવે, નિર્મળ પાણીના ઝરાઓ તથા સુંદર વિશાળ તળાવો બનાવે, અને પોતાનાં બાળકો માટે દરેક પ્રકારની તજવીજ રાખી મહાનશક્તિઓની બક્ષીસ કરે તે પરમ દયાળુ પિતા પોતાનાં છોકરાંઓને શું ભુખે મારશે ? જે સમર્થ ધણી આટલું બધું કરે છે તે બાપ શું પોતાનાં છોકરાંઓને ખાવા માટે અન્ન નહીં આપે ? એ બનેજ કેમ ? એ મોટા મહેલરૂપી આ જગત છે, સુરજચંદ્ર તેનાં ઝુમર છે. આકાશના ગ્રહો તેની હાંડીયો છે. અઢારભાર વનસ્પતિ એ તેનો બગીચો છે અને સુંદર તળાવો તથા નિર્મળ ઝરાઓ એ બધું જેણે આપણે અગાઉથીજ તૈયાર કરી રાખેલું છે તે મહાન દયાળુ પ્રભુ આપણને ભુખે કેમ મારશે ? વિશ્વાસ રાખો ભાઈઓ, કે તે દયાનો સાગર જગતકર્તા પ્રભુ હરિજનોને ભુખે મરવા દેશે નહીં.

જમીનના પેટામાં રહેનારા કીડાઓ, જળમાં રહેનારાં માછલાંઓ, હવામાં ઉડનારાં પક્ષીઓ અને જંગલમાં રહેનારાં વાઘવરૂ આદિને પણ જે ભૂલી જતો નથી તે તમને કેમ ભૂલી જશે ? જે પાલનહાર પ્રભુ એવા અબુધ જીવોને પણ પાળે છે તે સમર્થ પ્રભુ ઉત્તમ મનુષ્યોને કેમ ભુલી જશે ? નહીં જ ભુલે નહીંજ ભુલે પણ આપણા વિશ્વાસનીજ ખામી છે. જંગલમાં રહેનારા હાથીને આકાશમાં ઉડનારા ગરૂડને અને પાણીમાં રહેનારા મગરને તમારાકરતાં ઘણું વધારે ખાવાનું જોઈએ છે, તેને પણ વિશ્વંભર નામ ધરાવનાર મહાનપ્રભુ દરરોજ પુરું પાડે છે, ત્યારે શું તે સર્વ શક્તિમાન પ્રભુ તમોને શેર અન્ન નહીં આપી રહે ? કબુતર અને કાગડાની ક્યાં વખારો છે ? અને તેઓ ક્યા ખેતરમાં વાવવા જાય છે ? છતાં પણ તેઓ નભે છે. માછલાંઓ ક્યા શેઠની નોકરી કરે છે ? અને સાપ કોની દલાલી કરવા જાય છે ? છતાં પણ તે સૌને મળે છે ત્યારે તમે કાંઈ રહી જવાના નથી, માટે કોઈએ જરા પણ અવિશ્વાસ કરવો નહીં. પણ પૂર્ણ પ્રેમથી પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો, અને પ્રભુના હુકમ મુજબ જિંદગીની ફરજો રૂડી રીતે બજાવ્યા કરવી તો પ્રભુ આપણને છોડી દેશે નહીં.

પ્રભુ પોતાના જીવો માટે કેટલી બધી ફીકર રાખતો હશે :

એક માણસે પોપટ પાળેલો હતો તેને માટે તે દરરોજ પેરૂ મરચાં વિગેરે

લાવતો હતો. જો કોઈ દિવસ તેને માટે ખાવાનું ન લાવી શકે તો ફળને બદલે બીજું કાંઈ તેને ખાવા આપતો હતો. અને બરોબર ખાવાનું ન આપી શકાય તો અંદરથી જીવ બાળતો હતો. સ્વાર્થી માણસો - પાપમાં ફસાએલાં માણસો પણ જ્યારે પોતે પાળેલાં જાનવરો માટે એટલી બધી કાળજી રાખે છે ત્યારે સમર્થને પવિત્ર પ્રભુ પોતે બનાવેલાં માણસોને માટે કેટલી બધી કાળજી રાખતો હશે એ ખ્યાલ તો કરો. જે મહાનપ્રભુ પશુઓને ઘાસચારો આપી રહ્યો છે, પક્ષીઓને ફળફુલ આપી રહ્યો છે અને માછલાંઓ તથા કીડાઓને પણ તેઓને અનુકૂળ પડતો ખોરાક આપી રહ્યો છે તે કૃપાળુ પ્રભુ માણસો અને તેમાં પણ ભગતોને કેમ ભૂલી જશે ? શું એટલો પણ વિશ્વાસ નથી આવતો ? જે અખંડાનંદ પ્રભુ અનંત બ્રહ્માંડો ચલાવી રહ્યો છે તેને આપણે શું ભારે પડવાના છીએ ? માટે ભાઈઓ ! પ્રભુ ઉપર વિશ્વાસ રાખો, પ્રભુ ઉપર વિશ્વાસ રાખો, અને ધીરજ રાખો એટલે સૌ સારાવાનાં થશે.

જે દયાળુ પ્રભુએ કૃપા કરીને આપણને આવડા મોટા કર્યા, અને આજ દિવસ સુધી નિભાવ્યા તે પ્રભુ હવે આપણને કેમ છોડી દેશે ? આપણને નિભાવી લેવા માટે આપણને ખબર પણ ન પડે તેવી રીતના તેની પાસે અનેક રસ્તાઓ છે. જેમ નાળીએરમાં અજબ રીતે ચોખું મીઠું પાણી ભરાય છે તેમ અજબ રીતે પ્રભુ આપણાં કારજ ઉકેલી આપશે માટે હે ભગવદીજનો ! વૃથા શોક કરશો માં, પણ ખોટા શોકમાં પડી પ્રભુને ભૂલી જવાય નહીં એ ફીકર રાખજો.

પ્રભુની ઈચ્છા પ્રમાણે ચાલવાથી પ્રભુ વધારે રાજી થાય છે :

એક મહાત્માને કોઈ મનુષ્યે સવાલ પુછ્યો કે, આપણી જિંદગીનો હેતુ શું ? ત્યારે તે મહાત્માએ જવાબ દીધો કે, પ્રભુને પ્રસન્ન કરવો એ આપણી જિંદગીનો હેતુ છે. સાધુએ પુછ્યું કે, પ્રભુ શાથી પ્રસન્ન થાય છે ? મહાત્માએ કહ્યું કે તેની ઈચ્છા પ્રમાણે વર્તવાથી. સાધુએ કહ્યું કે, અમે સાંભળતા આવ્યા છીએ કે રૂડાં કામો કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. મહાત્માએ કહ્યું કે, "મારી ઈચ્છાને આધીન થવાથી હું પ્રસન્ન થાઉં છું." એ પ્રભુની પહેલી આજ્ઞા છે, અને રૂડાં કામો કરવાથી હું પ્રસન્ન થાઉં છું, એ પ્રભુની બીજી આજ્ઞા છે. કારણ કે મોટાંને ભલાં કામો કાંઈ દરેક માણસ કરી શકે નહીં. એવાં કામો કરવામાં તો દેશ, કાળ અને બીજા ઘણાં સાધનોની જરૂર છે. એવી અનુકુળતા કાંઈ બધાં માણસો પાસે હોય નહીં. એટલે દુનિયાનાં બધા માણસોથી કાંઈ મોટામાં મોટાં, ઘણામાં ઘણાંને સારામાં સારાં કામો થઈ શકે નહીં. પણ ભગવદ્ ઈચ્છાને આધીન થવામાં કાંઈ દેશકાળ કે બીજાં સાધનોની જરૂર નથી તે તો કોઈપણ દેશમાં, કોઈપણ કાળમાં, ને કોઈપણ સ્થિતીમાં કાંઈપણ સાધનો વિના પણ પાળી શકાય છે. માટે આપણી ઈચ્છાઓ પ્રભુને સોંપી દેવી ને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવું એ પ્રભુની પહેલી આજ્ઞા છે, અને રૂડાં કર્મો કરવાં એ પ્રભુની બીજી આજ્ઞા છે.

એ બે આજ્ઞાથી સર્વ શક્તિમાન પરમાત્માનું પરમદયાળુ પણું બરાબર રીતે સમજાય છે. કેમકે જો રૂડાં કામો કરવાની આજ્ઞા પ્રભુએ પહેલી મુકી હોત, તો તે દરેક માણસોથી સહેલાઈથી પાળી શકાત નહીં. કારણ કે એમ બનવું એ કાંઈ ખાસ માણસોના હાથમાં નથી પણ આજુબાજુના સંજોગને આધારે છે. પણ સર્વાત્મભાવથી ભગવદ્ઈચ્છાને આધીન થઈ જવું એમાં કોઈજાતના સંજોગની જરૂર નથી એટલે તે દરેક માણસથી સહેલાઈથી બની શકે તેમ છે, માટે ભાઈઓ ! તન-મન-ધનથી ભગવદ્ ઈચ્છાને આધીન થઈને હમેશાં રૂડાં કામો કરવાની ભાવના રાખો.

ભગવદ્ ઈચ્છાને આધીન થવું :

ઘણાં માણસો કહે છે કે આપણે મોટાંને ભલાં કામો કરવાં જોઈએ. બેશક એ બહુ રૂડા વિચાર છે, અને તે ઈશ્વરની આજ્ઞા છે. પણ આપણે જોઈએ છીએ કે, એમ કરવું એ કાંઈ દરેક માણસોથી પુરેપુરૂં બની શકતું નથી. હું યજ્ઞ કરવા ઈચ્છું છું પણ મારી પાસે પૈસા ક્યાં છે ? હું માંદાઓને સાજાં કરવા ઈચ્છું છું પણ મારી પાસે તેની દવા ક્યાં છે ? હું વેદના અર્થ કરવા ઈચ્છું છું, પણ તે સમજાવનારા ક્યાં છે ? અને તેનું રહસ્ય ગ્રહણ કરી શકે એવી મારામાં બુદ્ધિ ક્યાં છે ? હું ભુખ્યાઓને જમાડવા ઈચ્છું છું, પણ મને પોતાને જ જમવાનું ઠેકાણું ક્યાં છે ? હું નવી નવી શોધ કરવાની ઈચ્છા રાખું છું પણ પ્રથમ આશ્રય આપવાવાળા ક્યાં છે ? દુકાળમાં ઢોરોને મરતાં બચાવવા હું ઈચ્છું છું પણ ઘાસ ક્યાં છે ? હું રાજ્યનાં બંધારણ સુધારવા માગું છું પણ મારી પાસે સત્તા ક્યાં છે ? હું ધર્મમાં સુધારા કરવા માગું છું, પણ મારું સાંભળે છે કોણ ? અને હું સંન્યાસ લેવા ઈચ્છું છું, પણ મારા અંતરમાં તીવ્ર વૈરાગ્ય ક્યાં છે ? આ બધાં સારાં કામો છે, મોટાં કામો છે, અને પ્રભુને વ્હાલા કામો છે, પણ સાધનોની ખામીને લીધે દેશકાળની અડચણોને લીધે, અને માણસોના મમત તથા મુર્ખતાને લીધે તે બધાથી બની શકે તેમ નથી. પણ જો ભગવદ્ ઈચ્છા ઉપર રહેવા માગું તો તે મારાથી બની શકે તેમ છે. મારો ડગલો ફાટેલો હોય તો હું એમ માની શકું કે એ ભગવદ્ ઈચ્છા છે. આપણે પુર્વે પૂણ્ય નહીં કર્યા હોય તે આ ભવમાં ક્યાંથી પામીએ ? મારી ચોપડી ખોવાઈ જાય તો હું એમ ધારી શકું કે એ ભગવદ્ ઈચ્છા છે. હું માંદો પડું તો એમ માની શકું કે એ ભગવદ્ ઈચ્છા છે. દેહના દંડ દેહે ભોગવવા જોઈએ. મારૂં કોઈ અપમાન કરે તો હું એમ માની શકું કે એ ભગવદ્ ઈચ્છા છે. કારણ કે આપણે પણ કોઈકનાં અપમાન કર્યા હશે તેનાં ફળ ભોગવવાં જ જોઈએ. મારે ઘેરે દીકરો આવે તો હું એમ માની શકું કે એ પ્રભુ કૃપા છે. મારો દાદો મરી જાય તો હું એમ માની શકું કે જેવી હરિની ઈચ્છા. મારી ઉપર કોઈની મહેરબાની થાય તો હું એમ માની શકું કે એ ભગવદ્ કૃપા છે. મને ધંધા રોજગારમાં કાંઈ લાભ થાય તો હું એમ માની શકું કે એ ભગવદ્ કૃપા છે. મને સત્સંગનો લાભ મળે અથવા મારે માટે

કાંઈ ધર્મનું કામ થાય તો હું એમ માની શકું કે એ ઈશ્વર કૃપા છે. અને મારે હાથે કોઈને કાંઈ ફાયદો પહોંચે તો હું એમ માની શકું કે એ તો ભગવદ્ ઈચ્છા છે, એમાં મારું શું છે ? હું તો નિમિત્ત માત્ર છું. આવી રીતે કોઈપણ સ્થિતિમાં ભગવદ્ ઈચ્છા માની શકાય છે. એટલું જ નહીં પણ એવી રીતે માનવાથી હરખ શોકથી બચી શકાય છે, તથા અભિમાનથી બચાય છે. અને વ્યવહારમાં રહ્યા છતાં વ્યવહારથી અલગ રહી શકાય છે. સંસારમાં રહ્યા છતાં સંસારના ઘા થી બચી શકાય છે. અને બહારથી દેખાતી હજારો જંજાળ છતાં પણ અંતરમાં શાંતિ રહી શકે છે. માટે આપણી ઈચ્છાઓ ભગવાનને સોંપી દેવી અને ભગવાનની ઈચ્છાને આધીન થઈ જવું એજ સર્વ ધર્મનો સાર છે. એજ સર્વ સુખોનું સુખ છે. એજ શાંતિનો ઉતમમાં ઉત્તમ રસ્તો છે. એજ ખરાભક્ત છે. અને પ્રભુની ઈચ્છાને આધીન થઈ હરખ શોકમાં સમાનવૃતિ રાખી જે સ્થિતિમાં પ્રભુએ રાખ્યા હોય તેમાં આનંદથી રહેવું ને પ્રભુ પરાયણ કર્મો કર્યા કરવાં એનું જ નામ સંસારમાં સ્વર્ગ ભોગવવું છે.

પ્રભુ કેવા છે ?

એક શિષ્યે ગુરૂને પુછ્યું કે, મહારાજ ! પ્રભુ કેવા છે ? ત્યારે ગુરૂએ કહ્યું કે પછી કહીશ એમ કરતે કરતે ઘણા દિવસ થઈ ગયા ત્યારે શિષ્યે પાછું પુછ્યું કે મહારાજ ! પ્રભુ કેવા છે ? ત્યારે ગુરૂએ કહ્યું કે પછી કહીશ. જ્યારે જ્યારે શિષ્ય એ સવાલ પુછે ત્યારે ગુરૂ એમ જવાબ દીધા કરે કે પછી કહીશ. ઘણી વખત એમ થયાથી એક વખતે શિષ્યએ ખાસ આતુર થઈને પુછ્યું કે મહારાજ ! એમ ઉડાવ્યા કાં કરો ? ત્યારે ગુરૂએ કહ્યું કે, બેટા, જેમ જેમ હું ઈશ્વર સબંધી વધારે વધારે વિચાર કરૂં છું તેમ તેમ તે વધારેને વધારે દૂર થતો જાય છે, તેનો પત્તોજ લાગતો નથી. બેટા, જેમ એક ચમચાથી સમુદ્ર ઉલેચી શકાય નહીં, તેમ જીવથી ઈશ્વર જાણ્યો જાય તેમ નથી. ગાગરમાં જેમ સાગર સમાય નહીં તેમજ પ્રભુનું મોટું મહાત્મ અલ્પ જીવથી યથાર્થ રીતે જાણી શકાય નહીં. માટે જ પ્રભુએ ગીતામાં કહેલું છે કે, અર્થ યોગ માયાથી ઢંકાએલો હોવાથી હું સર્વને દેખાતો નથી. વળી પણ કહ્યું છે કે,

वेदाहंसमतीतानि वर्तमानानिचार्जुन,
भविष्यवाणिच भूतानि मां तुवेद न कश्चन;

ગી.અ. ૭ - શ્લોક - ૨૬

હે અર્જુન હું થઈ ગએલાં થતાં તેમ થનારાં સર્વ પ્રાણી પદાર્થને હું જાણું છું, પણ મને કોઈ જાણતું નથી. મહાન પ્રભુનું સ્વરૂપ આવું અગમ્ય છે. ઈન્દ્રીયો, મન, વાણી કે બુદ્ધિ ત્યાં પહોંચી શકતાં નથી, માટે આડાં અવળાં લફરાંમાં કે તર્ક વિતર્કની જાળમાં નહીં પડતાં દઢ વિશ્વાસથી પ્રભુનાં ચરણનું શરણ ધરી લેવું જોઈએ.

ઈશ્વર સર્વ વ્યાપક છે :

'ઈશ્વર આગળ છે, પાછળ છે, અંદર છે, બહાર છે, ઉપર છે, નીચે છે, અને દશે દિશામાં વ્યાપી રહ્યા છે. ડુંગરની ટોચ ઉપર, સમુદ્રના તળીયાંમાં વેરાન જંગલના મધ્યમાં, અંધારી ગુફામાં, આપણે રહીએ છીએ તે ઘરમાં, આપણે સુઈએ છીએ તે ઓરડીમાં, આપણે પ્રાર્થના કરીએ છીએ તે મંદિરમાં, અને આપણા અંતરમાં પણ સત્‌ચિદાનંદ સ્વરૂપ સર્વ વ્યાપી પ્રભુનો વાસ છે. એવી કોઈ પણ જગ્યા નથી કે જયાં અખંડાનંદ પ્રભુ ન હોય.

ઈશ્વર સર્વ વ્યાપી છે એટલે એક જગાએ તેનો હાથ છે, બીજે ઠેકાણે તેનો પગ છે, ત્રીજે ઠેકાણે તેનું માથું છે, ચોથે ઠેકાણે તેનું પેટ છે એમ નથી, પણ તે જયાં છે ત્યાં એટલે સર્વત્ર પોતાનાં સ્વરૂપે, સર્વકળા, સર્વસત્તા અને સર્વ સામર્થ્ય યુક્ત હોય છે. વ્યાપક ઈશ્વર મોટામાં મોટો છે એટલે અનંત બ્રહ્માંડોમાં તે એકજ રૂપેને અનેકરૂપે વ્યાપી રહ્યો છે, અને ઈશ્વર નાનામાં નાનો છે એટલે કે તે કૃપાવંત થઈને એવો નાનો બની જાય છે કે તે ભક્તના હૃદયમાં પણ સમાઈ જાય છે, એનું સ્વરૂપ અકળ છે, અને એનું સામર્થ્ય મનુષ્યની શક્તિની બહાર છે. માટે એમાં ખોટી શંકાઓ નહીં કરતાં દિનતાથી ને વિશ્વાસથી તે સર્વવ્યાપી પ્રભુના ચરણનું શરણ ધરી લેવું એજ કલ્યાણનો સાચો રસ્તો છે.

આપણા અપરાધો માફ કરવાને પ્રભુ તૈયાર છે :

લુચ્ચો છોકરો જેમ બાપની સામે થઈને, બાપનું ઘર તજી દે છે, તેમ આપણે પ્રભુની સામે થઈને પ્રભુના હુકમોનું અપમાન કરીને એટલે કે આપણા ધર્મની આજ્ઞાઓ તોડીને પ્રભુની કૃપામાંથી આપણી મુર્ખાઈથીજ આપણે નીકળી જઈએ છીએ. પણ બાપનું ઘર છોડીભાગી ગએલો છોકરો જો પાછળથી પસ્તાઈને પોતાની ચાલ સુધારે, અને બાપની માફી માગે, તો ભલો બાપ તેને પાછો પોતાના ઘરમાં લે છે અને પોતાની મિલ્કત તેને આપે છે, તેમજ જો આપણે પણ આપણાથી થઈ ગએલાં પાપો માટે ખરા દિલથી પશ્ચાતાપ કરીએ, તથા એ પાપનું પ્રાયશ્ચિત કરીએ, એટલે કે તેને બદલે રૂડાં કામો કરીએ અને ભગવદ્ આશરાનું બળ રાખી દિનતાથી દયાળુ પ્રભુની માફી માગીએ, તો તે સર્વ શક્તિમાન પ્રભુ આપણને પોતાના શરણમાં લેવાને અને આપણી ઉપર ખાસ વિશેષ કૃપા કરવાને સદા સર્વદા તૈયાર છે. એક પળની પણ તેની ખોટ નથી, ખોટ માત્ર આપણી જ છે તેનાં સ્વર્ગનાંને મોક્ષનાં બારણાં તો આપણે માટે જયારે જોઈએ ત્યારે ખુલાંજ છે, એટલું જ નહીં પણ મહાત્માઓ કહે છે કે, સ્વર્ગને બારણાંજ નથી, તે તો ચાર દિશાઓ ચાર ખુણાઓ અને ઉપર તથા નીચે એમ દશે દિશાએથી સર્વને માટે ખુલ્લું જ છે. મહાન પ્રભુની જીવો ઉપર એવી અનંત

દયા છે કે ત્યાં જાતી નથી ત્યાં ધર્મ નથી ત્યાં વર્ણ નથી, ત્યાં આશ્રમ નથી ત્યાં ઉંચનીચપણું નથી ત્યાં ગરીબાઈ કે મોટાઈ જોવાતી નથી, ત્યાં ગોરી કે કાળી ચામડી જોવાતી નથી, ત્યાં પંડીતાઈ કે મુર્ખાઈ જોવાતી નથી, અને ત્યાં પ્રભુના સર્વદા ખુલ્લાં રહેલાં સ્વર્ગમાં લેભાગુ ગુરૂઓ કે ટીલાં ટપકાં જોવાતાં નથી પણ ત્યાં તો ભગવદ્ આશરાનું બળ અને પ્રભુ પ્રેમ જ જોવાય છે. જેનામાં પ્રભુ પ્રેમ વધારે હોય, દીનતા વધારે હોય અને ભગવદ્ આશરાનું બળ વધારે હોય તે સીધી રીતે ઝપાટાબંધ સ્વર્ગમાં ને પ્રભુની હજુરમાં જઈ શકે છે, અને પ્રભુના મહાન વૈભવો ભોગવી શકે છે. ભાઈઓ ! આ બધું ભક્તિથી અને દયાળુ પ્રભુનાં પવિત્ર નામથી થાય છે, માટે ખરા જીગરથી પાપની માફી માગો, બુરી ટેવો સુધારો અને રૂડા થવાની ચાહના રાખો, એટલે સર્વશક્તિમાનને કૃપાના ભંડાર પ્રભુ તમારી ઉપર અવશ્ય કૃપા કરશે. અને તમને મોટા ભગત બનાવી તુરત જ પોતાના શરણમાં લઈ લેશે, માટે ઓ ભુલા પડેલા ભાઈઓ અને બહેનો ! અનંતકાળનાં અખંડ સુખો લુંટવા માટે મહાન દયાળુ પ્રભુનું શરણ ધરો, પ્રભુનું શરણ ધરો અને ભગવદ્ આશરાનું બળ રાખતાં શીખો.

સર્વશક્તિમાન પ્રભુ મહાન દયાળુ છે :

ભાઈઓ ! તમે વિચાર કરો કે જો પાપીઓની ઉપર પ્રભુ તુરતજ ગુસ્સે થાય તો તેને મારી નાંખતાં પ્રભુને શું વાર લાગે તેમ છે ? મહાકાળના પણ કાળ સમર્થ પ્રભુની પાસે પાપીઓને મારી નાંખવાનાં હજારો સાધન છે અને એકજ ફટકે પળ માત્રમાં તે લાખો બ્રહ્માંડોનો નાશ કરી શકે તેમ છે. તે ચાહે તો જરાકવારમાં સમુદ્ર ઉછાળીને પૃથ્વીને ડુબાવી દે. તે ચાહે તો એક ક્ષણમાં વીજળીથી સત્યાનાશ કાઢી શકે, તે ધારે તો અતિ વરસાદથી દુનિયાં ફનાં કરી દે. તે ધારે તો ભયંકર દુકાળથી લોકોને દુઃખી કરી શકે, તે ધારે તો હવા બગાડીને દુનિયાનો નાશ કરી શકે, તે ધારે તો નવા નવા રોગો ઉત્પન્ન કરી ને પાપીઓને મારી શકે. તે ધારે તો જ્વાળામુખી પહાડોના ફાટવાથી મુલકો ઉજડ કરી શકે, તે ધારે તો ધરતીકંપના આંચકાથી દુનિયાં હલાવી નાંખીને ઉથલપાથલ કરી શકે. અને તે ધારે તો માણસોની બુદ્ધિ ફેરવી નાંખી અંદર અંદર કાપાકાપી કરાવીને સૌનો નાશ કરી શકે. પાપીઓને શિક્ષા કરવાનાં આવી જાતના મહાનપ્રભુ પાસે હજારો રસ્તા છે. પણ પ્રભુ દયાળુ છે.એટલે તે આપણને તુરતા તુરત શિક્ષા કરવા ચાહતો નથી. માટે જ તે આપણને બચાવી લે છે. અને તેથીજ તેણે ઈન્સાફને પાછળ રાખેલો છે. એવી ઈચ્છાથી કે હજી પણ વખત છે તો માણસો સુધરે અને પોતાના આત્માના કલ્યાણના રસ્તામાં તથા અનંતકાળનાં અખંડ સુખનાં ધામમાં આવે, પણ આપણે પામર જીવો એવા અભાગીયા છીએ કે સમર્થ પ્રભુની અનંત દયાને આપણે સમજી શકતા નથી અને એ દયાનો લાભ લેવા માટે જે આ રૂડો વખત મળેલો છે, રૂડો ધર્મ મળેલો છે, રૂડા દેશમાં જન્મ મળેલો છે, ભલાં

મા-બાપને પેટે અવતાર મળેલો છે, રૂડાં રાજ્યથી ધર્મનું છુટાપણું મળેલું છે, ઉત્તમ ગુરૂઓ મળેલા છે, અને આજુબાજુના સારાં સાધનો તથા નીરોગી શરીરને લાંબી જીંદગી મળેલી છે. એ બધી દયાળુ પ્રભુની અખુટ દયા જ છે, પણ અફસોસ કે પ્રભુની એટલી બધી દયા છતાં પણ આપણે અપરાધી જીવો તેનો જેવો જોઈએ તેવો લાભ લઈ શકતા નથી ને ઉલટો એ દયાનો માઠો ઉપયોગ કરી રોજ રોજ વધારે પાપમાંજ ફસાતા જઈએ છીએ. પણ ભાઈઓ ! યાદ રાખજો કે પ્રભુને ત્યાં કાંઈ પોપાંબાઈનું રાજ નથી તેતો આપણો અને આપણા જેવા અગણીત જીવોનો એક પલમાં નાશ કરી શકે તેમ છે. પણ હજી પણ આપણે સુધરશું એવી આશાથીજ પ્રભુ પોતાની દયાને લીધે આપણને બચાવે છે. પણ જો આપણે છેવટ સુધી પણ નહીં જ સુધરીએ તો પછી યાદ રાખજો કે જેમ તેની દયા અખુટ છે તેમજ તેની શિક્ષા પણ ભયંકર છે. અને ઈન્સાફનો દિવસ પણ કાંઈ દૂર નથી, માટે ભાઈઓ ! ચેતો, ચેતો અને જેમ બને તેમ કોઈપણ રસ્તેથી પ્રભુના શરણમાં આવો. પ્રભુના શરણમાં આવો. પ્રભુના શરણ વિના પાપોની ભયંકર શિક્ષામાંથી બચવાનો બીજો કોઈપણ ઉપાય નથી માટે જેમ બને તેમ આપણા આચાર વિચાર સુધરે, આપણી રહેણી કરણી સુધરે, અને આપણું અંતઃકરણ પ્રભુમય થાય તેમ કરો.

મુંગો ગોળ ખાય તેનો સ્વાદ કેમ કહી શકે ?

મુંગો માણસ ગોળ ખાય ત્યારે તે તેને મીઠો લાગે અને ફરી ફરી ખાવાની ઈચ્છા થાય પણ તેનો સ્વાદ તે બીજાઓને કેમ કહી શકે ? કારણ કે તે પોતે જ મુંગો હોય છે. તેમજ જેઓને પ્રભુના નામની લેહ લાગી છે જેઓએ ધર્મને અર્થે પોતાની જિંદગી અર્પણ કરેલી છે, અને જેઓ પ્રભુમય થઈ ગએલા છે તેવા અનન્ય ભક્તો પણ મુંગા જેવાજ છે. એ ઈશ્વરી આનંદ તેઓના હૃદયમાં એવો જામી ગએલો હોય છે કે બસ તેમાંજ તદાકાર થઈને તેઓ મસ્ત પડ્યા રહે છે તેઓની ઘણીએ ઈચ્છા થાય છે આ મહાસ્વાદ અમે બીજાઓને સમજાવીએ પણ તેઓ પુરેપુરી રીતે સમજાવી શકતા નથી. કારણ કે ભકિતનાં સુખડાંને ભગવદ આવેશના અલૌકિક લ્હાવા કાંઈ શબ્દોથી કહી શકાય તેમ નથી. માણસોની ભાષા ઈશ્વરી આનંદનું વર્ણન કરવામાં અપુર્ણજ છે. એટલે પ્રભુંથી ને આશરાનાં બળથી અંતરમાં જે સુખ મળે છે તે કહી બતાવવાની બાબતમાં માણસો મુગાંજ છે, કારણ કે ત્યાં વેદની વાણી પણ પહોંચી શકતી નથી, ત્યારે આપણી અધુરી ભાષાની તો વાતજ કયાં રહી ? મુંગો જેમ પોતે ખાધેલા સાકરના સ્વાદની વાત ઈસારતથી ને હાવભાવથી સમજાવે છે અને તેમાંથી જેમ ચતુર માણસો ચેતી જાય છે, તેમ અલૌકિક ઈશ્વરી આનંદની બાબતમાં પણ સમજાવવાનું છે. ભકતોના રદયના મસ્ત ઉભરા, તેઓના ચહેરાની શાંતિ, તેઓના આત્માની સ્થિરતા,

આપણને મોટા લાગતા દુનીયાદારીના પદાર્થો ઉપરનો તેઓનો અભાવ, સુખ દુઃખમાં તેઓની સમતા, માનઅપમાનમાં તેઓની ધીરજ, પ્રભુનાં પવિત્ર નામની તેઓની લાગી ગયેલી તાળી, અને મરતી વખતની તેઓની શાંતિ એ બધાં ઉપરથી ઈશ્વરી આનંદનો આપણે ખ્યાલ કરવો જોઈએ. કારણ કે એ શબ્દોથી કહી શકાય તેવી બાબત નથી માટે ભાઈઓ ? એવો મહા આનંદ-આનંદોનો આનંદ લુટવો હોય તો જેમ બને તેમ પ્રભુ પ્રેમ વધે એમ કરો. કારણ કે એ આનંદ કાંઈ વાણીથી કહ્યો જાય નહિ પણ એતો અનુભવથીજ જાણી શકાય તેવો છે. માટે એ અલભ્ય લાભ લેવા સારૂ-એ ઈશ્વરી આનંદ ભોગવવા સારૂ કોશીશ કરો.

હીરાની કીંમત તો ઝવેરી જ સમજે :

એક માણસ કોઈ સાધુ પાસે ગયો અને તેને કહ્યું કે મહારાજ મને ગુરૂ મંત્ર આપો, ત્યારે તે સાધુએ વિચાર કર્યો કે આ માણસ અધીકારી છે કે નહીં એ પ્રથમ તપાસવું જોઈએ. કારણ કે અધીકાર વિના સારી ચીજનો પણ માઠો ઉપયોગ થઈ જાય છે. માટે પ્રથમ શિષ્યની લાયકાત તપાસવી જોઈએ. તેથી ગુરૂએ કહ્યું, બચ્ચા, ગુરૂમંત્રના એક હજાર રૂપિયા પડશે.

તે માણસે કહ્યું કે, મહારાજ એક મંત્રના એટલા બધા રૂપિયા ? કાંઈક ઓછું કરોતો ઠીક, સો રૂપિયા આપીશ.

ગુરૂએ કહ્યું કે નહીં બેટા, હજાર રૂપિયામાં એક દમડી પણ ઓછી નહી. તારી મરજી હો તો આવ.

હજાર રૂપિયા કહાડતાં તે માણસને વંશમું તો બહુ લાગ્યું, પણ દોઢીયાંવાળો હતો ને ગુરૂમંત્ર જાણવાની ઈચ્છા બહુ હતી

સદગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

શાહ તો બોલે બોલે લીજીએ, હોએ અંતર પિયુની પીછાણ
શીરકે સાટે જો હરિ મીલે, તોય મોંઘેરા મત જાણ રે.

તેથી તે ગામડીયો હજાર રૂપિયાની થેલી ઉપાડી લાવ્યો ને ગુરૂના પગ પાસે મૂકી.ત્યારે ગુરૂએ તેનાં કાનમાં કહ્યું કે બેટા, રામ રામ બોલ્યા કર. ત્યારે તે શીષ્યએ કહ્યું કે, એમાં તમે નવું શું કહ્યું ? એતો હું પણ જાણું છું. ગુરૂએ કહ્યું કે બેટા, પ્રભુનાં નામ શીવાય બીજો કોઈ મંત્ર હું જાણતો નથી ને પ્રભુનાં નામ શિવાય બીજો કોઈ મંત્ર છે પણ નહી. ગમે તે દેશમાં ને ગમે તે ધર્મમાં જઈશ પણ ત્યાં પણ પ્રભુનાં પવિત્ર નામ શિવાય બીજો કોઈ મંત્ર મળવાનો નથી. જગતમાં સાચો મંત્ર તે પ્રભુનું નામ છે. ગુરૂની આ સાચી વાત પણ એ વખતે કાંઈ તે શિષ્યને ગળે ઉતરી નહી, તેને તો એમજ લાગ્યું કે મ્હારા હજારા રૂપિયા મહારાજ ઠગી ગયા.

એ શિષ્યની ભૂલ બતાવવા તથા તેના મનનું સમાધાન કરવા માટે ગુરૂએ

તેના હાથમાં એક કીંમતી હીરો આપ્યો, અને કહ્યું બેટા, પુલગલીમાં ખારવણો શાક ભાજી વ્હેચવા બેસે છે ત્યાં જા તેને આ ચીજ બતાવજે ને સો રૂપિયા કીંમત માગજે, સો રૂપિયા મળે તો આપજે નહીં તો પાછો લાવજે.

શીષ્ય તે હીરો લઈને શાકભાજીની ટોપલીઓ લઈને ખાવરણો બેઠી હતી તેની પાસે ગયો, ને કહ્યું કે આ લખોટી મારે વેચવી છે તમને કોઈને જોઈએ છે ? ત્યારે બે ચાર ખારવણો એ તેને જોઈને કહ્યું કે, પાણકો છેતો મજેનો, પણ આપણે તેને લઈને કાંઉ કરીએ ? ત્યારે એક ખારવણે કહ્યું કે લાવ લાવ, મારા ખુટીયાંની ડોકે બાંધીશ. એમ કહીને તે ખારવણ એ હીરાને જોવા લાગી. જોઈને કહ્યું કે આ પાણકામાં કાણું કયાં છે ? ખુંટીયાની ડોકે બંધાય એમતો નથી. આતો મારી નાનકડીને રમવા થશે બોલ એનું કાંઉ લેશે ? પેલા માણસે કહ્યું કે એના સો રૂપિયા. એ સાંભળીને બે ચાર ખારવણો તેના મ્હોડા સામું જોઈ રહીને બે ચાર જણી હસી પડી. તેઓને લાગ્યું કે આ દીવાનો છે કે શું ? એક પાણાની લખોટીના સો રૂપિયા શેના માગે છે ? એ પછી તેમાંથી એક બાઈએ કહ્યું કે જા જા, ચાલ્યો જા, ચાલ્યો જા, નહી તો પાઘડી ઉડી જશે. ધુતારો કયાંઈનો આવ્યો છે તે ? લખોટીના સો રૂપિયા ? કાંઈ લુટબુટ પડી છે શું ? ત્યારે બીજી એક બાઈએ કહ્યું કે તારી મરજી હોય તો એ લખોટીની ચાર ઝુડી ભાજી આપું. ત્રીજી બોલી કે બે રીંગણાં આપું. ચોથી બોલી કે ચાર ગાજર આપું. ત્યારે પાંચમી બોલી કે,ચાર ગાજર જેટલો એમાં માલ કયાં છે ? છઠીએ કહ્યું કે એને તો સો રૂપિયા લેવા છે. જા જા ભાઈ જા, તારી ભાંગ બાંગ ઉતરે ત્યારે આવજે ને જોઈએ તો એ લખોટીનાં મારી પાસેથી ચાર રીંગણા લઈ જજે.

શિષ્ય પાછો ગુરૂ પાસે ગયો ને કહ્યું કે, મહારાજ ? આ લખોટીની તો બે ચાર જુડી ભાજી મળે છે. મે સો રૂપિયા કહ્યા ત્યારે ઉલટી મારી લશ્કરી થઈ, ને તે કહેવા લાગીયું કે પીટયો ભાંગ બાંગ પીને આવ્યો છે.

મહારાજે કહ્યું કે હવે ચણા કુરમરા વાળાની દુકાને લઈ જા, ને સો રૂપિયા માગજે. ચણા કુરમરાવાળાએ કહ્યું કે, મરમરા જોઈએ તો એક પાલી, પહુવા જોઈએ તો એક શેર, ને દાળીયા જોઈએ તો બશેર લઈજા, ને લખોટી આપી જશે તો અમને એમાંથી આનો બે આના મળશે.

શિષ્યે આવીને ગુરૂને કહ્યું કે મહારાજ, બે ત્રણ ચણા કુરમરાવાળાએતો એ લખોટી રાખવાની ના પાડી, પણ એક ભલો દુકાનવાળો મળ્યો, તેણે કહ્યું કે જોઈએ તો લખોટી મૂકીજા ને પાલી કુરમરા લઈજા, એથી વધારે નહી મળે.

મહારાજે કહ્યું કે, હવે એ લખોટી લઈને ઝવેરી બજારમાં જા, ત્યાં બે ચાર જણને તે દેખાડજે, ને છેવટે જે મળે તે લઈને ચાલ્યો આવજે.

શિષ્યે કહ્યું કે મહારાજ ? કાં મફતના ધકકા પાડો ? ઝવેરી વળી શું આપી દેવાના છે ? બે ચાર ઠેકાણે રખડવાથી હવે આશરો તો આવી ગયો છે કે બે ચાર

આનાનો માલ છે.

ગુરૂએ કહ્યું, બચ્ચા જોતો ખરો, એક વખત જઈતો આવ. શિષ્ય ઝવેરી બજારમાં ગયો. એક હોશિયાર ઝવેરી મળી ગયો, તેણે એ હીરો જોયો, જોઈને પરીક્ષા કરી ને કહ્યું કે એની કીંમત દસ હજાર રૂપિયા. જો એ વ્હેચવો હોય તો હમણાં દસ હજાર રોકડા મારી પાસેથી લઈજા. વ્હેચવાની ઉતાવળ હોય તો દસહજાર, બાકી ધીરજ રાખીને લાગ આવ્યે વ્હેચવો હોય તો વીસ હજાર પણ મળે ને વખતે લાખ પણ મળે. એતો જેવો ઘરાક, શિષ્યને એ સાંભળીને અજબ થયો અને એક લાખ રૂપિયા લઈ ગુરૂ પાસે આવ્યો.

ગુરૂએ કહ્યું, જોયું બેટા ? એનો એ હીરો ? એનીજ કીંમત ચાર જુડી ભાજી પણ થઈ, એનીજ કીંમત, પાલીકુર મરા પણ થઈ, ને એનીજ કીંમત એક લાખ રૂપિયા પણ થયા. એવીજ રીતે મહાન પ્રભુનાં પવિત્ર નામને માટે પણ સમજવાનું છે. જેમ ઝવેરીહીરાની કીંમત સમજે છે તેમજ ખરા ભગતોજ પ્રભુનાં નામની અલૌકિક કીંમત સમજી શકે છે. શાકભાજી વાળા જેવા ને ચણા કુરમરાવાળા જેવા માયા વાદીઓ કાંઈ પ્રભુનાં નામ સ્મરણરૂપી કૌસ્તુભ મણીની કીંમત સમજી શકે નહીં. માટે બેટા, આજથી યાદ રાખજે કે પ્રભુરૂપી હીરો મેળવવા સારૂ આખી જીંદગી અર્પણ કરી હોય તોપણ તેમાં કાંઈ મોટી વાત નથી.

બેટા, સર્વ શકિતમાન પ્રભુનાં પવિત્ર નામ ઉપર શ્રદ્ધાથી ને પ્રેમથી તું કાંઈ દાન ધરમ કરી શકે છે કે નહીં, એ જાણવા માટે મે તારી પાસે રૂપિયા માગ્યા હતા. મને કાંઈ તારા રૂપિયાની જરૂર નથી, અહીંતો ઈશ્વર કૃપા છે. માટે તારા રૂપિયા તું પાછા લઈજા. અને પ્રભુનાં નામને ભૂલીશ માં.

શીષ્યે કહ્યું, ગુરૂ મહારાજ, હીરા હીરાને ઓળખ્યાં છતાં પણ જો હું શાકભાજીવાળી ખારવણો જેવો બની રહું, તો પછે મારા કરતાં નીચ બીજો કોણ ? માટે હવે એ રૂપિયા મારા દુઃખી ભાઈ બેહેનોનાં કલ્યાણમાં-ભગવદ્ સેવામાંજ આપ ખરચજો. હવે એ રૂપિયા પાછા લઈને હું રાજી થઈ શકું નહી. હવે તો બીજા વધારે રૂપિયા પ્રભુનાં મહાન નામ ઉપર ખરચીશ ત્યારેજ મારા મનને આનંદ થશે, ત્યારેજ મારા આત્માને સંતોષ થશે. પ્રભુ ? અમોને આવી સદબુદ્ધિ આપો.

લોભીયાઓના કેવા બુરા હાલ થાય છે.

એક શ્રીમંત હતો તેની પાસે કરોડો રૂપિયાની દોલત હતી પણ તે અતિશય લોભિયો હતો. એવડી મોટી દોલત છતાં પણ તે કોઈ દિવસ સુખ ભોગવતો નહોતો કે કોઈને દમડી દેતો નહોતો, ચમડી તુટે તે કબુલ, પણ દમડી ન છુટે એવા સ્વભાવનો તે હતો. તેણે પોતાના ઘરમાં પાંચ સાત આડા અવળા ઓરડાઓની વચ્ચે એક ઓરડો બંધાવ્યો અને તેમાં એક મોટી તીજોરી મુકાવી. એ તીજોરીમાં માણસો સુઈ બેસી શકે

એવી તે મોટી હતી, એટલું જ નહીં પણ તે તીજોરીમાં એવી યુકતી હતી કે, બારણું બંધ કરે એટલે એની મેળે અંદરથી કળ બંધ થઈ જાય. એ પછી તીજોરી ખોલવી હોય તો બહારની બાજુએ ચાવી લગાડવાથી ઉઘડે, પણ અંદરથી નહી, એવી તેમાં ગોઠવણ હતી.

એ લોભીયા કરોડપતિનું કામ એજ હતું કે, આખો દીવસ તીજોરીવાળા ઓરડામાં ભરાઈ બેસવું, અને તીજોરી ખોલી તેમાંની નોટોનાં બંડલોનાં થોકડા ગણ્યા કરવા, તથા તેને અહીંથી અહી, અને અહીંથી અહીં મૂકયા કરવા, તેના મનમાં એવી અધીરત રહે કે આમાંથી કોઈ લઈ ગયું હશે તો ? તેથી તે કોઈ દીવસ રોકડા ગણ્યા કરે, કોઈ દિવસ મોતી ગણ્યા કરે, કોઈ દિવસ સોના મોહોરો ગણ્યા કરે, કોઈ દિવસ શેરનાં ને નોટોં સરકારી કાગળીયાઓ તપાસ્યા કરે, અને કોઈ દિવસ એ બધાં ને તીજોરીનાં જુદા જુદા ખાનાંમા જુદી જુદી રીતે ભર્યા કરે.

સદગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

માયા રસમાં જે કોઈ રાચીયા, એથી મૂર્ખ દુજો નહિ કોઈ રે
એ દન ચાર છે માયા મીઠડી, અંતકાળે તે કડવી વિખરે

જેમ નાના બાળકો લખોટી સાથે અને કોડીયો સાથે રમ્યા કરે તેમ તે લોભીયો પોતાંની સોનાં મહોરો સાથે રમ્યા કરતો, એટલુંજ નહીં પણ જેમ ગામડાંની નાની છોકરીઓને કાંકરાઓ તેઓની રમત શીવાય બીજા કાંઈ કામમાં આવતા નથી તેમ એ લોભીયાની નોટોનાં બંડલો અને સોના મોહરોની થેલીઓ પણ તેને માત્ર જોયા કરવા શીવાય તેના કાંઈ કામમાં આવતી નહોતી. એટલે લોભીયાનું એ ધન કાકરાં જેવું જ હતું. કારણ કે તે તેના અથવા બીજા કોઈનાં ઉપયોગ આવતું નહોતું.

લોભીયાઓમાં એ એક ખાસ લક્ષણ હોય છે કે તેઓ પોતાનું ધન બીજાઓને દેખાડવા ચાહતા નથી. જેમ બને તેમ તેઓ બીજાઓની નજર આગળથી પોતાનાં ધનને છુપાવે છે. એક વખત તે લોભીયો પોતાની તીજોરીમાં બેઠો બેઠો નાણાની ઉથલ પાથલ કરતો હતો એટલામાં નોકરની ભૂલથી કોઈ માણસ મારૂં ધન જોઈ જશે, તેથી તીજોરીમાં બેઠે બેઠે ઝટપટ તેણે અંદરથી બારણું બંધ કરી દીધું. એ વખતે એમ ધ્યાન ન રહ્યું કે ચાવી મારી પાસે છે ને હવે બારણું કેમ ઉઘડશે ? એ પછી થોડી વારે તે બારણું ખોલવા લાગ્યો, પણ ઉઘડે કયાંથી ? ઘણી બુમો પાડે, પણ એવી મોટી તીજોરીમાંથી અવાજ બહાર પહોચીં કેમ શકે ? અને તેના ખાનગી ઓરડામાં તેના હુકમ વિના જઈ કોણ શકે ? અંતે સાંજ પડી, રાત પડી, અને સવાર પડયું પણ તીજોરીનું બારણું ઉઘડે કયાંથી ? નોકરો આમ તેમ દોડયા કરે અને પુછ પરછ કરે કે શેઠ કયાં ગયા ? પણ શેઠનો પતો ન મળે, રોજ રોજ તીજોરીવાળા ઓરડામાંજ રહેતા અને તીજોરીમાં બેસતા, એટલે એવો શક કયાંથી આવે કે શેઠ તીજોરીમાંજ પુરાઈ ગયા હશે ? પાંચ સાત દહાડા થઈ ગયા પણ કયાંઈ શેઠનો પતો ન મળે. કોઈ જીવનું

ઠેકાણું કયાં હતું ? આખો દીવસ ધન ધન કરતે કરતે ડગળી ચસકી ગઈ હશે તેથી કયાંઈ ભાગી ગયા હશે. કોઈએ કહ્યું કે શેઠ કોઈને દોઢીયું પરખાવતા નહોતા માટે કોઈક ઉસ્તાદ તેને મળી ગયો હશે, હમણાં કયાંક તેને પુરી મૂકયા હશે. નાણાં આપશે ત્યારે છુટશે. આવી રીતે સૌ જુદી જુદી અટકળ કરવા લાગ્યા, પણ કયાંઈ શેઠનો પતો મળે નહી. અંતે ઘણા દહાડા પછે તેનાં સગાં વ્હાલાં તથા વડીલોએ મળી તીજોરી ઉઘડાવી ત્યારે તેમાંથી તે લોભીયાની લાસ નીકળી. ભૂખે તરસ્યે અને હવા અજવાળાં વીનાં તરફડી તરફડીને તે બીચારો તીજોરીમાં જ મરી ગયો. મરતી વખતે તેના હાથમાં નોટનાં પડીકાં રહી ગયાં હતાં, તોપણ પ્રભુની હજુરમાં તો તે ખાલી હાથે ગયો હતો. એટલુ જ નહી પણ અહીં પણ પોતાના લોભને લીધે તે સુખનો દમ લઈ શકતો નહોતો. ધન કેમ સાચવવું એ ફીકરમાંજ તેની દરેક પળ જતી હતી. અને તેમ છતાં પણ લોભને લીધે અંતે તેના આવા બુરા હાલ થયા હતા. માટે ભાઈઓ, જો પ્રભુએ આપ્યું હોય તો પ્રભુને અર્થે, આપણા ગરીબડા દેશને અર્થે , અને આપણા દુખીયારા ભાઈબંધોને અર્થે ખરચતાં હાથ ખેંચશોમાં. નહીતો પાછળથી પસ્તાવવું પડશે.કારણ કે ધન કોઈની સાથે ગયું નથી અને કોઈની સાથે જવાનું નથી, માટે ખોટો લોભનાં થાય-નરકમાં જવું પડે એવો લોભ ના થાય એ સંભાળજો.

પાપ કરતાં બચો :

એક શિષ્યએ પોતાના ગુરૂને પુછયું કે, મહારાજ, પાપ એટલે શું ? ગુરૂએ કહ્યું કે ભગવાનની આજ્ઞા તોડવી તેનું નામ પાપ. ન કરવાં ઘટે તેવાં કર્મો કે વિચારો કરવા તેનું નામ પાપ, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે આપણે જે કરવું જોઈએ તે ન કરીએ તેનું નામ પાપ, અને ટુકાંમાં અનંત બ્રહ્માંડના નામની સામે થવું તેનું નામ પાપ છે.

પાપ એ એવી બુરી વસ્તું છે કે જેણે શ્રી ભગવાનની હજુરમાં રહેલા પવિત્ર પરોળીઓને પણ છેક નીચે રાક્ષસી યોનીમાં ઉતારી પાડયા હતા.

પોતાનાં દુશ્મનને અગ્નિના તણખાને અને પાપને પણ નાનું સમજવું નહીં, તેથી તો સદાય ડરતું રહેવું. કોઈએ પણ છોકરો જયારે પોતાના બાપનું અપમાન કરે છે ત્યારે તે બાપને બહુજ માઠું લાગે છે, તેમજ આપણે પિતા પરમેશ્વરને આપણે માટે બહુજ દીલગીર થાય છે. માટે હરિજનોએ સદાય પાપથી દૂર રહેવું જોઈએ.

સિહનું બચ્ચું જયારે નાનું હોય ત્યારે તેને વશ કરી શકાય છે પણ મોટું થઈ ગયા પછી તેને કાબુમાં રાખી શકાતું નથી તેમજ પાપને પણ શરૂઆતમાંથી જ અટકાવવાં જોઈએ, વ્યસન રૂપે થઈ ગયા પછી તે જલ્દીથી છૂટી શકતાં નથી.

જે આંગળી પર સાપ કરડયો હોય તેને જો તરત કાપી નાખવાંમાં આવે તો બચી જવાય છે પણ જો વાર લાગે તો આખા શરીરમાં તેનું ઝેર ચડી જાયછે ને થોડીવારમાં મરણ થાય છે. તેમજ પાપ પણ જેવું અંતરમાં આવ્યું કે તરત જ તેને

અટકાવીએ તો અટકાવી શકાય છે, પણ વ્યસન રૂપે થઈ ગયા પછી તો તે નરકમાંજ લઈ જાય છે, માટે હજુ પણ વખત હાથમાં છે તો ચેતજો.

નાના છોડને માત્ર આંગળીથી ઉખેડીએ તોપણ તે જમીનમાંથી મૂળ સહીત ઉખડી જાય છે, પણ તેનું મોટું ઝાડ થવા દઈએ તો પછી તેને હાથી પણ ઉખેડી શકતો નથી. તેમજ યાદ રાખજો કે શરૂઆતમાં જ પાપ અટકી શકે છે પણ વધી ગયા પછી સહેલાઈથી રોકી શકાતાં નથી.

હળાહળ ઝેર ખાઈને કાંઈ જીવી શકાય નહીં તેમજ પાપ કરીને કોઈપણ સુખી થઈ શકે નહીં. કસાયેલું ખાય તેને સારૂ ખાધેલું પણ ઓકી નાંખવું પડે છે તેમ જે અધર્મથી ધન મેળવે છે તેનું નીતિથી કમાયેલું ધન પણ જતું રહે છે.

કસાઈનો જુડો બકરો જેમ જલ્દીથી કપાઈ જાય છે તેમ બુરાં કામ કરીને ધનવાન થતો જીવડો પણ કોઈક દિવસ તે ગરીબ બિચારા બકરાની પેઠે માર્યો જવાનો છે, એવું જાણીને સૌ હરિજનોએ સદાય પાપથી દૂર રહેવું જોઈએ.

તુંબડાં ને ગમે એટલું પાણીમાં ડૂબાડીએ પણ તે લાગ મળે ત્યારે ઉપર આવ્યા વિના રહે નહી તેમ પાપને ગમે એટલાં છુપાવીએ તો પણ તે વખત આવ્યે જાહેર થયા વિના રહેવાનાં નથી.

કોઈ પણ વસ્તુને નીચે ફગાવી દેવી સહેલી છે. પણ નીચેથી તેને ઉપર લઈ જવી એ મુશ્કેલ છે, તેમજ પાપ કરવું સહેલું છે પણ ધરમ કરવું એજ મુશ્કેલ છે. માટે હરિની હજુરમાં ધર્મીયોની કીંમત બહુ મોટી છે. અને તેનું ઈનામ પણ મોટું છે, ભાઈઓ એ મોટું ઈનામ-મોક્ષ ધામનાં અનંત કાળનાં સુખડાનું ઈનામ જો જોતું હોય તો પાપ છોડીને પવિત્ર પ્રભુના શરણમાં જાઓ, પ્રભુના શરણમાં જાઓ.

હરિજનને પોતાને માટે ફીકર રાખવાની હોય નહીં.

જે નાનાં છોકરાંઓ પોતાના બાપની સાથે મુસાફરી કરતાં હોય તો તેઓની પોતાના ભાતાંની ફીકર શા માટે કરવી પડે ? તેઓને માટે જરૂરની તજવીજો તેનો બાપ ખાસ અગાઉથીજ કરી મૂકે છે. શું તમે તમારા બાપની સાથે કોઈ દિવસ ક્યાંય બહાર ગામ ગયા નથી.? ઘણીએ વખત ગયા હશો. પણ કોઈ વખત તમારા બાપે તમને જાણી જોઈને ભુખે માર્યા છે કે ? નહીજ.જ્યારે આપણો બાપ મનુષ્ય છતાંપણ આપણે માટે એટલી બધી તજવીજ રાખે છે ત્યારે સમર્થ પિતા પ્રભુની સાથે જો આપણે મુસાફરી કરીએ તો આપણી કેટલી બધી સગવડતા સચવાશે એ વિચારતો કરો. પ્રભુનો દઢ આશરો રાખવો અને ભગવદ અર્પણ કરીને દુનીયાંદારીનાં દરેક કામો કરવાં એનું નામ પ્રભુની સાથે મુસાફરી કરવી છે. બાપની સાથે મુસાફરી કરનાર છોકરાંને જેમ ભાતાંની ફીકર હોય નહી, તેમ એવી રીતે પ્રભુને સાથે રાખી-પ્રભુને અંતરમાં રાખી ચાલનાર ભાગ્યશાળી ભગતને પણ ફીકર હોતી નથી. પ્રભુ પાલન કરતા છે એટલે હરિજનોને પોતાને ફીકર કરવાનું કાંઈ હોતું નથી.

પ્રભુ ઉપરનો વિશ્વાસ :

ઈશ્વર પાલન કર્તા છે, અને ઈશ્વર વ્યાપી છે એમ સમજવાથી ઈશ્વર ઉપરનો આપણો વિશ્વાસ વધે છે. અને યાદ રાખજો કે વિશ્વાસ એજ ધર્મનું જીવન છે. વિશ્વાસ એજ જીંદગીનું તત્વ છે. અને પ્રભુ ઉપરનો વિશ્વાસ એજ મોક્ષનો રસ્તો છે. અકળ પ્રભુની જો કોઈ પણ રીતે કળ મળતી હોય તો તે વિશ્વાસથી જ મળે છે. જે પ્રભુમાં મન વાણી કે બુદ્ધિ પહોચીં શકતાં નથી તે મહાન પ્રભુને વિશ્વાસથી પકડી શકાય છે. જે વ્યાપક પ્રભુની અનંત જગતમાં સમજતો નથી તે મહાન પ્રભુ વિશ્વાસથી ભકતનાં હૃદયમાં સમાઈ જાય છે. અને અનંત બ્રહ્માડનો નાથ મહાન પ્રભુ કે જે ઋષિમુનીયોથી ને દેવ દાનવથી પણ જાણ્યો જતો નથી તે અખંડાનંદ પ્રભુને વિશ્વાસની દોરીથી બાંધી શકાય છે. વિશ્વાસ એવી અલૌકિક બાબત છે માટે પ્રભુની ઉપરનો વિશ્વાસને-પ્રભુ પ્રેમને આપણા જીવનનું તત્વ બનાવો.

ભાઈઓ ? જે ઝાડની ઓથે બેસે છે તેને પણ છાયો મળે છે, ત્યારે ઈશ્વરને આશરે રહેવાથી-દૃઢ ભગવદ આશરો રાખવાથી કેટલું બધું મળી શકશે એ વિચારતો કરો ? ઝાડતો જડ છે પણ તેમ છતાં તેની ઓથે બેસવાથી શિતળ પવન ને શાંતિદાયક છાંયડો મળે છે ત્યારે અખીલ બ્રહ્માંડના નાથ દયાળું પ્રભુને આશરે રહેવાથી કેટલું બધું અલૌકિક સુખ મળશે એ વિચારોતો ખરા ? એ અલૌકિક સુખની કીંમત તો હરીજનોજ સમજી શકે છે.

કોઈ સારા માણસને આશરે રહ્યા હોય તો તે પણ પોતાની યથા શકિત મદદ કરી છુટે છે ત્યારે સર્વ શકિતમાન ઈશ્વર કે જે રૂડામાં રૂડો, ભલામાં ભલો, મોટામાં મોટો, દયાળુમાં દયાળું અને હરિજનોની પાછળ પાછળ ફરનારો છે તે કૃપાના સાગર વિશ્વંભરનાથને શરણે જવાથી કેટલો બધો આનંદ મળશે, કેટલી બધી જીદંગીની સાર્થકતા થઈ જશે એ વિચારી તો જુઓ ?

બધાં વિના ચાલશે પણ વિશ્વાસવિના ચાલવાનું નથી :

જે વ્હાણને લંગર નાંખેલું હોય છે તેને બહુ હલક ડોલક થવું પડતું નથી તેમજ જે માણસો ભગવાનમાં દૃઢ આશરો રાખે છે, તેને પણ આ સુખ દુઃખથી ભરેલા સંસારમાં બહુ હેરાન થવું પડતું નથી.

સદગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

સદગોરને ચરણે ચિત જો બાંધીએ
તો ન અવતરિચે દુજીવાર રે
આ કાયા છે આખરે કારમી
તે ગળીને થાસે છાર રે.

લંગર વિનાનું વ્હાણ જેમ ઘડીકમાં આગળ અને ઘડીકમાં પાછળ પડી જાય છે તથા

ઉંચે નીચે પછડાયા કરે છે તેમ જે પ્રભુ ઉપર વિશ્વાસ રાખતા નથી તે અવિશ્વાસનો પણ દુનિયાંના સુખ દુઃખનો હલક ડોલક થયા કરે છે, અને જન્મ મરણના ફેરામાં આગળ પાછળ પડયા કરે છે. એથી બચવાનો સલામત ઉપાય એજ છે કે ભગવદ આશરાનું લંગર નાંખી દેવું. પ્રભુ ઉપરનો વિશ્વાસવિના-પ્રભુ પ્રેમવિના આ જગતમાં કયાંય પણ શાંતિ મળી શકે તેમ નથી માટે ભાઈઓ ? જેમ બને તેમ પ્રભુ ઉપરની તમારી આસ્તા દઢ થાય તેમ કરો.

ઓ અવિશ્વાસી ભાઈઓ ? શુ તમને સર્વ વ્યાપી સર્વ શકિતમાન પાલનહાર પ્રભુ ઉપર વિશ્વાસ નથી આવતો ? વિચારો તો ખરા કે કોઈ સારો માણસ પણ આપણી મજુરી ડૂબાવતો નથી, ત્યારે અનંત બ્રહ્માંડનો નાથ કૃપાનો ભંડાર પ્રભુ આપણી ભકિતની મહેનત કેમ ડુબાવશે ? ધર્મને અર્થે પરમાર્થને અર્થે પ્રભુને અર્થે કરેલી આપણી મહેનત કદી પણ વ્યર્થ જવાની નથી, માટે ફોગટના અવિશ્વાસી નહીં બનતાં જેમ બને તેમ દઢ ભગવદ આશરાનું બળ રાખતાં શીખો. કારણ કે વિશ્વાસવિના જે કાંઈ કરવું તે સર્વ ફોગટ છે.

તપ, દાન, સેવા, યજ્ઞ, ભકિત, યોગ, જ્ઞાન, વિગેરે ઘણાં સાધનો છે, પણ વિશ્વાસવિના એ એકે સાધન કામનું નથી; વિશ્વાસવિનાએ એકે સાધન પુરે પુરૂ થઈ શકે જ નહીં, અને કદી થોડું ઘણું થાય તો પણ તે ખરેખરૂ ફળ આપી શકે જ નહી, માટે બધાં સાધનો જેને આધારે છે; એવો વિશ્વાસ એજ પ્રભુના દરવાજા ખોલવાની ચાવી છે. પ્રભુએ પણ કહેલું છે કે. અજ્ઞાની, શ્રદ્ધા વગરના, તથા સંશયવાળા નાશ પામે છે. તેમાં પણ સંશયવાળાનો તો આ લોક પણ બગડે છે, પરલોક પણ બગડે છે, અને તેને સુખ પણ મળતું નથી.

વળી પણ કહ્યું છે કે

હે અર્જુન ? શ્રદ્ધા વિના જે હોમેલું હોય, દાન કરેલું હોય, તપ કરેલું હોય, અથવા બીજું જે કાંઈ કર્મ કરેલું હોય તે સર્વ અસત કહેવાય છે. કારણ કે શ્રદ્ધા વિના જે કરેલું હોય તેનું આ લોકમાં કે પરલોકમાં ફળ મળતું નથી.

ભાઈઓ ? પ્રભુએ વિશ્વાસને આટલું બધું વજન આપ્યું છે તેનું શું કારણ છે એ તમે જાણો છો ? એનું કારણ એજ છે કે, બધાં વિના ચાલશે પણ વિશ્વાસ વિના ચાલવાનું નથી માટે જેમ બને તેમ પ્રભુ ઉપરનો વિશ્વાસ વધે તેમ કરો.

દુસરો કોણ સુખદાઈ, સામબીન દુસરો કોન સુખદાઈરે. ટેક.
ધીરજતા ધ્રુવકી ઉર ધારી, અચલ પદવી દિયો આલરે,
ઝુડે પકડયો જબહી ગજકુ, છીનમેં લીયો છોડાઈરે.
દુસરો કોન સુખદાઈ, સામબીન દુસરો કોન સુખદાઈરે. ૧
પ્રહલાદકી અતિપીડા પીછાની, પ્રગટ ભયે થંભ માંહીરે,

હિરણ્યકશ્યપૂ માર્યો હરિએ, નરસિંહ રૂપ બનાઈરે,
જાદિન તે ગર્ભવાસ તજ્યો નર, આઈકે અહાર કીયો તબહીકો.
ખાતહી ખાત ભયે ઈતને દિન, જાનત નાંહી ન ભૂખ્યો કહીકો,
દોરત ધાવત પેટ દિખાવત, તું શઠ કીટ સદા અન્નહિકો.
સુંદર કયું વિશ્વાસ ન રાખત, સૌ પ્રભુ વિશ્વ ભરૈ સબ હીકો.
દુસરો કોન સુખદાઈ, સામબીન દુસરો કોન સુખદાઈરે. ૨
પાંડવકું લાખાગ્રહ મેંસે, જાકે લીએ બચાઈરે,
પંચાલીકે ચીર પૂરનકું ધીર તજી આયે ધાઈએ,
દુસરો કોન સુખદાઈ, સામબીન દુસરો કોન સુખદાઈરે. ૩
જયાં જયાં ભીડપડે ભકતનકું, ત્યાં ત્યાં હોત સહાઈરે,
શિવનો દાસ નાથ દયાળું, ભીજો ભાવ ઉર લાઈરે,
દુસરો કોન સુખદાઈ, સામબીન દુસરો કોન સુખદાઈરે. ૪

ધર્મના નિયમો પાળ્યા વિના મોક્ષ થાય નહીં.

ક,ખ,ગ, વિગેરે બત્રીસ અક્ષરમાંથી કોઈ માણસ ચાર પાંચ અક્ષર ન શીખે અને એમ વિચારે કે મે સતાવીસ અક્ષર તો શીખી લીધા, હવે પાંચ અક્ષર ન આવડે તો એમાં શું મોટી વાત છે ? પણ એમ કાંઈ ચાલે નહીં. કારણ કે જયાં સુધી એક પણ અક્ષર છોડી દઈએ ત્યાં સુધી પુરૂં ભણ્યા કહેવાઈએ નહીં, અને ત્યાં સુધી એટલું અધુરું ભણેલું કાંઈ બહુ કામમાં પણ આવે નહીં. જેમ કે આપણે સતાવીસ અક્ષર જાણતા હોય તો એ સતાવીસ જાણેલા શું કામના ? કારણ કે બધા અક્ષરો જાણ્યા વિના આપણે કાંઈ કાગળ કે પુસ્તક તો વાંચી શકીએ નહીં. હવે વિચાર કરો કે આપણી ભાષાના સતાવીસ અક્ષર જાણનાર પાસે કોઈ બાઈ પોતાનો કાગળ વંચાવા આવે તો તે શું વાંચી આપે ? એ પોતે ભલે પોતાના મનમાં એમ ફાંકો રાખે કે હું સતાવીસ અક્ષર જાણું છુ ને માત્ર પાંચ જ અક્ષર નથી જાણતો, પણ જયાં સુધી એ બાકી રહી ગયેલા પાંચ અક્ષર ન જાણે ત્યાં સુધી એ સતાવીસ અક્ષર પણ તેને ખરેખરા ઉપયોગી થઈ શકે નહીં. તેમજ ધર્મની બાબતમાં પણ સમજવાનું છે. આપણે ગમે તેમ પોલ ચલાવીએ છીએ અને થોડું ઘણું જાણીને બહુ જાણી ગયા એવા મીજાજમાં ફરીએ છીએ, પણ યાદ રાખજો કે જયાં સુધી મહાન પ્રભુના બધા હુકમો બરોબર રીતે સત્યતાથી ન પાળીએ ત્યાં સુધી કાંઈ જન્મ મરણના ફેરામાંથી છુટીએ નહી, અને ત્યાં સુધી કાંઈ હરીની હજુરમાં અનંતકાળના અખંડ આનંદમાં જઈ શકીએ નહી. માટે ભાઈઓ ? સર્વશકિતમાન સર્વજ્ઞ પ્રભુના પવિત્ર હુકમો રૂડી રીતે પળાય અને ઉત્તમમાં ઉત્તમ રીતે જીંદગી ગાળી શકાય તેવી રીતે ધર્મના બધા નિયમો પ્રેમ પૂર્વક પાળવાની તજવીજ કરો.

પ્રભુ આપણી આધીનતાને જુએ છે.

એક શેઠને ત્યાં બે નોકર હતા. તેમાં એક નોકર ઘણું વધારે કામ કરતો હતો, પણ શેઠની ઈચ્છા પ્રમાણે તે ચાલતો નહોતો; તેથી તે પોતાના શેઠની મહેરબાની મેળવી શકતો નહોતો, પણ તે પોતાના શેઠની મરજી પ્રમાણે ચાલતો હતો. તેથી તે થોડું કામ કરવા છતાં પણ શેઠનો વ્હાલો હતો. કારણ કે તે શેઠ કામને નહીં પણ આધીનતાને જોતો હતો. તેમજ મહાન પ્રભુ પણ માત્ર મોટા કામોને નહી, પણ આપણી આધીનતા જુએ છે. એટલે કે જેનામાં વધારે આધીનતા હોય વધારે દાસપણું હોય વધારે ભક્તિભાવ હોય તે થોડું કે નાનું કામ કરતાં છતાં પણ પ્રભુનો કૃપાપાત્ર થઈ જાય છે.

શેઠની ઈચ્છા પ્રમાણે નહીં ચાલનાર નોકર જો કે ઘણું વધારે કામ કરતો હતો તો પણ તે પોતાના શેઠની પ્રીતિ મેળવી શકતો નહોતો. કારણ કે તે પોતાનાં કામની મગરૂરીમાં હતો. અને શેઠ તો પોતાના ઈચ્છા મુજબ થયેલું જોવા ચ્હાતો હતો. એટલે વધારે કામ કરવા છતાં પણ શેઠની ઈચ્છા મુજબ ન ચાલવાથી તે નોકર શેઠની મહેરબાની મેળવી શકયો નહીં. તેમજ પ્રભુને માટે પણ આપણે સમજવાનું છે. પ્રભુ આપણી પાસે માત્ર ઘણાં કામો અને મોટાં કામોજ નથી માગતા, પણ તેની ઈચ્છાને આપણે તનમન ધનથી આધીન એટલુંજ તે આપણી પાસેથી માગે છે. માટે વર્ષોનાં વર્ષો લાગે છે અને તો પણ સિદ્ધ થાય કે નહી એવો મહાન યોગ, કઠીન તપ, ખર્ચાળું યજ્ઞો, અને આડંબરવાળાં વિધિ નિષેધનાં લફરાવાળાં સેંકડો પ્રકારનાં કર્મોની જાળને છોડી, જો ડાહ્યા હોય તો સહેલો રસ્તો પકડીલો. એ સહેલામાં સહેલો રસ્તો એજ છે કે પ્રભુની ઈચ્છાને આધીન થઈ જવું, એટલે કે સર્વાત્મ ભાવથી પ્રભુને શરણ થઈ જવું, અને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવું. જો એમ થઈ શકે તો ગમે તેવી સ્થિતીમાં રહ્યા છતાં પણ પ્રભુના કૃપા પાત્ર થઈ શકાય છે. શ્રી કૃષ્ણ ભગવાને પણ કહેલું છે કે,

હે અર્જુન, સર્વભાવથી પ્રભુનેજ શરણે જા. એટલે કે તેની કૃપાથી તું પરમશાંતિને તથા અખંડ સ્થાનને પામીશ.

આપણે ઈશ્વર ઈચ્છાને આધીન થઈએ :

આપણે જોઈએ છીએ કે, માણસો ધન છોડી શકે છે, ઘર છોડી શકે છે, વાડી વજીફા છોડી શકે છે, સ્ત્રી છોકરાં છોડી શકે છે, નાતજાત છોડી શકે છે, દેશવેશ છોડી શકે છે, પોતાની વ્હાલામાં વ્હાલી ચીજો છોડી શકે છે પણ માણસો અભિમાનને છોડી શકતાં નથી. બધુંએ છોડયા છતાં પણ કોઈએ કોઈ રૂપમાં માણસોમાં અભિમાન તો રહીજ જાય છે. કોઈને તપનું અભિમાન હોય છે, કોઈને પોતાના

જ્ઞાનનું અભિમાન હોય છે, કોઈને ધર્મનું અભિમાન હોય છે, કોઈને પોતાના વર્ણન કે આશ્રમનું અભિમાન હોય છે, કોઈને પોતાનાં સ્થાનનું કે ગુરૂનું અભિમાન હોય છે, કોઈને શાસ્ત્રોનું અભિમાન હોય છે, કોઈને પોતે કોઈ મોટાં કામો કરેલાં હોય તેનું અભિમાન હોય છે, કોઈને પોતાનાં સાધુપણાનું અભિમાન હોય છે અને કોઈને ઉમરનું દેશનું કે કાળનું અભિમાન હોય છે, જે ત્યાગીઓ કહેવાય છે તેઓને પણ આવી રીતે કોઈને કોઈ પ્રકારનું પણ અભિમાન હોય છે, ત્યારે સંસારીયોની તો વાત જ શું કરવી ? આવી રીતે અભિમાન એ સૌથી મોટામાં મોટો દુર્ગણ છે. અને તે બીજા બધા દુર્ગણો ગયા છતાં પણ રહી જાય એવો ખરાબ છે, માટેજ શાસ્ત્રો તથા મહાત્માઓ કહે છે કે **"અંહભાવ છોડયા વિના મુકિત મળી શકે નહીં"** પોતાનું પોતાપણું છોડયા વિના એટલે કે સર્વાત્મ ભાવથી ઈશ્વરને શરણ થયા વિના ઈશ્વરને જાણી શકાય નહી.

ભાઈઓ ? ઈશ્વરનો ઠરાવતો આવો છે, પણ આપણે ઉપર જોઈ ગયા કે અભિમાન છુટવું એતો બહુજ મુશ્કેલ છે. કારણ કે જ્ઞાનીઓને જ્ઞાનનું અભિમાન હોય છે. સંન્યાસીઓને ત્યાગનું અભિમાન હોય છે. કર્મ કરનારાઓને કર્મનું અભિમાન હોય છે. ગુરૂઓને ગુરૂપણાનું અભિમાન હોય છે. અને ઉપાસકોને ઉપાસનાનું અભિમાન હોય છે. તેઓ બધાએ રૂડા છે, પ્રભુના રસ્તામાં છે, અને પ્રભુના પ્રીતિપાત્ર તથા આપણને પગે લાગવા જોગ છે. તો પણ તેઓ ચોકકસ પ્રકારનાં અભિમાનને છોડી શકતા નથી એટલા નિર્બળ છે. પણ જે સર્વાત્મ ભાવથી પ્રભુને શરણ થઈ ભગવદ ઈચ્છાને આધીન થઈ જાય છે તેનાં તો સર્વ પ્રકારનાં અભિમાન એની મેળે જ છુટી જાય છે. પ્રભુના શરણના બળથી તથા દીનતા પૂર્વક આધીનતા બળથી એટલે કે દાસાનુદાસપણાના ભાવથી તેનામાં કોઈ પણ પ્રકારનું અભિમાન રહી શકતું નથી. અને માણસોએ પોતાનો અંહભાવ છોડી દેવો એજ પ્રભુને વ્હાલામાં વ્હાલું છે. માટે સર્વ પ્રકારના ભકતો કરતાં જે ભગવદ ઈચ્છાને આધીન થઈ શકે તેજ શ્રેષ્ઠ ભક્ત છે, અને જે ધર્મ પ્રભુની ઈચ્છાને આધીન થતાં શીખવે તેજ ઉત્તમમાં ઉત્તમ ધર્મ છે. માટે ભાઈઓ ? ભગવદ ભાવ લાવો, અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભક્ત બનો. એજ જીદંગીની સાર્થકતા છે.

રોજ રોજ સત્સંગમાં જવાની જરૂર છે :

નહાવા સારૂ આપણે પાણીમાં ઉતરીએ એટલો વખત આપણે ભીજાએલા રહીએ છીએ. પણ જયારે નાહીને પાણીથી બહાર નીકળીએ ત્યારે પાછા કોરા બની જઈએ છીએ, તેમજ જેટલો વખત આપણે સંત્સંગમાં રહીએ તેટલો વખત આપણા આચારો પ્રભુમય રહી શકે છે, પણ જયારે સંત્સંગ છોડી દઈએ ત્યારે પાછા અસલના

જેવાજ સુકા ટાટ થઈ જઈએ છીએ કારણ કે આપણે સંત્સંગમાં બહુ જ થોડો વખત ગાળીએ છીએ અને વ્યવહારની કુથલીમાં અતિશય વખત ગાળીએ છીએ તેથી સંત્સંગના ઉપદેશ કરતાં દુનિયાદારીના મોહના આપણા મનમાં વધારે સંસ્કાર ભરાઈ ગયેલા હોય છે એટલે એ જામી ગયેલા જુના સંસ્કારો પાસે સત્સંગના ઉપદેશનું ઘડીકમાં કાંઈ વળતું નથી. માટે વૈષ્ણવ જનોએ તો બહુ ભાવ રાખીને પુર્ણ પ્રેમથી હમેશાં સત્સંગમાં મચ્યા રહેવું જોઈએ. કારણ કે સત્સંગથી પ્રભુ પ્રેમ વધે છે અને ભગવદ સ્વરૂપની ઓળખાણ થાય છે, એથી આપણી જીંદગી સુધરે છે ને એથી આ પાર ન પામી શકાય એવો ભવસાગર તરી શકાય છે. માટે ભાઈઓ અને બહેનો ? જેમ બને તેમ સત્સંગમાં પ્રેમ રાખતાં શીખો સત્સંગમાં પ્રેમ રાખતાં શીખો, કારણ કે સત્સંગમાં જયારે ત્યારે એવોને એવોજ ઉપદેશ થાય છે.

જીવને સત્સંગની જરૂર છે.

ઘડીયાળને ચાલુ રાખવા માટે વારંવાર ચાવી આપવી પડે છે. જો વખતસર ચાવી ન અપાય તો તે બંધ પડી જાય છે. તેમ આપણા મનને પણ વારંવાર સત્સંગની જરૂર છે. જો મનને સત્સંગમાં ન રોકીએ તો તે અવળે રસ્તે ચ્હડી જાય છે, જેમ ઘડીયાળને આપેલી ચાવી ઘણા દહાડા સુધી રહેતી નથી તેમ આપણા મનમાં ઉપદેશની અસર પણ ઘણા દહાડા સુધી રહેતી નથી. માટે જેમ ઘડીયાળને ચાલુ રાખવા સારૂ વારંવાર ચાવી આપવી પડે છે તેમ આપણા મનને ઉંચ ભાવનાઓમાં અને પરમાત્મામાં જોડેલું રાખવા સારૂ દરરોજ બની શકે તે પ્રમાણે સત્સંગમાં વખત ગાળવો જોઈએ. કારણ કે જેમ ધડીયાળ ચાવીના જોરેજ ચાલે છે અને ચાવી વિના બંધ પડી જાય છે તેમ આપણું મન પણ સત્સંગવીના બગડી જાય છે. સત્સંગનાં બળથીજ આપણું મન ઈશ્વરમય થઈ શકે છે. માટે ભાઈઓ ? જો ડાહ્યા હોય તો સત્સંગમાં જવાની કોઈ પણ તક જતી મૂકશોમાં.

એક સાધુએ સમજાવેલો દોલતનો અર્થ.

એક ગરીબ માણસ હતો, તે અડધો ભગત જેવો હતો પણ પૈસા મેળવવાની થોડી ઈચ્છા તેના મનમાં રહી ગઈ હતી, તેથી તે સાધુઓ પાસે જતો. ગાંજા તંબાકુની ચલમો ભરી આપતો. અને જયારે પછી એ લોકો પોતાની લેહેરમાં આવીને ઠંડા પોહોરના ગપાટા હાંકે ને રસાયણ તથા કીમીયાની વાતો કરે ત્યારે પોતે ખુશી થઈને હામાં હામીલાવતો હતો. એમ કરતે કરતે એક વખત કોઈ ભલો સાધુ આવી ચડયો તેની પાસે પણ એ માણસે નાના સમજી પોતાના દુઃખની વાતો કહી, અને કહ્યું કે મહારાજ, તમારા જેવા મહત્માઓના પ્રતાપથી ગુજરાનતો ચાલ્યું જાય છે પણ હજી

સુધી કાંઈ પૈસાવાળો થયો નહીં. હવે તો એક તડાકે દોલત મળી જાય એવું કાંઈક કરો, કાંઈક આંક ફર કે છકો પંજો બતાવી દો કામ થાય.

મહારાજે વિચાર્યું કે આ માણસ છે ભલો, પણ અજ્ઞાનથી બિચારો લોભમાં પડી ગયેલો છે. અને આ મુર્ખાઓ ચાંદી સોનું બનાવવાની વાતો જોઈએ. એમ વિચારીને મહારાજે કહ્યું કે,

બેટા, તુમકુ ક્યા ચઈએ ?

તે માણસે કહ્યું કે દોલત.

મહારાજે પુછયું, દોલતનો અર્થ શું ?

તેણે કહ્યું પૈસા.

મહારાજે કહ્યું કે નહી. અમારા ગુરૂએ એનો જુદો અર્થ શીખવેલો છે.તે માણસે કહ્યું કે, દોલતનો વળી બીજો અર્થ શું !

મહારાજે કહ્યું કે, દો એટલે બે અને લત એટલે લાત, બે લાત ખાવી તેનું નામ દોલત. બેટા, પૈસા જયારે આવે છે ત્યારે કહે ઠેકાણે બે લાત વાગે છે એ તને ખબર છે ? આવતી વખત છાતીમાંને માથામાં તે લાત મારે છે, તેથી દોલતવાળા છાતી કાઢીને ચાલે છે, કારણ કે લાત વાગવાથી તેઓની છાતી ઉંચીને ઉંચી રહે છે. ને માથું પણ અક્કડ ને અક્કડ રહે છે, એ પણ કોઈ પાસે નમતું નથી. એટલુજ નહીં પણ પૈસા જાય છે ત્યારે પણ બે લાત મારીને જાય છે. જતી વખત એક લાત કેડમાં ને બીજી લાત ડોકી ઉપર મારે છે. તેથી જેનું નાણું જાય તેની કેડનો કાંટો ભાંગી જાય છે અને તેની ગરદન ઝુકી પડે છે. એ પછી તે કોઈની સામે ઉંચે મ્હોએ જોઈ શકતો નથી. આવી રીતે લક્ષ્મી આવે ત્યારે પણ લાતો ખાવાની છે, ને જાય ત્યારે પણ લાતો ખાવાની છે. એ લાતોમાંથી બચવા સારૂ કરીને બાવા થઈને ઘરબાર બાળીને અમે તીરથ કરવા નીકળ્યા છીએ, હવે અમારી પાસે દોલત કયાંથી ? દોલતને જો અમારી પાસે રાખવી હોય તો ઘરબાર શું કરવા છોડીએ ? ને બાવા શું કરવા થઈએ ? બેટા, આજથી યાદ રાખજે કે સાધુઓની પાસે દોલત માગવા જવું એ પાપમાં પડવા જેવું અને તેઓને પાપમાં નાંખવા જેવું કામ છે, એટલુંજ નહીં પણ જે સાધુઓ કીમીયાની ને આંક ફરકની વાતો કરી મોહમાં ફસાયેલા જીવોને વધારે મોહમાં ડુબાવે તેઓ પણ પ્રભુના ઘરના અપરાધી છે. અને પ્રભુ રોટલી આપી રહે છે ત્યારે શા માટે દોલત ખાવા-બે લાત ખાવા જાય છે ? કુબેરનો ભંડારને ઈંદ્રનું ઈંદ્રાસન મળે તો પણ જીવને તૃપ્તિ થતી નથી. કારણ કે લોભનો થોભ નથી માટે બેટા, સત્ય વસ્તુને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહે.

ભાવે ભજમન નિષ્કલંક, અંતે એજ આવશે કામ;

ધન મેળવતાં મથી મથીને, ધન સાધનને ધામ,

એમને એમ મૂકીને જાતાં, દીઠા ઠામો ઠામ. ભાવે૦ ૧
સ્ત્રી સંતાન સેવામાં, ગાળે આઠે જામ;
અંતે અલગ થાય એ સર્વ, ત્યારે હારે હામ. ભાવે૦ ૨
મોહ ઘણો રાખે તન ઉપર, પાળે ખર્ચી દામ,
એ પણ છેક છોડીને જાવું, પડયાં રહે હાડચામ. ભાવે૦ ૩
પુત્ર દ્વારા ઈજત ધન સતા, જગના ઠાઠ તમામ,
બધાજ અહીં રહેવાના અંતે, કોણ ન સમજે આમ. ભાવે૦ ૪
પ્રભુ સૌ દે એ સમજતો પણ, થાતા લુણ હરામ,
શિવના દાસ હજી વખત છે, સેવ સદા સુખધામ. ભાવે૦ ૫

પરમાત્મા સર્વજ્ઞ છે :

એક માણસ કોઈ સાધુ પાસે ગયો અને તેને કહ્યું કે, મહારાજ? મને તમારો ચેલો બનાવો. અસલના વખતમાં એમ રીત હતી કે પરીક્ષા કરીને પછી લાયક માણસને જ પોતાનો શિષ્ય બનાવતા હતા. હાલના મતવાદીઓની પેઠે અસલના સાધુઓ ગમે તેને ચેલા ચેલી બનાવતા નહોતા, પણ લાયક અધિકારીનેજ તેઓની શકિત પ્રમાણે તેઓનાથી જીરવાય એટલોજ ઉપદેશ આપતા હતા.

શિષ્ય થવા આવનાર માણસની પરીક્ષા કરવા માટે તે સાધુએ કહ્યું કે, આ કબુતર લઈજા, અને કોઈપણ ન દેખે એવે ઠેકાણે તેને મારીને લાવ, એ પછી તને ગુરૂ મંત્ર આપીશ.

તે માણસ ત્યાંથી કબુતરને લઈને ચાલી નીકળ્યો. એ પછી રસ્તામાં તેને વિચાર થયો કે, આવા ભલા સાધુને આવી માઠી બુદ્ધિ કેમ સુઝી હશે ? આ નિર્દોષ કબુતરે એનું શું બગાડયું હશે કે એને મારી નાંખવાનું કહ્યું ? મારાથી એ પાપનું કામ કેમ બની શકશે ? એમ તે વિચારતો તે એકાંત જંગલમાં ગયો

જંગલમાં જઈને આજુબાજુ જોવા લાગ્યો, ત્યાં કોઈ માણસ દેખાયું નહીં પણ એક પંખી નજરે પડયું. એટલે ત્યાંથી પણ જરા વધારે દૂર ગયો. ત્યાં પંખી પણ નહોતું પણ જમીન ઉપર કીડીંયો ફરતી હતી. ત્યાંથી પણ થોડે દૂર ગયો ત્યાં કીડીયો પણ નહોતી પણ ઝાડની ડાળીઓ હાલતી હતી, અને જાણે કબુતરને મારવા ના પાડતી હોય તેવી દેખાતી હતી. ત્યાંથી પણ આગળ ઉજડ મેદાનમાં જ્યાં ઝાડ પણ નહોતું ત્યાં ગયો અને કબુતર મારવા વિચાર કરે છે એટલામાં આકાશ તરફ જોતાં સૂરજ નજરે પડયો. ત્યારે તેણે વિચાર કર્યો કે, મહારાજે તો એમ કહ્યું છે કે, જ્યાં કોઈપણ ન દેખે ત્યાં મારવું, પણ જ્યાં મારાં પાપને કોઈપણ ન દેખે એવી જગ્યા તો

છેજ નહીં, માટે હુંતો આને મારીશ નહીં. એમ વિચારીને તે સાધુ પાસે પાછો ગયો, અને કહ્યું કે, મહારાજ ? લ્યો આ તમારૂં કબુતર. શિષ્ય ન બનાવો તો તમારી મરજી, પણ મારાથી કાંઈ એને મરાશે નહી. કારણ કે તમે કહ્યું છે કે, કોઈ ન દેખે ત્યાં એને મારવું પણ કોઈ પણ ન દેખે એવી દુનિયામાં જગ્યાજ કયાં છે ? બહુજ એકાંતમાં કે જયા કોઈપણ જીવજંતું કે ઝાડપાન પણ ન હોય ત્યાં પણ પૃથ્વી દેખે છે. દીવસ હોય તો સુરજ દેખે છે. રાત્રી હોય તો ચંદ્રને તારા દેખે છે અને કદી અંધારું હોય તો પણ આપણે જેને મારીએ તેનો જીવ દેખે છે. આપણો આત્મા દેખે છે અને આખી દુનિયાંની કુલ વાતો જાણનાર સર્વજ્ઞ પરમાત્મા દેખે છે. માટે મારાથી એને મારવાનું બનશે નહી.

એ સાંભળીને તે સાધુ એ કહ્યું કે, સાબાશ બેટા, તું હરિની હજુરમાં જવાને લાયક છે. હવે ઈશ્વરી જ્ઞાનના દરવાજા તારે માટે ખુલ્લા છે. જે એવી રીતે પ્રભુનું સર્વ વ્યાપકપણું સમજે તે પાપથી બચી શકે છે. તારી પરીક્ષાને માટેજ મેં આ ઉપાય લીધો હતો. જો એ પક્ષીને તે મારી નાંખ્યું હોત, તો હું તને મારા આશ્રમમાં ઉભો રહેવા દેત નહી. કારણ કે એકાંત સમજીને નાનું પાપ કરે તે બીજું મોટું થાય નહીં કે એની શું ખાત્રી ? બેટા, આ દાખલાથી ધ્યાનમાં રાખજે કે, આપણાં પાપ છુપાવી શકાય એવી આ દુનિયામાં કોઈપણ જગ્યા નથી, માટે કદી પણ જરા પણ પાપ ન થાય, ને સદાય સર્વ શકિતમાન ઈશ્વરનું સ્મર્ણ બન્યું રહે એમ કરો.

પ્રભુને આપણી ઈચ્છા આપવાથી સર્વસ્વ આપી દેવાય છે :

પ્રભુ કહે છે કે તમારી પાસેથી મને બીજી કોઈ ચીજ જોઈતી નથી, માત્ર તમારી ઈચ્છા મને જોઈએ છે. તમારી ઈચ્છા મળી એટલે મને સર્વ મળી ચૂકયું. કારણ કે દરેક ચીજોનો તમારી ઈચ્છામાં સમાવેશ થઈ જાય છે. પણ જો તમે તમારી ઈચ્છા ન આપો, અને બીજાં ઘણાએ કર્મો કરો તો એ કર્મો કાંઈ બીસાતમાં નથી, માટે જો તમારે મને રાજી કરવો હોય તો તમારી ઈચ્છા મને સોપી દેવી જોઈએ. અને તમારે તો એ વાજ બની જવું જોઈએ કે,

મ્હારી દોરી તમારે હાથજી :

પ્રભુને પામવાનો ભકિત માર્ગનો એ સહેલામાં સહેલો રસ્તો છે, માટે ભાઈઓ ? બીજાં લાંબાં લાંબાં લફરાંઓ છોડીને જેમ બને તેમ પ્રભુની ઈચ્છાને આધીન થવાની કોશીશ કરો અને યાદ રાખજો કે, પ્રભુનું શરણ ધરવાથીજ પ્રભુની ઈચ્છાને આધીન થઈ શકાય છે. માટે હંમેશા એવીજ ભાવના રાખવી,

પ્રભુને આપણી ઈચ્છાઓ આપી દેવાનો ખુલાસો :

આપણે દેવપૂજા કરીએ તેમાં માત્ર ફુલ કે જળજ આપી શકીએ, નાળીયેર કે સાકરજ આપી શકીએ છીએ. અને વસ્ત્રાભૂષણ કે સામગ્રીજ અર્પણ કરી શકીએ

છીએ. કદી કોઈ બહુ વધારે કરે તો થોડાંવત ઉપવાસ કરી શકે છે, કોઈ તીર્થસ્નાન કરી શકે છે, કોઈ પ્રભુના ગુણ ગાન કરી શકે છે, કોઈ દાન આપી શકે છે, કોઈ ગરીબોને મદદ કરી શકે છે. કોઈ યોગ સાધે છે, કોઈ વેદનો પાઠ કરે છે. કોઈ મંદીરો બંધાવે છે. કોઈ બ્રહ્મચર્ય પાળે છે, કોઈ સદાવ્રત આપે છે, કોઈ સંન્યાસ લે છે. કોઈ વિધાદાન દે છે. કોઈ ભગવાનના ભકતોને મદદ કરે છે. અને કોઈ ગુરૂઓની સેવા કરે છે. એ બધા ઉત્તમ ધર્મ છે. પણ બીજા સેંકડો ધર્મો છે. અને તે બધા કાંઈ દરેક માણસથી પાળી શકાય નહી. માણસ બહુ કરે તો એ હજારો ધર્મમાંથી એક બે, પાંચ દસ, કે પચીસ પચાસ ધર્મો કદાચ કોઈ મહાયોગી પાળી શકે. પણ બધી રીતે પુરેપુરા હજારો ધર્મ પાળવાજ અશકય છે, કારણ કે જોઈએ છીએ કે, જે બ્રહ્મચર્ય પાળે છે તેઓ ક્રોધને કે ગાંજા તંબાકુને છોડતા નથી. જેઓ ઉપવાસ કરેછે તેઓ વેદ ભણતા નથી. જેઓ જીવને બચાવે છે તેઓ મનને મારતા નથી. આવી રીતે દુનિયાંની દરેક બાબતોમાં સમજવાનું છે. અને તે ઉપરથી શિખવું જોઈએ કે, ખરા ધર્મનો એક અંશપણ આપણે પૂરેપુરો પાળી શકતા નથી. ત્યારે પૂરો ધર્મ પાળવાની તો વાતજ ક્યાં રહી ? માટે બેહેતરતો એજ છે કે, આપણી ઈચ્છાજ પ્રભુને સોંપી દેવી, એટલે બધું અપાઈ ચૂક્યું. કારણ કે એ બધા ધર્મો ઈચ્છાના છે. અને આપણી ઈચ્છાજ આપણે પ્રભુને આપી દીધી એટલે પછી આપણી પાસે બીજું આપવાનું રહ્યું જ શું ? આપણી પાસે જયારે કાંઈ પણ બીજું આપવાનું બાકી નજ રહે ત્યારેજ પ્રભુ ખુશી થાય છે. કારણ કે સર્વ ભાવથી સર્વસ્વ અર્પણ કરવું એજ આપણા ઉત્તમ ધર્મનો મહાન સિદ્ધાંત છે. અને પ્રભુને પામવાનો એ જ સહેલામાં સહેલો રસ્તો છે. માટે ભાઈઓ ? જો તમારે ખરૂં અર્પણ કરવું હોય, સત્ય બલિદાન આપવું હોય અને ખરેખરું અર્પણ થઈ જવું હોય તો બીજી બધી માથાકુટ છોડીને પ્રભુને તમારી ઈચ્છાઓ અર્પણ કરો. એટલે કે હું પણું છોડીને દાસભાવથી પ્રભુની ઈચ્છાને આધીન થાઓ.

ઈશ્વરની દયા.

આપણાં પવિત્ર શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે ખુલી રીતે કહ્યું છે કે, જે અહીં આપણા ભાઈબંધો ઉપર તથા બીજાં પ્રાણીઓ ઉપર દયા રાખશે તેઓ દયાના સાગર, કરૂણાના ભંડાર, આનંદના સ્વરૂપ અને પ્રેમના અવતાર મહા મંગળકારી પ્રભુની દયા પામશે. જેઓ અહીં પ્રભુના જીવો ઉપર દયા નહીં કરે તેઓ પ્રભુની દયા પામી શકશે નહીં. આ કાંઈ માત્ર કલ્પીત વાતો નથી પણ જો આપણે વિચાર કરીએ તો અહીંજ- આપણી નજર આગળજ- આપણા રોજના અનુભવમાં એ વાત આવી શકે તેમ છે. કોઈપણ મોટા કે સારા માણસને લો, અને જુઓ કે તેની મ્હોટાઈ તથા તેનું સારાપણું શાથી છે ? શા માટે આપણે પરદુખ ભંજન વિર વિક્રમનો સંવત ચલાવીએ છીએ ? તેણે દુઃખીઓની ઉપર દયા કરી હતી માટેજ. શા માટે આપણે મહાદાનેશ્વરી

કર્ણને યાદ કરીએ છીએ ? ગરીબો ઉપરની તેની દયા માટેજ. શા માટે આપણે શ્રી કૃષ્ણ ભગવાનને ભગવાન માનીએ છીએ ? તેઓએ દયા કરીને અનેક રસ્તે જીવોને તાર્યા ને નરકમાં પડતાં બચાવ્યા માટેજ. કરશનદાસ મહારાજને કેમ યાદ કરીએ છીએ કારણ કે એ લોખંડી પુરુષ હતા અને ગરીબોના આંસુ લુછતા હતા અને સોળે કળાએ ખીલેલા હતા જેથી આપણી ઉપરની એ દયાને માટે જ આપણે તેને પ્રભુ સમજીએ છીએ. આવી રીતે કોઈપણ માણસને કે દેવને લ્યો, અને તેમાં દયા તમોને પહેલી દેખાશે. તેઓએ જે જે મોટાં કામો કર્યા હશે તે દયાને લીધે જ એટલું જ નહીં પણ જ્યારે તેઓના હૃદયમાં દયા રૂપે પ્રભુ આવ્યા ત્યારે તેઓ મ્હોટા કામો કરી શક્યા છે. કારણકે પ્રભુએ કહેલું છે કે જેઓ દયા કરશે તેઓ દયા પામશે. માટે જો જીંદગીનો સદ ઉપયોગ કરવો હોય, દુનિયામાં ભલા થવું હોય, પ્રભુમય જીવન ગાળવું હોય, અને મોક્ષના ધામનાં સુખ જોતાં હોય તો સર્વ શક્તિમાન મહાન પ્રભુની દયા મેળવવા માટે આપણા ગરીબ ભાઈઓ ઉપર પ્રભુને અર્થે દયા કરો.

આપણે પાપ કરીએ તો એની ડબલ શિક્ષા થાય છે :

આપણે જોઈએ છીએ કે મ્યુનીસીપાલની ઓફીસ પાસે અને ગવર્નરના બંગલા પાસે પણ ઘોડાઓ ઉભે ઉભે મુતરી પડે છે. આપણે જોઈએ છીએ કે દેવનાં મંદિરો પાસે તથા બીજી પવિત્ર જગ્યાએ પણ ઢોરો ગલીચી કરે છે અને તો પણ તેઓને એવી ગંદકી કરવાને માટે શિક્ષા થતી નથી, કારણ કે તેઓમાં એ બાબતનું જ્ઞાન નથી, પણ એવી જગ્યાઓમાં કોઈ માણસ એવી રીતે ગંદકી કરી તો તુરત તેને પોલીસ પકડી જાય છે. અને મેજીસ્ટ્રેટ તેને ઘટતી શિક્ષા કરે છે. એ શિક્ષામાં પણ એવો નિયમ છે કે, નાની ઉંમરનું છોકરૂં હોય તો તેને છોડી દે છે, રોગી હોય તો તેની ઉપરરહેમ કરે છે, કોઈ અજાણ્યો ગામડીયો હોય તો તેને ઠપકો આપીને છોડી મુકે છે, કોઈ લફંગાએ જાણી જોઈ એવી ઉંધાઈ કરી હોય તો તેને બાંધીને ફટકા મારે છે, અને કોઈ ગરીબ માણસે એવી ગલીચી કરી હોય તો તેને દંડ કરીને જતો મૂકે છે. પણ જો કોઈ મોટા ઓફિસરે એવી ભૂલ કરી હોય તો તેને તો બહુ મોટી શિક્ષા થાય છે. કારણ કે જેમ તેનો દરજ્જો મોટો તેમ તેની શિક્ષા પણ મોટી હોય છે. જેમ માણસોનું જ્ઞાન વધારે તેમ તેની જોખમદારીઓ પણ વધારે હોય છે.

ભાઈઓ ? આપણે પણ સત્સંગમાં ભળીને જેમ જેમ હવે ધર્મસબંધી વધારે બાબતો જાણતા જઈએ છીએ તેમ તેમ પાપથી બચવાની હવે આપણી પણ જોખમદારી વધતી જાય છે. હવે આપણાથી કાંઈ આપણા ભાઈબંધો સાથે સુલેહ ભંગ કરાય નહીં. એટલે કે ઉછીકા કજીયા લેવાય નહીં, કે કોઈને વીના કારણ લડાવી મરાય નહીં. ભલે આપણે વકીલની પરીક્ષામાં પાસ નથી થયા, પણ જ્યારથી આપણે આપણા ધર્મશાસ્ત્રો વાંચ્યા, ધર્મના મુખ્ય મુખ્ય નિયમો સમજ્યા, અને પ્રભુના હુકમો

પાળવાનું થોડું ઘણું બળ આવ્યું એટલે કે જરાતરા હરિજન થયા ત્યારથી પ્રભુએ આપણને આપણા ધર્મના વકીલ નિમેલા છે, માટે હવે આપણા ધર્મનાં મૂળતત્ત્વો સમજવાં, આપણા પવિત્ર ધર્મની વકીલાત કરવી અને મહાન પ્રભુના કાયદા આપણે પાળવા માટે સમજાવવા એ આપણું કામ છે. કારણ કે જ્યારથી આપણને ધર્મમાં રૂચી થઈ ત્યારથી પ્રભુએ આપણને ધર્મના વકીલ બનાવ્યા છે. જો કે આપણે કાંઈ બેરીસ્ટરની પરીક્ષામાં પાસ થયા નથી અને સરકાર તરફથી આપણને કાંઈ બેરીસ્ટરનો જભ્ભો મળેલો નથી પણ જ્યારથી આપણે શ્રીસદ્‌ગુરૂનું શરણું લીધું, જ્યારથી આપણે આપણા પ્રભુના પવિત્ર મંત્રની દીક્ષા લીધી અને જ્યારથી આપણામાં પ્રભુએ આપણને પોતાના બેરીસ્ટર નીમેલા છે. માટે જેમ પોતાના કુલનો બચાવ કરવા માટે બેરીસ્ટર મહેનત કરે છે તેમ આપણે આપણા ભાઈબંધોને પ્રભુના રસ્તામાં લઈ જવા માટે મહેનત કરવી જોઈએ. સરકારી બેરીસ્ટરો પોતાના કુલને જેલમાં જતાં બચાવી લે છે, પણ પ્રભુના બેરીસ્ટર - ભક્તોએ પોતાનાં કુલને બચાવી લે છે, તેના જભ્ભાની એટલે કે તેનાં બેરીસ્ટરપણાની વાહ વાહ થાય છે, તેમજ જે હરિજનો પોતાના ભાઈબંધોમાં ધરમ વધારે તેનાજ જભ્ભાની એટલે કે યાદ રાખજો કે જ્યારથી આપણે હરિજન થયા ત્યારથી આપણી જોખમદારીઓ વધી છે, જ્યારથી આપણે સત્સંગમાં ભળ્યા અને જ્યારથી આપણને ધર્મ ઉપર પ્રેમ થયો ત્યારથી જસ્ટીસ અને વકીલ બેરીસ્ટરનો પ્રભુએ આપણને હોદ્દો આપેલો છે. માટે હવે જો આપણે તનથી મનથી કે ધનથી કાંઈ પણ ગલીચી કરીએ તો એની શિક્ષા બહુ મોટી છે. કારણ કે હવે તો આપણે હરિજન થયા છીએ, હવે કાંઈ આપણે મુર્ખા નથી. જેનામાં અક્કલ નથી એવાં ઘોડાં ગધેડાંની ગંદકી માજીસ્ટ્રેટ માફ કરે, કાંઈ વકીલ બેરીસ્ટરની એવી ભુલ મેજીસ્ટ્રેટ માફ કરે નહીં, તેમજ દયાળુ ઈશ્વર પણ અજ્ઞાની જીવો ઉપર દયા કરશે પણ આપણે સમજતાં છતાં જાણી જોઈને પાપ કરીએ તો એ પાપની કાંઈ માફી મળવાની નથી એની શિક્ષા તો ઉલટી બેવડી છે, કારણ કે હવે તો આપણે પ્રભુના જસ્ટીસ વકીલ બેરીસ્ટર થયા છીએ, માટે જો હવે કોઈ ભૂલ થાય તો નાની સુની શિક્ષાએ છુટકો થાય તેમ નથી, એ યાદ રાખજો.

લોકો પાસેથી વધારે વ્યાજ લેવું એ નીચતા છે :

આ જમાનામાં માણસોનો એવો સ્વભાવ પડી ગએલો છે કે જે દબાણમાં આવી ગયું હોય તેને વધારે દબાવવું, જે તંગીમાં આવી પડ્યું હોય તેની તંગી વધારવી, જે ગરીબીમાં આવી પડ્યો હોય તેને ખાડામાં નાંખી દેવો અને જે ગરજવંતું હોય તેની ગરજનો ગેરલાભ લઈ લેવો એવો ધંધો આપણે સૌ થોડો ઘણો માંડી બેઠા છીએ, પણ એમ સમજતાં નથી કે એવી રીતની નીચતા કરવી એ મહા પાપનું કામ છે. આપણા

પવિત્ર ધર્મ શાસ્ત્રની મારફત મહાન પ્રભુનો આપણને એવો હુકમ છે કે ગરજવંતાઓને મદદ કરવી, તંગીમાં આવી પડેલાંઓને બચાવી લેવાં, ગરીબોની વ્હારે ધાવું, દુઃખીઓને દીલાસો આપવો અને જે પોતાના ધંધા રોજગારમાં, પોતાનાં કામ કાજમાં, પોતાના શરીરમાં, પોતાનાં ધનમાં કે પોતાની બુદ્ધિમાં શક્તિહીન થઈ ગયાં હોય તેઓને આપણાથી બની શકે તેટલો એવા ખરે વખતે ટેકો આપવો તેને બદલે હાલમાં શું થાય છે એ તમે ક્યાં નથી જાણતા ? નબળાં વરસોમાં જ્યારે ગરીબ લોકોને મદદ કરવી જોઈએ ત્યારે તેને બદલે એવે વખતે બેવડાં ચોવડાં વ્યાજ લે છે. અને અજ્ઞાન લોકોને દબાવીને મોંઘી કિંમતની વસ્તુઓ તેમની પાસેથી સસ્તા ભાવે ખરીદી લે છે. જેમકે કોઈ મજુરને તંગીને લીધે પોતાનો કાંઈ દાગીનો વેચવો હોય તો તે દાગીનો સતાણું ટચના સોનાનાં હોય તો પણ વેપારી તેને કહે છે કે આતો છાસીયું સોનું છે. એની તો માંડ માંડ અડધી કિંમત ઉપજશે. આવી રીતે જરૂરને વખતે ગેરવાજબી રીતે લોકોને ડબાવીને પોતાનું કામ કાઢી લેવું એ મહાપાપ છે. હાલના આપણા વેપારીઓ એમાં ડહાપણ સમજે છે અને એક બીજામાં વાતો કરે છે કે, ઠીક ઝપાટામાં આવ્યો છે. હવે બરોબર નીચોવશે. નહીં માને તો જશે ક્યાં ? હવે આપણે ક્યાં એવા ગાંડા છીએ કે સ્હેજમાં જ તો મુકીએ ? હવે તો જ્યારે આપણું મનમાન્યું થશે ત્યારે એને છોડશું આવી રીતે વરતવું એ કેવું નીચ કામ છે એ તમને ખબર છે ? જેમ કોઈ શ્રીમંત માણસ માંદો પડ્યો હોય; તેને એ વખતે ખુબ ગભરાવીને તેની પાસેથી નાણાં કઢાવવા સારુ તેની શક્તિ હરી લે ને તે વધારે માંદો પડે એવી ઈરાદાપૂર્વક ચાહીને ખરાબ દવા આપે એ ડૉક્ટર જેમ મહાનીચને મહાપાપી છે તેમ તંગીને વખતે - ગરજને વખતે આફતને વખતે લોકોને નીચોવવા, અને ભારી ભારી વ્યાજ લેવાં તથા બીજી રીતના ગેરવાજબી લાભ લઈ લેવા એ પણ તેવું જ મહાપાપ છે. માટે ભાઈઓ ? જો હરિજન થવા ચાહતા હોય અને મહા મંગળકારી પરમ પૂજ્ય પવિત્ર પિતાના સત્ય રસ્તામાં આવવા ઈચ્છતા હો તો પ્રભુ જેમ આપણી ઉપર દયા કરીને ખરે વખતે ઓચીંતી ગમે તે રસ્તે આપણને મદદ કરે છે તેમ આપણે પણ તંગીમાં આવી પડેલા ભાઈબંધો ઉપર દયારાખીને તેઓને ખરે વખતે યથાશક્તિ મદદ કરવી જોઈએ. એવે અણીને વખતે તેઓને નીચોવવાથી દુઃખીને દીલાસાને બદલે ઉલટું દુઃખ દેવાથી પ્રભુનો કોપ આપણી ઉપર ઉતરે છે. માટે ભાઈઓ ? કાળના પણ કાળ અને ભયના પણ ભય પ્રભુના કોપમાંથી બચવાની ફીકર રાખો. અને સર્વ શક્તિમાન દેવાધી દેવ પરમકૃપાળુ પરમાત્માની દયા મેળવવા માટે ગરજને વખતે આપણા ભાઈબંધો પાસેથી ગેરવાજબી લાભ લઈ લેવાની ઈચ્છા નહીં રાખતાં એવા ખરે વખતે તેઓની ઉપર દયા રાખી યથાશક્તિ તેઓને મદદ કરો.

મોજ શોખ કરવાં એ પાપ છે.

આપણા શાસ્ત્રોનો ઠરાવ છે કે આપણી ઉપર કોઈનું પણ કરજ રાખવું નહીં. કારણ કે જયાં સુધી માથે કરજ હોય ત્યાં સુધી સ્વર્ગના સુખ ભોગવી શકાતાં નથી આપણા લોકોમાં કહેવત છે કે, જે આપણી પાસે માગતો હોય તેનો બેલ બનીને પણ કરજ ચુકાવવું પડશે. આ કહેવત ઉપરથી આપણા બાપ-દાદાઓ માનતા કે સાત પેઢી સુધી પણ કરજ ચુકવ્યા વિના છુટકો નહીં થાયે. તેથી છોકરાંનાં છોકરાઓ અને તેનાં છોકરાંઓ પણ પોતાના દાદા-પરદાદાનાં કરજ ચુકાવતા હતા. એવી આપણા લોકોમાં નીતિ હતી તેથી કરજ કરતાં માણસો બહુ ડરતાં હતાં અને પોતાની સ્થિતિ પ્રમાણે કરકસરથી રહેતાં હતાં. પણ આજે તો મુદતના કાયદાઓ થઈ ગયા છે, લ્હા લેવાની કોરટો થઈ ગઈ છે, દીવાળું કહાડવાની શરમ મુકાઈ ગઈ છે એટલે લોકો કરજ કરતાં ડરતાં નથી. આપણી સરકારે મુદતના કાયદાઓ કહાડ્યા છે પણ યાદ રાખજો કે પ્રભુને ત્યાં કાંઈ એવી મુદતના કાયદાઓ નથી. ત્રણ વરસને છ વરસ ચાલ્યાં જાય એટલે અહીં આપણે કાયદાથી બચી શકીએ, પણ છ ભવ ચાલ્યા જાય તો પણ કરજ ચુકાવ્યા વિના પ્રભુના કાયદામાંથી કર્મના કાયદામાંથી છટકી શકીએ તેમ નથી. માટે ભાઈઓ ? બહુ મોજ શોખ કરતાં જરા સંભાળજો. વીલાયતી બીડીયોને વારે વારે ચાહ પીતાં જરાં વિચારજો. ઉચી કીનારીના ધોતીયાંને બારીક મલમલો વાપરાતાં પહેલાં જરા ખીસું તપાસવાની મહેરબાની કરજો. સેંટપોમેટમને ઉંચાં બુટ છત્રીઓ વપરાતાં તમારી સ્થિતિ તપાસજો. સરતોમાં જુગાર ખેલતાં અને બાઈસીકલો દોડાવતાં પહેલા તમારી ચાલુ આવક તપાસજો. કાંઈ ઈસ્કીટટુ થઈ મેળાઓમાં ખરીદી કરતાં અને વારે વારે નાટકો જોવા જતાં પહેલા તમારી ફરજો તપાસજો. નવા નવા મસાલા વાળી પાનની પટીઓ ચાવતાં તથા નવીનવી જાતના પીણાંઓ પીતાં પહેલા તંદુરસ્તીનો વિચાર કરજો. યુરોપીયનોની વાંદર નકલ કરતાં તથા દેખાદેખીના ઉડાઉ ખરચો કરતાં પેહેલાં તમારા કુળની આબરૂ તરફ જોજો. સારૂં લગાડવા સારૂ નાતવરા કરતાં તથા બડેખાં બનવા માટે ફોગટના ઉડાઉ ખરચો કરતાં પહેલા કરજદાર ન થઈ જાવ એ સંભાળજો. અને ખોટી ખોટી મોટી મોટી આશાઓમાં રહી બાપમરે ને ચાચો મરે ચોગણા લખી આપી લાખના બાર હજાર કરતાં પહેલાં કાંઈક જરા વિચાર કરજો.

બહેનો ? તમે પણ લુગડાં ઘરેણાં સારૂ કરીને સાસરાં સાથે કજીયા કરતાં પહેલા વિચારજો આણાં પીયાણાં વખતે ભાઈ બાપ સાથે કરીયાવર માટે ખેંચતાણ કરતાં પહેલાં તેમનું ગજું તપાસજો. તમારી સુંદર સાડીઓની ઝલકદાર કોરો અને તમારી ચોલીયોનાં ફેશને બલ ફુમટાંઓ સારુ કરીને ધણીનું લોહી ન પીવાય એ સંભાળજો. તમારાં છોકરાઓના જીકનાં ને જરીનાં કોટ પાટલુન બનાવવા સારું કરીને તમારા વરને કરજ કરવું ન પડે એ તપાસજો. રોજ રોજ બદલાતી નવી નવી

ફેશનની બંગડીઓ, અને નવી નવી બાનકનાં કપડાંઓ પહેરી પરીયો જેવી થઈને ફરતાં પહેલાં ધણીની આબરૂ ન જાય એ વિચારજો, અડધા અંગ ઉઘાડાં દેખાય એવા બારીક કુમાસનાં કપડાંઓ અને નાટકી ડ્રેસની નકલ કરી સાવળીંગાની પેઠે ચટક મટક ચાલતાં પહેલા તમારાં કૂળની આબરૂ તરફ જોજો. ઘરમાં હીંડોળાખાટ ઉપર હીંચકા ખાતે ખાતે અને સહીપણીઓ સાથે રમતગમતની વાતો કરતે કરતે મનમાં મોજ શોખના જે જે તરંગો ઉઠે તેને પોતાની સ્થિતિ વિગ્રીને કાબુમાં રાખતાં શીખજો. ઘરમાં નવરાં બેસી રહી ગામ ગપાટા હાંકતાં ને સગાં વ્હાલાંની નીંદા કરતાં જરા દયા ખાજો. ભરવા ગુંથવાનું કે લખવા વાંચવાનું શીખી તેને કાંઈ મદદગાર થઈ પડાય તેમ કરજો અને મોજ શોખ સારું કરીને, જરાક લટકોમટકો કરવા સારું કરીને, ગેરવાજબી રીતે નાતવરા કરી કરજમાં નાંખી ધણીને નરકની ટીકીટ અપાવતાં પહેલાં પ્રભુને ખાતર કાંઈક વિચાર કરજો. કારણ કે કરજ મહાબુરૂં છે. અને આપણે ત્યાં મુદતનાકાયદાઓ તથા લ્હાલેવાની કોરટો છે. પણ હરિની હજુરમાં ઈજસાફની વખતે કાંઈ આપણાથી દીવાળું કહાડી શકાય તેમ નથી અને જમદુતની પાસે કાંઈ મુદતના કાંયદાઓ નથી, માટે ભાઈઓ અને બહેનો ? મોજ શોખ સારૂ કરજ કરી નરકની ટીકીટ લેતાં પહેલાં તમારા આત્માને અર્થે અને સર્વ શક્તિમાન મહાન પ્રભુને અર્થે કાંઈ જરા તરા પણ વિચારજો.

સીડીનું એક એક પગથીયું :

હાલના વખતમાં ભક્તિથી રહીત શુષ્ક હૃદયના કેટલાક લોકો કહે છે કે, માળા ફેરવવામાં શું વળે ? એ તો વખત ગુમાવવાનું છે ને નવરાના ધંધા છે. એમ રામ રામ કર્યે કાંઈ કલ્યાણ થઈ જાય નહીં.

ભાઈઓ ? આવી વાતો સાંભળીને તમે નામસ્મરણ છોડી દેશોમાં, પણ મહાન પવિત્ર પ્રભુનાં મંગળકારી નામમાં કેવો અલૌકીક આનંદ છે અને તે માટે ભગતો શું કહે છે એ સાંભળવાની જરા મહેરબાની કરજો. એમને એમ ઉતાવળા થઈને એક બાજુ જોઈનેજ પરમ કલ્યાણકારી પ્રભુના પવિત્ર નામસ્મરણમાં શ્રદ્ધા કરશો.

મહાત્માઓ કહે છે કે, મહામંગળકારી પરમકૃપાળુ પ્રભુના પવિત્ર નામની શુદ્ધ હૃદયથી માળા ફેરવવી એ આપણાં કલ્યાણનો સહેલામાં સહેલોને સાચામાં સાચો રસ્તો છે. કારણ કે પ્રભુને પામવાના રસ્તામાં માળા એ સીડી છે અને તેના દરેક પારા તે એ સીડીનું એક એક પગથીયું છે. ભાઈઓ ? સમજ્યા ? માળા એ સ્વર્ગની નીસરણી છે, અને તેના દરેકપારા એટલે કે પ્રભુનું એકેએક પવિત્ર નામ એ તેનાં પગથીયાં છે, માટે જો સ્વર્ગનાં અલૌકીક સુખડાં ભોગવવાં હોય, અને સર્વ વ્યાપક સત્ચિદાનંદના અનંતકાળના અખંડ આનંદ ભોગવવા હોય તો મહાનપ્રભુના પવિત્ર નામનું પૂર્ણ

પ્રેમથી હમેશાં સ્મરણ કરવું જોઈએ. પ્રભુના નામ સ્મરણમાં નથી એક પાઈનું પણ ખરચ કે નથી કાંઈ સખ્ત મહેનત, એ તો સૌ લોકોથી કોઈ પણ કાળમાં, કોઈપણ દેશમાં રહીને પણ બની શકે તેમ છે. એટલું જ નહીં પણ પ્રભુએ તો એમ પણ કહેલું છે કે, પ્રેમ પૂર્વક પ્રભુના પવિત્ર નામની માળા ફેરવો, કારણ કે યાદ રાખજો કે, તમારે માળાના લાકડાં કે પથ્થર સામે જોવાનું નથી પણ કલ્યાણકારી પ્રભુનાં મંગળનામ તરફ જોવાનું છે, માટે માળાનેસ્વર્ગની નીસરણી અને તેના પારાને એ નીસરણીનું એક એક પગથીયું સમજજો, અને જેમ એ પગથીયાં વધારે ચઢાય તેમ ઈશ્વરની વધારે નજીક જવાય છે એમ ખાત્રી રાખજો.

પ્રભુનું નામ સ્મરણ કરવું એ મુખ્ય સાધન છે :

સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ કહે છે :

સોધન સંચો બાપડે, જેમાં કોઈ ન ઘાલે હાથ રે,
જનમ મરણ ગંજે નહિ, પછી મૂવે તે આવે સાથ રે.
અમી પીધે વિષ ઉતરે, જળ પીધે તરસ બુઝાય રે,
ભોજન લીધે જેમ ક્ષુધા ભાંગે, તેમ હરિનામે પાતક જાય રે

કળીયુગમાં માળા એ મુખ્ય સાધન છે કારણ કે હાલના જમાનામાં બીજાં કઠણ સાધનો બની શકતા નથી. હાલના વખતમાં આપણી તબીયત નાજુક થઈ ગઈ છે, આપણા અસલી આચાર વિચાર બદલાતા જાય છે. રાજ્ય બદલાઈ ગયાં છે. ધર્મમાં પણ ઘણા ઘણા મતભેદને ઘણાઘણા પંથો થયા છે. આપણે નવી પ્રજાઓના સહવાસમાં આવ્યા છીએ અને તેઓના જુદી જ જાતના આચાર વિચાર પણ કાંઈક કાંઈક આપણામાં આવતા જાય છે. આપણા અસલી ધર્મની સંસ્કૃત ભાષા હાલમાં ચાલતી નથી અને આપણને નીશાળોમાં ને કૉલેજોમાં જે ભણવાનું મળે તે પણ હાલના જમાનાના રંગ ઢંગ પ્રમાણેનું હોય છે, એટલે હાલમાં આપણે હઠયોગની ક્રિયાઓ કરી શકીએ તેમ નથી. આપણે રાજસૂય યજ્ઞ કે સોમયાગ કરી શકીએ તેમ નથી. આપણે પંચાગ્નીની ધુણીયો તાપી શકીએ તેમ નથી. આપણે પુરેપૂરા યમનિયમ પાળી શકીએ તેમ નથી. આપણે મહાત્મા બૌદ્ધની પેઠે ત્યાગી થઈ શકીએ તેમ નથી. આપણે જનકવિદેહીની પેઠે ઈશ્વર પરાયણ થઈ શકીએ તેમ નથી. આપણે મીરાંબાઈ કે સૂરદાસની પેઠે અનન્ય ભક્તિ કરી શકીએ તેમ નથી. આપણે ભક્તરાજ નરસિંહ મહેતાની પેઠે પણઅભેદ રાખી શકીએ તેમ નથી, અનેઆપણી પ્રપંચી વૃત્તિને અદ્વૈત જ્ઞાન પણ રૂચે એમ નથી, માટે હાલમાં તો આપણે માટે ખરેખરૂં એક જ સાધન છે, અને તે પરમકૃપાળુ પ્રભુનું નામ સ્મરણ છે. સાજાં, માંદા, નાનાં મોટાં ગરીબ, તવંગર, મુરખ, પંડીત ને દેશી કે પરદેશી સૌથી સૌ ઠેકાણે તે બની શકે તેમ છે, માટે આ જમાનામાં નામ સ્મરણ એ મુખ્ય ધર્મ છે. એ સિવાયના જે બીજા ધર્મો

છે તે જેનાથી બની શકે તેઓને માટે છે પણ કલ્યાણકારી પ્રભુના પવિત્ર નામનું મંગળ સ્મરણ એતો ખાસ સૌને માટે છે, એમાં ઉંમરનો બાધ નથી, દેશનો બાધ નથી, કાળનો બાધ નથી, નાતજાતનનો બાધ નથી, ધર્મનો બાધ નથી, રાજ્યનો બાધ નથી, સ્ત્રી પુરૂષનો બાધ નથી, અને એમાં કાંઈ ખાસ મહેનત કે ખરચની બાબત નથી એટલે બાળકથી વૃદ્ધ સુધી સૌ લોકોમાં પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી વગર હરકતે ચાલી શકે એવો તે સહેલો ધર્મ છે, માટે જ ઉંડા તત્ત્વજ્ઞાનથી ભરેલાં આપણાં શાસ્ત્રોએ પ્રભુના નામ સ્મરણને ઉત્તમ ધર્મ માનેલો છે. અને આખી પૃથ્વીની દરેક પ્રજાએ કોઈને કોઈ રૂપમાં આપણા પ્રાચીન ઋષિઓનો એજ ધર્મ સ્વીકારેલો છે, માટે જ શ્રી કૃષ્ણ ભગવાને કહેલું છે કે,

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम्
मम वर्त्मान वर्तंते मनुष्याः पार्थ सर्वशः

अ. ४ श्लो. ११

અર્થ જે માણસો જેવી રીતે મને ભજે છૈ તેને તેવી રીતે હું ફળ આપું છું.

હવે વિચાર કરો કે, આમાં ધર્મનો ભેદ ક્યાં રહ્યો ? આમાં નાતજાતનો ભેદ ક્યાં રહ્યો ? આમાં બહારની ક્રિયાઓનો ભેદ ક્યાં રહ્યો ? અને આમાં ધરારની તકરારો અને મફતની મારા મારી કરવાની વાત ક્યાં રહી ? આવી રીતે મહાન પ્રભુનાં પવિત્ર નામનાં સ્મરણની મારફત આખી દુનિયાની તમામ પ્રજા પ્રભુના રસ્તામાં જ છે, એમ વિચારીને બહારના ઉપલક મતભેદો છોડી દઈને જેમ બને તેમ પ્રભુના જશ વધારે ગવાય, પ્રભુની પ્રાર્થના વધારે થાય અને પ્રભુનું નામ સ્મરણ વધારે થાય તેમ કરો. કારણ કે એ મુખ્ય સાધન છે, અને આખી દુનિયાના કુલ ધર્મોનો તે સાર છે. માટે હ્રદયમાં પ્રેમ આણીને અનંત બ્રહ્માંડના નાથનું રૂડી રીતે સ્મરણ કરો.

પ્રભુનું નામ સ્મરણ કરવું ઉત્તમ યજ્ઞ છે :

શ્રીમદ્ ભગવદ્ગીતાએ આપણા પવિત્ર ધર્મનું ઉત્તમમાં ઉત્તમ પુસ્તક છે. કારણકે આપણામાં જુદા જુદા સેંકડો મતોને સંપ્રદાયો છે પણ તે સર્વે ભગવદ્ગીતાને પોતાનાં ધર્મ પુસ્તક તરીકે કબુલ રાખે છે. એટલું જ નહીં પણ દુનિયાની એવી કોઈપણ સુધરેલી ભાષા નથી કે જેમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું ભાષાંતર થયું ન હોય. જે લોકો પરદેશીયો છે, આપણા ધર્મથી વિરૂદ્ધના છે, અને પોતાના ધર્મ ઉપર ચુસ્ત છે તે લોકોના પંડીતો ગંભીર અવાજે ગીતાના વખાણ કરે છે. ટુંકમાં આખી દુનિયાના જુદા જુદા ધર્મના વિદ્વાનો ગીતાના ઉંડા જ્ઞાન માટે ઉંચો અભિપ્રાય ધરાવે છે. એવાં તત્ત્વજ્ઞાનના પુસ્તકમાં પણ શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે :

यज्ञानां जपयज्ञोऽस्मि.

અ. ૧૦ શ્લો. ૨૫

અર્થ સર્વે યજ્ઞોમાં જપ યજ્ઞ તે હું છું.

ભાઈઓ ? શું સમજ્યા ? પ્રભુ કહે છે કે બધી જાતના યજ્ઞો કરતાં પ્રભુનું નામ સ્મરણ કરવું એ ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે. પ્રભુના આ વચનો કરતાં નામ સ્મરણની જરૂરીઆત અને નામસ્મર્ણની મ્હોટાઈ માટે બીજી વધારે ખાત્રી આપણને શું જોઈએ ? બધી જાતના યજ્ઞો કરતાં નામ સ્મર્ણએ ઉત્તમ યજ્ઞ છે એમ પ્રભુએ કહેલું છે, માટે હવે આપણે એ સમજવું જોઈએ કે, બીજા ક્યા ક્યા યજ્ઞો છે ? ગીતાનાં ચોથા અધ્યાયમાં મહાત્મા શ્રીકૃષ્ણએ નીચે પ્રમાણે મુખ્ય બાર જાતના યજ્ઞ ગણાવેલા છે.

૧. બ્રહ્માર્પણ યજ્ઞ, એટલે કે દરેક કર્મ પ્રભુને અર્પણ કરવું, અને દરેક કર્મમાં પ્રભુને સમજવો.
૨. દેવયજ્ઞ, એટલે કે ઈંદ્રાદિક દેવતાઓને નિમિતે જે યજ્ઞ કરવામાં આવે છે તે.
૩. બધી જાતની ઈન્દ્રિયોને વશ રાખવી તે ઈન્દ્રીયનિગ્રહને યજ્ઞ કહે છે.
૪. ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે દુનિયાંદારીનાં સુખ ભોગવવાં તેને યજ્ઞ કહે છે.
૫. શાંતિથી મનની એકાગ્રતા કરીને આત્મધ્યાનમાં તન્મય થવું તેને યજ્ઞ કહે છે.
૬. દાનયજ્ઞ. યથાશક્તિ ગરીબોને દાન આપવું અને પ્રાણીયો ઉપર દયા રાખવી એ પણ એક જાતનો યજ્ઞ છે.
૭. તપયજ્ઞ, મહાન પ્રભુને અર્થે બની શકે એટલી સહન શીલતા રાખવી અને મોજ શોખની ઘણી વસ્તુઓ પોતાની રાજીખુશીથી છતાં સાધનોએ છોડી દેવી તેને તપ યજ્ઞ કહે છે.
૮. યોગયજ્ઞ, મહાત્મા પતંજલિ ઋષિના બનાવેલાંયોગ શાસ્ત્ર પ્રમાણે યોગ સાધવો, અને નિર્વિકલ્પ સમાધી પર્યંત પહોંચવું તેને યોગ યજ્ઞ કહે છે.
૯. વેદનો તથા બીજાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવો અને પ્રભુનો મહિમા ગાયા કરવો તથા પ્રભુની સ્તુતિનાં સ્ત્રોનો પાઠ કર્યા કરવો તેને સ્વાધ્યાય યજ્ઞ કહે છે.
૧૦. જ્ઞાનયજ્ઞ, સર્વ વ્યાપક અલૌકિક ઈશ્વરનું સત્ય સ્વરૂપ ઓળખાય એવું જ્ઞાન મેળવવું ને એવા આચાર વિચાર રાખવા તેને જ્ઞાનયજ્ઞ કહે છે.
૧૧. યોગની રીતિ પ્રમાણે પ્રાણાયામ કરવા તથા કુંભક કરવો તેને પણ પ્રાણને રોકનારો યજ્ઞ કહે છે.
૧૨. નિયમ પ્રમાણે ખોરાક ખાવો તથા થોડું ખાવું તેને પણ યજ્ઞ કહે છે.

પ્રભુ કહે છે કે, આવી જાતના ઘણા પ્રકારના યજ્ઞો વેદમાં વિસ્તારથી કહેવામાં આવ્યા છે, તે યજ્ઞોમાંથી કોઈ પણ પ્રકારનો યજ્ઞ જો રૂડી રીતે કરે તો તે કરનાર માણસનાં પાપ નાશ પામે છે. પણ વળી શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, આ બધા યજ્ઞો કર્મથી થયેલા છે. અને બહારની જુદી જુદી વસ્તુઓથી કરીને જે યજ્ઞ થાય તે કરતાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે કારણ કે સર્વ કર્મનું ફળ જ્ઞાનમાં સમાઈ જાય છે. માટે જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે.

જો કે ઉપર વર્ણવેલા બધા યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે એમ ચોથા અધ્યાયમાં પ્રભુએ કહેલું છે અને એમાં કંઈજ સંશય જેવું નથી, પણ એ પછી પરમદયાળુ પ્રભુએ આપણી ઉપર વધારે દયા કરી છે. અર્જુન જેવા મહાન ભક્તની શંકાઓ, ખેદ, અને અધીરતપણું જોઈને આપણા જેવા વ્યવહારિક માણસોની બુદ્ધી લાગણીઓ તેઓને ખુલ્લી રીતે સમજાઈ ગઈ, તેથી તેઓને લાગી ગયું કે, ઈશ્વરનાં અલૌકિક સ્વરૂપનું જ્ઞાન માણસો સેહેલાઈથી મેળવી શકશે નહી. માટે તેઓએ આપણી ઉપર ખાસ દયા કરીને દશમાં અધ્યાયમાં ફરમાવ્યું કે, "સર્વે યજ્ઞોમાં જપયજ્ઞ તે હું છું" કારણ કે તે સૌથી સેહેલાઈથી બની શકે તેમ છે. એટલું જ નહીં પણ એમાંથી અંતે જ્ઞાનયજ્ઞ પણ બની શકે છે. ઘણા એ મહાન ભક્તોએ કેવળ પ્રભુનાં નામ સ્મર્ણમાંથી જ જ્ઞાન મેળવી લીધેલું છે. માટે ભાઈઓ અને બહેનો ? આળસ મૂકીને વિશ્વાસ રાખીને શુદ્ધ અંતઃકર્ણથી ને પૂર્ણ પ્રેમથી તથા અંતરના ઉમળકાથી મહામંગળકારી **સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :**

તમે કરણી કરો હરિના નામની, કાયા ખેતી ખેડી વાવરે
જો હળ હાંકો વિશ્વાસથી, તેમ ક્ષેત્ર ચોખેરાં થાય રે
તમે હૃદયના હળ હાંકજો, તમે જીભ્યા ચવડું બેસાડ રે
સત્ય વચન એ બળદીયા, એમ કરી દિલનું કાશળ કાઢ રે

આનંદ સ્વરૂપ પ્રભુનાં પવિત્ર જ્યારે બંને ત્યારે સદાસર્વદા સ્મર્ણ કરો. કારણ કે એ સેહેલાંમા સેહેલો ને ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે. માટે પરમકૃપાળુ પરમાત્માના દુઃખનાશક નામનું સ્મર્ણ કરો. સ્મર્ણ કરો.

નામ સ્મરણ કરતાં જીવપણું મટી જઈને શિવરૂપ થઈ શકાય છે.

એક મહાત્મા સાધુ વારંવાર પોતાના શિષ્યોને ઉપદેશ કરતા હતા કે, જેમ બને તેમ હૃદયમાં ભગવદ્ આવેશ ભરીને પ્રભુનાં નામનું સ્મરણ કરો. મહાત્માની આ વાત તેના એક માથાં ફરેલ શિષ્યને ગમતી નહીં. તેને એમ લાગતું કે એકની એક વાત વારે વારે ગુરુજી શા માટે કહ્યા કહે છે ? એમાં નવું શું છે ? એતો સૌ જાણે છે. એમ વિચારીને પોતાથી ન રહેવાયું તેથી એક દિવસ ગુરુને કહ્યું કે, મહારાજ, તમે વારંવાર કહો છો કે પ્રભુનું સ્મર્ણ કરો, પ્રભુનાં નામ સ્મરણ કરો. પણ એ તો સૌ જાણે છે. એમાં તમે નવું શું કહ્યું ? અમે તો તમારી તરફથી કાંઈક વધારે સારા ઉપદેશની આશા રાખીએ છીએ.

એ સાંભળીને તે મહાત્માએ કહ્યું કે, બેટા તારો સવાલ બરોબર છે. પણ હમણા મને કામ છે માટે પછી જવાબ આપીશ. હમણાંતો તું આ મારી જુની ધાબળી છે તેમાંથી એક એક ઉનનો તાંતણો જુદો પાડ્યા કર. બે ચાર દિવસ થયા તો ધાબળીમાંથી ઉનના દરેક બાલ છૂટા પડી ગયા અને ઉનનો ઢગલો થઈ પડ્યોને

ધાબળી રહી નહીં. એ પછી તે ગુરુએએ શિષ્યને કહ્યું કે, બેટા, મારી જુની ધાબળી લાવ, ત્યારે તે શિષ્યએ કહ્યું કે, મહારાજ, હવે ધાબળી ક્યાંથી ? એનું તો ઉન થઈ ગયું. મહારાજે કહ્યું કે કેમ બને ? તું એક તાંતણો ઉનનો ખેંચતો હતો તો, એમાં કાંઈ આખી ધાબળી જાય કે ? મને તો મારી ધાબળી વિના નહી ચાલે, એમ કાંઈ વાસીદામાં સાબેલું જાય ? ઉનનો એક એક બાલ ખેંચવામાં કાંઈ આખું કંબલ જાય કે ? આ સાંભળીને તે શિષ્યે કહ્યું કે, મહારાજ, આવી શંકા કાંઈ આપને શોભે ? આ રહ્યો ઉનનો ઢગલો. એ ધાબળી તો શું પણ જો લાગુ રહીએ તો એક એક ઉન ખેંચતે ખેંચતે તો હજારો તાકાઓનું ઉન બનાવી નંખાય.

ત્યારે મહારાજે કહ્યું બેટા, જેમ એક એક ઉનનો તાંતણો ખેંચતાં ખેંચતાં ધાબળી મટીને ઉન થઈ ગયું તેમ એક એક પ્રભુનું નામ લેતાં લેતાં અંતે આપણે પણ જીવ મટીને શિવ થઈ શકીએ છીએ. ધાબળીમાંથી જેટલા તાંતણા ખેચીં લઈએ તેટલું ઉન જેમ તેમાંથી ઓછું થાય છે તેમ આપણે પણ પ્રભુનાં નામનું જેટલું વધારે સ્મરણ કરીએ તેટલી આપણા અંતઃઉકરણની વધારે શુદ્ધિ થાય તેટલા આપણે વધારે ઈશ્વરની નજીક જઈ શકીએ છીએ.માટે આપણે અંતરમાં પ્રેમ આણી આણીને નામ સ્મર્ણ કરવું જોઈએ. તું કહે છે કે એમાં શું નવી વાત ? પણ હું કહું છું કે, પ્રભુનું નામ સ્મર્ણ કરવું એ સદાય નવામાં નવીને જુનામાં જુની વાત છે, એ કરતાં વધારે સારો અને વધારે સહેલો ઉપદેશ મને તો કોઈ મળતો નથી, પણ જો તું કાંઈ નવું બતાવતો હોય તો તારી મહેરબાની. બચ્ચા, આજથી યાદ રાખજે કે પ્રભુના નામ સ્મર્ણ, પ્રભુના ગુણગાન, પ્રભુની પ્રાર્થના અને ભગવદ્ સેવા કરતાં ઈશ્વરી જ્ઞાન મેળવવાનો બીજો કોઈ ઉત્તમ રસ્તો આ દુનિયામાં છેજ નહીં. અને બીજું જે કાંઈ સાચું જ્ઞાન છે તે પણ નામ સ્મર્ણ, ગુણગાન, પ્રાર્થના, કે સેવા કર્યા પછી જ મળી શકે તેમ છે. માટે હજાર વાતની એક વાત એ છે કે, જેમ બને તેમ અને જ્યારે બને ત્યારે કોઈ પણ રસ્તે પ્રભુમય થવાની તજવીજ કરો. બચ્ચા, તને એમ લાગે છે કે, હું વારે વારે એની વાત એ વાત કહ્યા કહું છું તારી એ વાત સાચી છે, પણ એક કર્યા વિના અમારે બીજો ઉપાય નથી, કારણ કે તમે બધા જાણો છો કે નામ સ્મરણ કરવું એ બહુ સારું છે, પણ તમે તેમ કરતા નથી. માટે અમને વારે વારે એની એ વાતની ફરી ફરીથી તમને યાદી આપવી પડે છે. બીજું એકે ધાબળી જેમ ઉનમાંથી બનેલી છે અને તેમાંથી એક એક તાણો કરી ઉન ખેંચી લેતાં ધાબળીપણું મટી જઈને જેમ પાછું ઉન બની જાય છે તેમજ આપણો જીવ પણ બ્રહ્મમાંથી-ઈશ્વરમાંથી નીકળેલો છે. એટલે તેની આડાં આવતાં આવરણો દૂર થશે ત્યારે તે પણ પાછો ઈશ્વરમય થઈ જશે માટે આપણા આત્માને પરમાત્માનો મિલાપ થવામાં જે અડચણો દૂર કરવા સારું અને મોક્ષ મેળવવા સારુ આપણે જેમ બને તેમ ત્રિવિધ તાપ નાશક મહામંગળકારી પરમકૃપાળુ આનંદસ્વરૂપ શ્રીહરિના પવિત્ર નામનું સદાકાળ સ્મર્ણ કરવું જોઈએ અને આપણાં મનબુદ્ધિને

સર્વાત્મભાવથી તેના જ ધ્યાનમાં લગાડવાં જોઈએ.

પાપથી બચવા માટે રોજની ભૂલો તપાસ્યા કરો :

જે વેપારી પોતાના ચોપડાં દરરોજ તપાસ્યા કરે છે તેના વહેવારમાં ઝાઝી ગડબડ થઈ શકતી નથી. તેમજ જે માણસ દરરોજ પોતામાં રહેલા દોષોને જોયા કરે છે તે પણ કોઈક દીવસ સારા થઈ શકે છે. માટે અગાઉ થઈ ગયેલી ભૂલોનો પશ્ચાતાપ કરીને દયાળુ પ્રભુ પાસે પોતાના અપરાધો કબુલ કરી દરરોજ ખુલ્લા દિલથી તેની માફી માગવી જોઈએ. અને આજે આપણાથી શું ભૂલ થઈ છે તે જાણવા માટે દરરોજ રાતે સુતાં પહેલાં વિચાર કરવો જોઈએ, એથી પાપનું ખાતું ઓછું થતું જાય છે. અને ધરમનું ખાતું વધતું જાય છે, તેથી વખત જતાં પવિત્ર થઈ શકાય છે અને અંતે હરિની હજુરમાં અનંતકાળના મોક્ષધામમાં જઈ શકાય છે. માટે આપણી રોજની ભૂલો તપાસવાની ટેવ પાડો.

રાત્રે સુતાં પહેલા વિચાર કરો કે, મેં આજે કોઈને ગેરઈનસાફ તો નથી કર્યો ? આજે મારાથી કાંઈ જુઠું તો નથી બોલાઈ ગયું ? કોઈની નીંદા તો નથી થઈ ગઈ ? કોઈના ભલામાં આડી જીભ તો નથી વળી ? કોઈને ખોટી સલાહ તો નથી અપાઈ ? આજે કોઈનો જીવ દુભવ્યો છે કે નહીં ? આજે મારાથી કાંઈ બુરા વિચારો થઈ ગયા છે કે નહીં ? આજે મારે જે ફરજ બજાવવાની હતી તે રૂડી રીતે બજાવી છે કે નહીં ? આજે મેં કેટલી નકામી વાતો કરી છે અને કેટલી નકામી કુથલી સાંભળી છે ? આજે જે કરવાનું હતું તેમાંથી કેટલું મારાથી નથી બન્યું ? આજે મારાં સગાંઓ તથા મારા સમાગમમાં આવેલાં માણસોની સાથે હું કેમ વરત્યો છું ? આજે મેં ધર્મનું શું કામ કર્યું છે ? અને આજે મેં મહાન પ્રભુની પવિત્ર ભક્તિ કરવામાં કેટલો વખત ગાળ્યો છે ? આવી રીતે આપણે આપણા મનને દરરોજ રાતે સુતાં પહેલાં પુછવું જોઈએ. અને જો એમાં ક્યાંઈ પણ કાંઈ ગોટાળા જેવું લાગે તો એ ભુલ માટે ખરા દીલથી પશ્ચાતાપ કરી શુદ્ધ અંતઃકરણથી માફી માગવી જોઈએ. અને એ ભૂલ સુધારવાની જ્યારે બને ત્યારે જલદીથી તક લેવી જોઈએ. એટલું જ નહીં પણ આપણી ભૂલથી જો કોઈનું અપમાન થયું હોય, કે કોઈને કાંઈ પૈસા સંબંધી નુકસાની થઈ હોય તો તેનો આપણે બની શકે તેવી રીતે જ્યારે તક મળે ત્યારે યથાશક્તિ બદલો વાળી આપવો જોઈએ. એ હરિજનના લક્ષણ છે. અને એનું નામ ધર્મ છે, પણ એ બધું આપણી રોજની ભૂલો સમજવાથી થાય છે. માટે હમેશાં રાત્રે સુતા પહેલાં દીવસનાં કામોનો વિચાર કરી પ્રભુનું સ્મરણ કર્યા પછી તમારી આંખોને મીંચાવા દો. એટલે મહા ભયંકર પાપથી સહેલાઈથી બચી શકશો અને પ્રભુના કૃપાપાત્ર થઈ શકશો.

રોજની ભૂલો તપાસીને કાઢી નાંખવી જોઈએ :

અંતરમાં મલીન વિકારો ભરી રાખીને કાંઈ પ્રભુના રસ્તામાં ચાલી શકાય નહીં. માટે જો હરિજન થવું હોય, અને પરમ દયાળુ, સર્વ શક્તિમાન, અખંડાનંદ પ્રભુની હજુરના સુખ ભોગવવાં હોય તો અંતરના મલિન વિકારો દૂર કરવા જોઈએ. કારણ કે જેવી અંતરની વાસના હોય તેવા મનમાં વિચારો હોય છે, જેવા મનમાં વિચારો હોય તેવી મોઢેથી વાણી બોલાય છે, અને જેવી મોઢેથી વાણી બોલાય તે પ્રમાણેનાં દુનિયાદારીમાં કામકાજ થાય છે. માટે આપણા અંતરમાં જે બુરી વાસનાઓ ભરેલી છે અને જેને આપણે વ્હાલી કરીને આજ દીવસ સુધી છુપી રીતે ઉછરેલી છે તે બુરી વાસનાઓને તે જુનાં પાપોને આપણે આપણા અંતરમાંથી કાઢી નાંખવા જોઈએ. એ કહાડવાનો સહેલો રસ્તો એ છે કે, આપણે આપણી રોજની ભૂલો તપાસવી જોઈએ, એટલે જેમ અરીસામાં જોવાથી આપણા મ્હોડાંની ખામીઓ દેખાઈ આવે છે તેમ આપણી રોજની ભૂલો તપાસવાથી આપણાં નાનાં મોટાં પાપો દેખાઈ આવે છે. એ વખતે રોજની ભૂલો તપાસવાથી આપણને સમજાય છે કે, આ ઠેકાણે જવું મને વાજબી નહોતું. આ શબ્દો બોલવામાં મેં ઉતાવળ કરી છે, આ કામ આવી રીતે કરવું જોઈતું નહોતું. પેલા માણસ સાથે જરા છુટ મૂકીને વરતયો હોત તો સારું હતું. ફલાણી વાત સાંભળવાની મને કાંઈ જરૂર નહોતી. પેલા કામ માટે હું નથી ગયો એ મારી ભૂલ થઈ છે. આ જગ્યાએ મેં જરા વધારે પડતો લોભ કીધો છે. આજ મારો ઘણો વખત ફોગટ ગયો છે. પેલું કામ થઈ જાત પણ મારાં આળસથી રહી ગયું છે. આજે ભગવદ્ સ્મરણ થઈ શક્યું નથી એ મોટી ખોટ ગઈ છે. અને આજે હું મહાન્ પ્રભુને અર્થેકાંઈ ધર્મદાન કે રૂડાં કામ કરી શક્યો નથી પણ ઉલટા મારા મનમાં આજે એક બે પાપી વિચાર આવી ગયા છે. પ્રભુ ? બચાવ. બચાવ. હવે મને આવું શોભતું નથી. આવી ભૂલોમાંથી તે હવે હું ક્યારે બચીશ ? હે દિનદયાળુ પવિત્ર પિતા મને તારા શરણનું બળ આપ. બળ આપ. તારી કૃપા વિના હું આવી ભૂલોમાંથી બચી શકું તેમ નથી.

પુર્ણપ્રેમથી પ્રભુના નામનું સ્મરણ કરવું એ તપ કરવા બરોબર છે.

આપણે એમ સમજીએ છીએ કે, બહુ અપવાસ કરવા, બહુ વ્રતો કરવાં, ધુણીયો તાપવી, અને કાયાને બહુ બહુ કષ્ટી આપવી તેનું નામ તપ છે. પણ શાસ્ત્રો કહે છે કે હાલના જમાનાને માટે કાંઈ આવાં તપ નથી, કઠિન તપનો જમાનો તો ચાલ્યો ગયો છે. તેથી દરેક બાબતમાં લોકોની પ્રકૃતિ બહુ નાજુક થઈ ગઈ છે તેથી દરેક બાબતમાં લોકો ખાસ સગવડતા માંગે છે. હવે લોકોને દોરીકળશા બભે ઉપાડવા

નથી ગમતા પણ હવે તો માણસો દરેક જગ્યાએ ભીંત ગંગા માગે છે. હવે બાવન ચીજો ભેળી કરવાના ને ચાર પહોર ઉકાળવાના ઉકાળા લોકો નથી માંગતા, પણ હવે તો વખત વખતના લેબલ ચોડેલી દવાની તૈયાર બાટલીઓ લોકો માંગે છે, હવે લઠાંને પાણકોરાંનો ભાર લોકો ઉપાડી શક્તા નથી પણ હવે તો મલમલને નેનસુખ જોઈએ છે. હવે પગે ચાલીને જાત્રા કરવાની આપણામાં શક્તિ રહી નથી પણ હવે તો આપણે રે લવેને વિજળીની ગાડી માંગીએ છીએ.ઉપરા ઉપર દુકાળ પડવાથી જમીનના રસકસ ઘટી ગયા છે તેથી અનાજ તથા ઔષધીયો નિર્બળ થઈ ગઈ છે. આપણા કેટલાક બુરા રીવાજોને લીધે આપે એટલા બધા નબળા બાંધાના થઈ ગયા છીએ કે, હવે લાંઘણો કરવી આપણને પાલવે તેમ નથી. હવે તો આપણે એમ સમજવા લાગ્યા છીએ કે, જો શરીર નહીં સાચવીએ તો ઘડીકમાં બાર વાગી જશે. કારણ કે અસલના લોકો જેવી આપણામાં સહન શીલતા નથી અને એવી સહનશીલતા રહી શકે તેવાં સાધનો પણ હાલમાં નથી. પૌરાણિક વ્રતોના નિયમો બહુ ઉત્તમ છે પણ અંગ્રેજી કેલવણીએ આપણી પ્રજાનાં એવાં માથાં ફેરવી નાંખેલાં છે કે તે ઉપર પૂર્ણશ્રદ્ધા રાખી શકે એવા હજારોમાં કોઈક જ હોય છે, અને એવા હજારો શ્રદ્ધાળુમાંથી પણ કોઈક જ તે વ્રતો વિધિસર પાળી શકે તેવા હોય છે. કારણ કે હાલમાં આપણી શારીરિક નબળાઈ માત્ર સગવડતાને જ ચાહે છે, પણ એ જુની ઢબનાં વ્રતોમાં હાલના જમાના પ્રમાણેની સગવડતા સચવાય એ મુશ્કેલ છે, તેથી એવાં તપ આપણે સેહેલાઈથી કરી શકતા નથી. અને ભીખ માગવાનું કે ગુફામાં ભરાઈ બેસવાનું પણ હાલના લોકો પસંદ કરતા નથી પણ હવે તો આપણે લોકોને ઉપયોગી થઈ પડવા તથા ધંધા રોજગારમાં ફતેહ મેળવવા ઈચ્છા રાખીએ છીએ. આ પ્રમાણેના આપણી વૃત્તિમાં અને આપણા વ્યવહારમાં કુદરતી ફેરફારો થઈ ગયેલાં છે, એટલે અસલના બની શકશે નહી, એમ વિચારીને સંતોએ આપણા ઉપર દયા કરીને આપણા પવિત્ર શાસ્ત્રોમાં એમ ફરમાવેલું છે કે, "કળિયુગમાં પ્રભુનું નામ સ્મર્ણ કરવું એજ ઉત્તમ તપ છે" કારણ કે તેઓ સમજતા કે મનને રોકવું તથા ઈશ્વર પરાયણ થવું એ જ તપનો હેતુ છે. અને મહાન ઈશ્વરનાં પવિત્ર નામના અલૌકિક બળથી પણ વખત જતાં એ પ્રમાણે બની શકે છે માટે આર્યઋષિઓએ પ્રભુનાં શાંતિદાયક નામસ્મરણને તપ ગણેલું છે. જે કાળમાં જે સહેલી રીતે મનને રોકી શકાય અને જીવને ઈશ્વરમય કરી શકાય તે રીતોની તે જમાનાનું ઉત્તમતપ કહે છે. એ પ્રમાણે આજના વખતમાં જગત પાલક પિતાના મહામંગળકારી નામસ્મર્ણથી બની શકે છે તેથી હાલના વખતમાં નામસ્મર્ણએ ઉત્તમ તપ છે. માટે ભાઈઓ ? મનને હલકા વિષયોમાં ભટકતું અટકાવવા સારુ તથા જીવને ઈશ્વરમય કરવા સારૂં જેમ બને તેમ અને જ્યારે બને ત્યારે શુદ્ધ અંતઃકરણથી, પૂર્ણ પ્રેમથી, ને દઢ શ્રદ્ધાથી મહામંગળકારી અખંડ આનંદરૂપ અનંત બ્રહ્માંડ નાથનાં શાંતિદાયક નામનું સદાસ્મરણ કરો, સદાસ્મર્ણ કરો.

પ્રભુનું નામ સ્મરણ કરવાથી શું લાભ થાય છે

આ પુસ્તકમાં અને ભક્તિ માર્ગનાં બીજા પુસ્તકોમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે, પરમકૃપાળુ મહાન પ્રભુનાં પવિત્ર નામનું સર્વદા સ્મરણ કરો, સર્વદા સ્મર્ણ કરો. પ્રભુનાં શાંતિદાયક નામ સ્મરણ જરૂરિયાત દુનિયાનાં કુલ ધર્મોવાળા વધતાં ઓછા રૂપમાં સ્વીકારે છે એટલે ઘણુ કરીને સર્વ લોકો એ બાબતમાં કાંઈ પણ ઉંડા ઉતર્યા વિના સ્વાભાવિક રીતે જ માની લે છે કે નામ સ્મર્ણથી કલ્યાણ થાય છે. પણ કેમ કલ્યાણ થાય છે તે સ્પષ્ટ રીતે સમજાવી શકતા નથી. તે સમજાવવા **સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :**

પ્રેમ ભક્તિ તેને હૃદયે વસે, જે અંતર લેહ લગાએ રે
શ્વાસે ઉચ્છવાસે જપીએ જાપ જેમ કાને સુરત નવ જાય રે

નામ સ્મરણ એ એક પ્રકારનો સહેલો યોગ છે. પ્રાણયામ, ધારણા, ધ્યાન વિગેરે જેમ યોગની જુદી જુદી ક્રિયાઓ છે તેમ ઈશ્વરનું નામ સ્મરણ કરવું એ પણ યોગની એક ક્રિયા છે. પણ પ્રાણાયામ વિગેરે ક્રિયાઓ મુશ્કેલ છે એટલે તેમાં જોખમ પણ વધારે છે અને ફળ પણ વધારે છે. અને નામ સ્મરણની ક્રિયા બહુ સહેલી છે એટલે તેમાં જોખમ કાંઈ નથી છતાં પણ ફળ તેના પ્રમાણમાં બહું મોટું છે. માટે જ એકે એક ભગતોએ કોઈને કોઈ રૂપમાં નામ સ્મરણનો મહિમા કબુલ રાખેલો છે, યોગની બીજી ક્રિયાઓનો હેતુ જેમ મનની એકાગ્રતા કરવાનો હોય છે, વૃત્તિને સ્થિર કરવાનો હોય છે, અંતઃકરણને શુદ્ધ કરવાનો હોય છે, અને ઈશ્વર પરાયણ થવાનો હોય છે તેમજ ઈશ્વરનાં નામ સ્મરણથી પણ આગળ જતાં સ્વાભાવિક રીતે જ એ બધું થવા લાગે છે. પણ આપણને એ બધું હજી સુધી ખુલ્લી રીતે સમજાતું નથી તેનું કારણ એ જ છે કે, આપણે પ્રેમપૂર્વક જેટલું નામ સ્મરણ કરવું જોઈએ તેટલું સ્મરણ હજી સુધી કરેલું નથી એટલે તેની ખરી કિંમત આપણે સમજી શકતા નથી, પણ જો અંતરના ઉમળકાથી દઢતા પૂર્વક પ્રભુનાં મહામંગળકારી ત્રિવિધ તાપ નાશક નામ સ્મરણમાં અહર્નીશ મચ્યા રહીએ તો થોડા જ વખતમાં આપણને સ્પષ્ટ રીતે ખબર પડે કે,

જ્યારથી અમે પરમ કૃપાળુ મહાન પરમાત્માના મંગળકારી નામનું સ્મરણ કરવા લાગ્યા છી એ ત્યારથી મનમાં કાંઈક વધારે શાંતિમાં રહેવા લાગ્યા છીએ ત્યારથી અમારા વિકારો કાંઈક ઓછા થવા લાગ્યા છે. ત્યારથી દુનિયાદારીની નજીવી ખટપટોમાંથી અમારું ધ્યાન પાછું હટવા લાગ્યું છે. ત્યારથી જરાજરા કડવો ઘુંટડો ઉતારવાનું એટલે કે સ્હેજ ખમી ખાવાનું બની શકે છે.ત્યારથી મનમાં એમ લાગવાં માંડ્યું છે કે, હવે એવું કામ અમને ન શોભે. અને ત્યારથી અમને કાંઈક માનસિક આનંદ થવા લાગ્યો છે. એ પછી વધારે ઉંડા ઉતરતાં વધારે નામ સ્મરણ કરતાં

આપણને લાગી આવે છે કે, જ્યારથી અમારા હૃદયમાં પવિત્ર પિતાનું શાંતિદાયક નામ જામ્યું ત્યારથી અમારા વ્યવહારમાં સરળતા થતી જાય છે. ત્યારથી દુનિયાં સાથે અમારી ભાઈબંધી વધતી જાય છે. ત્યારથી ઘણી બાબતોમાં અમારી ઈચ્છા પ્રમાણે થતું આવે છે, ત્યારથી અમારા ખ્યાલો કાંઈક ઉંચા ઉંચા રહે છે. અને ત્યારથી ખાવા પીવાનો, રમવા ભમવાનો, નાત જાતના ઝઘડાનો, કપડાં લતાનો તથા સુવા બેસવાનો શોખ કાંઈક કાબુમાં આવી ગયો છે. એ પછી વખત જતાં નામસ્મરણનું બળ વધતાં આપણને સમજાય છે કે, હવે અમે ભગત બનતા જઈએ છીએ. હવે અમારાથી બુરાં કામ થઈ શકે નહી. હવે અમે પ્રભુને અર્થે કેટલીક જાતના ત્યાગ કરી શકીએ છીએ. નામસ્મર્ણથી આટલું બળ હૃદયમાં આવી ગયા પછી આપણે જોઈએ છીએ, કોઈ ચમત્કારીક રીતે આપણાં કામ સહેલાઈથી પાર પડતાં જાય છે, આપણે સદાય આનંદ આનંદમાં રહી શકીએ છીએ, બહુ દુઃખોમાં પણ આપણને મોટો ધક્કો વાગતો નથી. અને વ્યવહારની અટપટી જાળમાં રહ્યા છતાં પણ પરમાત્મા સાથેનો આપણો તાર તુટતો નથી. આટલું બધું પ્રભુનાં નામ સ્મરણના બળથી ટુંક વખતમાં સહેલાઈથી થઈ શકે છે. અને એવી આનંદદાયક સ્થિતિ જેની થયેલી હોય એવા કેટલાક ભગતો આપણી વચ્ચે પણ હોય છે. એ પછી નામ સ્મર્ણનું બળ વધતાં અલૌકિક વસ્તુઓનો પ્રત્યક્ષ લાભ મળે છે. પણ એ બાબતો હાલમાં આપણાથી સમજી શકાય તેમ નથી. કારણ કે એ સમજવા જેટલું હજી આપણે સ્મરણ કરેલું નથી માટે એ બાબતો અમે કહેતા નથી, પણ ટુંકામાં એટલું જ કહીએ છીએ કે, પ્રભુનાં પવિત્ર નામનું સ્મરણ એ એક જાતનો યોગ છે, એટલે યોગની તમામ સિદ્ધિયો તેમાં પણ છે. એ શિવાય મનની એકાગ્રતા, હૃદયનો સંતોષ, આત્મિક આનંદ અને કુદરતી પવિત્રતા સમર્થ પ્રભુનાં પવિત્ર નામમાં છે, માટે જ્યારે બને ત્યારે અને જેટલું બને એટલું અનંત બ્રહ્માંડના નાથના નામનું પ્રેમપૂર્વક સ્મરણ કરો. સ્મરણ કરો.

પ્રભુ કહે છે તમારાં અંતઃકરણો મને અર્પણ કરો.

ભાઈઓ ? આપણા પુરાણિક દાનોથી હાલમાં પાર પડાય તેમ નથી. કારણ કે હવે મામલો ફરી ગયો છે. હવેની પ્રજાના આચાર વિચાર બદલાઈ ગયા છે, રાજ્ય બદલાઈ ગયાં છે. કેળવણીનાં પુસ્તકોને ધારણો બદલાઈ ગયાં છે. ભાષા બદલાઈ ગઈ છે, અને દરેક રીતરીવાજોમાં શેળ ભેળખાતું થઈ ગયેલું છે. એટલે માલપુડાનાં સંપુટનાં, તલના લાડુનાં, કાસાની વાટકીનાં. કપડાંના રાતા પીળા કટકાનાં, કાળી ચૌદસનાં વડાંનાં, સંક્રાતની દોણીનાં, કે ગ્રહણની ધાણીનાં દાનમાં કાંઈ વળે તેમ નથી. હવે તો આ કળિયુગમાં પ્રભુનો એવો હુકમ છે કે, "તમારાં અંતરનાં દાન કરો." કારણ કે એવી નાની નાની વસ્તુઓથી સંતોષ પામે એવી હાલના માણસોની વૃત્તિ નથી. બીજું એ કે ચાલુ જમાનામાં માણસોનું આયુષ્ય ઓછું થઈ ગયેલું છે, તેથી

આપણને હવે જલ્દી મરી જવાનું છે, એટલે વિશ્વામિત્ર રૂષિની પેઠે આપણાથી કાંઈ સાઠ હજાર વરસનાં તપ થઈ શકે તેમ નથી. આપણાથી કાંઈ અશ્વમેધ યજ્ઞો થઈ શકે તેમ નથી. શીબી રાજાની પેઠે ધર્મને અર્થે આપણે કાંઈ આપણા શરીરનું માંસ આપી શકીએ તેમ નથી. દધીચી રૂષિની પેઠે આપણે કાંઈ પરમાર્થને ખાતર આપણા બરડાની કરોડના હાડકાંઓ આપી શકીએ તેમ નથી. સત્યને ખાતર મહારાજા હરિશ્ચંદ્રની પેઠે આપણે વહેચાઈએ તેમ નથી. વ્રજની ગોપીયોની પેઠે ભગવદ્ પ્રેમમાં ગાંડા બનીને આપણે કાંઈ ઘરબાર છોડીને ચાલ્યા જઈએ તેમ નથી. રાજપાટ છોડીતે ચાલ્યા ગયેલા મહાત્મા બૌદ્ધ પેઠે આપણને કાંઈ ઘડીકમાં વૈરાગ્ય આવી જાય તેમ નથી. હથેળીમાં રહેલાં આમળાંની પેઠે જેમ ભગવાન શંકરાચાર્યએ "બ્રહ્મ સત્યને જગત મિથ્યા" દેખાડી આપ્યું તેમ આપણે કદી વાતોમાં એ સમજીએ, પણ આપણી રહેણી કરણીમાં તે પાળી શકીએ તેમ નથી. શ્રીકૃષ્ણ ભગવાને જેમ અર્જુનને દિવ્યચક્ષુ આપીને સત્યજ્ઞાન બતાવી દીધું તેમ આપણને હાલના જમાનામાં યોગ વિદ્યાના બળથી કોઈ દિવ્યચક્ષુ આપી શકે તેમ નથી. અને જેમ બળીરાજા પાતાળમાં ચંપાણો તો પણ દાન આપવાની પ્રતિજ્ઞા છોડી નહિ તેમ આપણી પાસે બળીરાજાના જેટલું ધન પણ નથી અને હાલના વખતમાં આપણી એવી પ્રતિજ્ઞા નભી શકે એમ પણ નથી. માટે આપણી ઉપર દયા કરીને પ્રભુએ કહેલું છે કે, તમે તમારાં અંતરો મને અર્પણ કરો. એટલે મને બધું અર્પણ થઈ ચૂક્યું. આજના વખતમાં બીજો એકે ધર્મ તમે પુરેપૂરો પાળી શકશો નહીં. માટે સર્વાત્મ ભાવથી મને આધીન થઈ તમારાં અંતઃકરણો મને અર્પણ કરો, એટલે સહેલાઈથી તમારો ઉદ્ધાર થઈ જશે. તે માટે પ્રભુએ ખુલ્લી રીતે કહેલું છે કે,

तमेव शरणं गच्छ सर्व भावेन भारत
तत्प्रसादात्परा शांति स्थानं प्राप्स्यसि शाश्वत तम्

હે અર્જુન ? સર્વ ભાવથી એટલે બધી રીતે પુરેપૂરો આશરો રાખીને તેને જ (પ્રભુનેજ) શરણે જા. એટલે તેની કૃપાથી પરમ શાંતિને અને અખંડ સ્થાનને. પામીશ. આવી ખુલ્લી કબુલાત આપણને આપ્યા છતાં પણ આપણી ઉપરની તેની બેહદ દયાને લીધે તેની તૃપ્તિ થતી નથી , તેથી વધારે ભાર મૂકીને સ્પષ્ટ રીતે દ્રઢતાથી કહે છે કે,

सर्व धर्मान्परित्यज्य मामेकं शरण शरणं व्रज
अंहत्वा सर्व पापेभ्यो मोक्ष चिष्यामि माशुचः

અર્થ. બધાય ધર્મોને ત્યજીને તું એક મારે જ શરણે આવ. તું શોક ન કર. હું તને સર્વ પાપોથી છોડાવીશ. ભાઈઓ ? નાતના, જાતના, દેશના, કુળના, વરણના ને આશ્રમના બધા ધરમો ત્યજીને માત્ર પોતાને શરણે આવવાનું પ્રભુએ શા માટે કહ્યું ? કારણ કે પ્રભુ જાણે છે કે, ભગવદ્ આશરા બળવિના હાલના જમાનાનાં માણસો પુરેપૂરો એકે ધરમ પાળી શકશે નહીં. પણ આશરાના બળથી માણસોમાં નવું જીવન

આવે છે એટલે એ પ્રભુમય થયેલાં જીવનથી જમાના પ્રમાણે યથા શક્તિ કાંઈ કાંઈ બની શકે છે, માટે બની શકે તેવા રૂડા ધરમો આપણી પાસે પળાવવા સારૂ ભગવદ્ આશરાનું બળ રાખવાનું તથા આપણા અંતરો પ્રભુને અર્પણ કરીને દેવાનું મહાત્મા શ્રીકૃષ્ણ કહે છે. માટે ભાઈઓ અને બહેનો ? નાળીએર સોપારીનો અર્પણમાંજ નહીં રહી જતાં, તથા તલના લાડુ કે સંક્રાતની દોણીના દાનમાંજ નહી રહી જતાં અખંડ સત્ચિદાનંદ વિશ્વંભરનાથને આપણે સર્વભાવથી અર્પણ થઈ જઈએ તેમ કરો, અને પ્રેમ પૂર્વક આપણાં અંતરના દાન થાય તેમ કરો. એજ સાચું દાન છે ને એજ પ્રભુનો હુકમ છે. માટે જેમ બને તેમ કોઈ પણ રીતે અને ગમે તે ધરમમાં રહીને પણ પરમપવિત્ર પિતાને આપણા શુદ્ધ અંતઃકરણનાં દાન થાય તેમ કરો, એટલે તેમાંથી બીજા હજારો મોટાં દાનો થઈ શકશે. કારણ કે પ્રભુ પ્રેમમાં જગતના બધા પ્રેમ સમાઈ જાય છે. પ્રભુને અર્પણ થઈ જવાથી બધાં અર્પણો થઈ જાય છે. અને ઈશ્વરી આનંદમાં આખાં બ્રહ્માંડનો આનંદ સમાઈ જાય છે. માટે ઈશ્વરમય થવા સારું બહારનાં બળિદાનો છોડી દઈને પૂર્ણ પ્રેમથી શુદ્ધ અંતઃકરણ શરણનાં દાન કરો.

ભગવદ્ ઈચ્છાને આધીન થવામાંજ ભક્તિની પૂર્ણતા છે.

કોઈ પણ માણસમાં જ્યારે ભક્તિની શરૂઆત થાય છે ત્યારે ઈશ્વર ઈચ્છાને આધીન થવાનું વલણ તેનામાં આવતું જાય છે. એ પછી જેમ જેમ ભક્તિ બળવાન થતી જાય છે તેમ તેમ દઢતાથી ઈશ્વર તેના હૃદયમાં જામતી જાય છે, અને તેને આધીન થવાનું બળ આવતું જાય છે. એ પછી જ્યારે ભક્તિ પૂર્ણ રૂપમાં આવી જાય છે ત્યારે માણસ પોતાનું પોતાપણું ભૂલી જાય છે, તે પોતાના પ્રભુમાંજ તદાકાર થઈ જાય છે. તેના અંતરની વાસનાઓ બળી જાય છે તેના સંશયની ગાંઠો કપાઈ જાયછે. પ્રભુ ઈચ્છાની તેના અંતરમાં પ્રેરણા થયા કરે છે, અને જગતનાં હિતને માટેજ, પ્રભુમય થઈને જ તે દરેક કામ કરે છે, એટલે કોઈ પણ કર્મથી તે લોપાતો નથી. કારણ કે તે માત્ર પોતાને ખાતર જ નહીં, અને પોતાની મરજી પ્રમાણેજ નહીં, પણ પ્રભુને ખાતર અને પ્રભુની ઈચ્છા પ્રમાણે કરે છે, એટલે કર્મ કરતાં છતાં પણ તેને પાપ લાગતું નથી. આવું નિસ્પૃહિપણું પ્રભુની ઈચ્છાને આધીન થવાથી જ થાય છે અને એવી રીતે ઈશ્વર પરાયણ થઈ જવું તેનું જ નામ ખરી ભક્તિ છે. લોકાચાર પ્રમાણે દેશાચાર પ્રમાણે માત્ર બહારથી ટીલાં ટપકાં કરવાં, ઉપર ઉપરથી દેવ દર્શન કરવાં, લોભે લોભે નૈવેદ ધરવાં, છાંટાથી છોવાઈ જવું અને અંતરની બુરી વાસનાઓ છોડ્યા વિના-અધિકાર વિના-પ્રભુ વિના ત્યાગી થવું એનું જ નામ કાંઈ ખરી ભક્તિ નથી, પણ એનું નામતો ઢોંગ છે. અજ્ઞાનીઓને પાપ કહે છે. પ્રભુએ પણ કહેલું છે કે,

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन्
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्चते.

અર્થ. મનમાં વિષયોનું સ્મર્ણ કર્યા કરે, અને બહારથી હઠ કરીને આડંબર દેખાડવા સારૂં ઈન્દ્રિયોને વશ રાખવાનો ડોળ કરે, તે મહામુઢ છે. તે ખોટા આચાર વાળાને ઢોંગીને વશ રાખવાનો ડોળ કરે,

ભાઈઓ ? આ ખુદ પ્રભુનાં વચનો છે તે ઉપરથી સમજાશે કે બહારના ડોળ ડીમાક સાથે ખરી ભક્તિને કાંઈ લેવા દેવા નથી. ખરી ભક્તિ તો પ્રભુ પ્રેમમાં ને ભગવદ્ ઈચ્છાને આધીન થવામાં જ છે. જો કે બહારનાં ચિન્હો ને બહારનાં સાધનો પણ જરૂરનાં છે, તો પણ તે પ્રભુ પ્રેમથી જ શોભે છે. પ્રભુ પ્રેમવિના તેની કાંઈ કિંમત નથી. જો આપણામાં ભગવદ્ ઈચ્છાને આધીન થવાનું એટલે કે પ્રભુના હુકમો પાળવાનું બળ ન હોય તો ભક્તિનાં બહારના વેષથી કાંઈ આપણું કલ્યાણ થાય નહિં. માત્ર આપણે ભગત જેવા દેખાઈએ તેથી બીજા લોકો છેતરાયા એટલું વળે, બીજું કાંઈ તેમાંથી વળે નહીં. માટે જ પ્રભુજ પ્રભુ પ્રેમ વિનાના બહારના આડંબરને પ્રભુ ઢોંગ કહે છે. માટે ભાઈઓ ? બહારનાં ઉપર છરા ઢોંગ ધતુરાને છોડી જેમ બને તેમ ચોખા થઈને પ્રભુની ઈચ્છાને આધીન થવાની કોશીશ કરો.

પ્રભુની જયમાંજ આપણી જય છે

મહાત્માઓ હંમેશાં કહે છે કે, પ્રભુની જય થાઓ. પ્રભુની જયથાઓ. આખી દુનિયાનાં શાસ્ત્રો કહે છે કે પ્રભુની જયથાઓ. દેવતાઓ કહે છે કે પ્રભુની જયથાઓ. પ્રભુની જયથાઓ એમ મ્હોડેથી બોલીનેજ કાંઈ દેવતાઓ અટકતા નથી. પણ દરેક પળે એજ પ્રમાણે પોતાના જીવનમાં તેઓ અનુભવેલ છે. પ્રભુની જયથાઓ એટલે શું ? પ્રભુની જયથાઓ એનો અર્થ એટલોજ છે કે, પ્રભુની ઈચ્છા મુજબ થાઓ, પ્રભુની ઈચ્છા મુજબ ક્યારે થાય કે જ્યારે દુનિયાંમાં ધર્મ વધે ત્યારે. માટેજ ગલીએ ગલીએ ફરતા સાધુઓ આપણે ઉપદેશ કરે છે કે, ધર્મની જે. વૈશ્ણવો જ્યારે એક બીજાને સામા મળે ત્યારે જયશ્રીકૃષ્ણ, જયગોપાળ વિગેરે પ્રભુની જયના શબ્દો બોલે છે. વેદાંતીયો જયસત્ચિદાનંદ ધ્વની લગાડે છે. અને એવી જ રીતે બીજા સર્વ ધર્મવાળાઓ પણ કોઈને કોઈ રૂપમાં પ્રભુની જય થવાનાજ શબ્દો બોલે છે. પણ યાદ રાખજો કે જ્યાં સુધી આપણે પ્રભુની ઈચ્છાને આધીન ન થઈએ ત્યાં સુધી પ્રભુની જયના માત્ર ખાલી શબ્દો બોલવાથી કાંઈવળે નહીં, એમ "ઢમઢોલને માંહીપોલ" રાખવાથી કાંઈ પાર પડાય નહીં. પાણી પાણી કરવાથી પાણી પીધા વિના કાંઈ તરસ મટે નહીં, તેમ દીનતાથી પ્રભુને શરણ થઈ પ્રભુનાં હુકમો પાળવા વિના માત્ર મોઢેથી ઉપલક રીતે, લોકલાજે કે રીવાજને ખાતર પ્રભુની જય બોલવાથી કાંઈ પ્રભુની જય થઈ જાય નહીં. પણ જ્યારે આપણે પોતે પવિત્ર થઈને ધર્મ પાળીએ, અને દુનિયાંમાં ધર્મ વધે એવા ઉપાયો લઈએ ત્યારેજ પ્રભુની સાચી જય થાય છે. માટે ઓ હરિજનો ? બહારનાજ જયશ્રીકૃષ્ણમાં નહીં પડ્યા રહેતાં મહામંગળકારક પ્રભુની સાચી જય

થાય તેમ કરો. એટલે કે ભગવદ્ ઈચ્છાને આધીન થઈ દુનિયામાં સત્ય ધર્મને વધે તેમ કરો. અખંડ સત્ચ્ચિદાનંદ રૂપ પરમ મંગળ સ્વરૂપ પરમાત્માનો જય જયકાર બોલવાથી એટલે કે તેની ઈચ્છા મુજબ ચાલવાથી આપણને અને દુનિયાને શું શું ફાયદા થાય છે એ તમને ખબર છે ? પ્રભુની ઈચ્છા પ્રમાણે થવું એનું જ નામ પ્રભુની જય છે. પ્રભુની જય થવાથી એટલે કે પ્રભુની ઈચ્છાને આધીન થવાથી પ્રથમતો એ ફળ થાય છે કે શાંતિથી રહી શકાય છે. કોઈ પણ સ્થિતિમાં આનંદમાં રહી શકાય છે. સુખ દુઃખ ઓછાં થઈ જાય છે. ભગવદ્ રસ વધતો જાય છે. માયા છુટતી જાય છે. પ્રપંચ ઘટતો જાય છે. સરલતા આવતી જાય છે. વિકારો ઓછા થતા જાય છે. ભાઈબંધી વધતી જાય છે. જગતનું મિથ્યાપણું સમજાતું જાય છે. ધર્મ વધતો જાય છે. ઈશ્વરની નજીક નજીક જવાતું જાય છે. અને મોત આનંદથી થાય છે. આવા આવા હજારો જાતના આપણને પોતાને ફાયદા છે. એટલુંજ નહીં પણ તેની ભલી અસરથી આપણા ભાઈબંધોને, આપણા દેશને, આપણા ધર્મને અને આખી દુનિયાંને એટલા બધા ફાયદા થાય છે કે તેની આપણે ખરેખરી કલ્પના પણ કરી શકીએ નહીં. આ બધું ઈશ્વરની જય થવાથી થાય છે. કારણ કે પ્રભુની જયમાં જ આપણી જય છે. પણ તેમ વર્તીએ એટલે કે પ્રભુની ઈચ્છાને આધીન ન થઈએ એ તો આપણને આપણી જુદી જય ઈચ્છવી પડે. પણ એવી રીતે આપણી જય ઈચ્છવાથી ઈશ્વરથી વિમુખ થવાય છે. હવે વિચાર કરો કે ઈશ્વરથી વિમુખ થઈને આપણી જય કેમ થઈ શકશે ? અને કદી આપણી જય થાય તો પણ શું ? આપણી જય થવાથી ઘરમાં થોડાં હાંડલા વધશે, થોડાંક કપડાંના ડૂચા વધશે, થોડાક ઉંદરો વધશે, થોડાક પૈસા વધશે, થોડાક ખુશામતીયા વધશે, થોડાક ગાડી ઘોડા વધશે, થોડાક, થોડાક મોજશોક વધશે, થોડાક કજીઆ વધશે, થોડીક ઉપાધિ વધશે, અને થોડાક વિકારો વધશે તથા ઈશ્વરને ભૂલી જવાશે, અને બધું છોડી ચાલ્યું જતાં જીવ નહીં ચાલે નહીં ચાલે તેથી ઊલટું મોત બગડશે. આપણી જયથી તો આવું આવું ને એ કરતાં પણ બીજું ઘણું વધારે ખરાબ થશે. માટે ભાઈઓ ? આપણા સ્વાર્થની વાસનાઓ છોડી પ્રભુની ઈચ્છાને આધીન થાઓ. અને સદા સર્વદા મહા મંગળકારક પ્રભુની જય બોલાવો-પ્રભુની જય બોલાવો.

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

realpatidar.com

અમારા અન્ય પ્રકાશનો